CMYK

Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૫૭
તા.૦૩-૦૪-૨૦૧૮, મંગળવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર વદ - ૦૩
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૨ સૂર્યાસ્ત : ૦૬:૫૫

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૦ | વડોદરા | ૩૯.૬ |
| અમદાવાદ | ૪૦.૮ | સુરત | ૩૨.૨ |
| ગાંધીનગર | ૪૧.૦ | નલિયા | ૩૬.૪ |

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૧,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# ભારત બંધ હિંસક : છથી વધુના મોત, જનજીવન ઠપ્પ

**સુપ્રીમ કોર્ટના ચુકાદા સામેના વિરોધમાં દલિતો હિંસા ઉપર ઉતર્યા : પંજાબ સહિત કેટલાક રાજ્યોમાં સ્કુલ-કોલેજ અને વેપારી પેઢીઓ સંપૂર્ણપણે બંધ : વિસ્ફોટક પરિસ્થિતિ : પોલીસને ગોળીબાર કરવાની ફરજ, લાઠીચાર્જ**






નવી દિલ્હી

અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (એસસી - એસટી) એક્ટ પર સુપ્રીમ કોર્ટના હાલના નિર્ણય સામેના વિરોધમાં આજે ભારત બંધ દરમ્યાન વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે ભારત બંધ હિંસક રહેતા અનેક જગ્યાઓ ઉપર હિંસા થઈ હતી. આ હિંસામાં ઓછામાં ઓછા ૬ લોકોના મોત થઈ ચુક્યા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે. સાત રાજ્યોમાં સૌથી માઠી અસર જોવા મળી હતી. ભારત બંધ હિંસક બન્યા બાદ હિંસામાં છ લોકોના મોત થયા છે જે પૈકી મધ્ય પ્રદેશમાં પાંચ અને રાજસ્થાનમાં એક વ્યક્તિનું મોત થયું છે. ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, ઓરિસ્સામાં પણ વ્યાપક હિંસા થઈ છે. મધ્યપ્રદેશમાં હિંસા દરમ્યાન પાંચ લોકોના મોત થયા છે. રાજસ્થાનના અલવરમાં હિંસા દરમિયાન પોલીસ ગોળીબારમાં પવન કુમાર નામના વ્યક્તિનું મોત થયું છે. બીજી બાજુ મધ્યપ્રદેશના ગ્લાવિયર અને મુરૈનામાં ચાર લોકોના મોત થયા છે. કેટલાક વિસ્તારમાં સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. હજુ સુધી ૪૬૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન ટ્રેનો રોકવામાં આવી હતી. વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. ચક્કાજામની સ્થિતિ સરજવામાં આવી હતી. પોલીસ સાથે ઝપાઝપી થઈ હતી. પોલીસ ગોળીબારની ફરજ પડી હતી. હિંસક વિરોધ પ્રદર્શનના પરિણામ સ્વરૂપે જનજીવન સંપૂર્ણ રીતે ખોરવાઈ ગયું હતું. દેશભરમાં દલિત સંગઠનોના લોકો બંધ કરાવવા માટે બહાર નિકળ્યા હતા. કેન્દ્રિય કાયદા મંત્રાલય દ્વારા એસસી -એસટી એક્ટ પર સુપ્રીમ કોર્ટમાં ફેરવિચારણા કરવા માટેની અરજી દાખલ કરવાની મંજુરી

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### માનવને ખતમ ન કરે તેવું વિજ્ઞાન

આજના વિજ્ઞાનના વિકાસની એક વિચિત્રતા જાણી રાખવા જેવી છે. એ માણસના પ્રફુલ્લનને સંકોરે તેવી એક ભેટ ધરે તે સાથે માત્ર એનું પ્રફુલ્લન જ નહીં પણ એ પોતે ખતમ થઈ જાય એવી હજાર તરકીબો શોધી આપે છે. કેન્સરનો ઉપાડ જડશે ત્યારે જડશે પરંતુ મરવા માટે કેન્સરની ઝાઝી ગરજ ન રહે એવી ઘણી બાબતો વિજ્ઞાન આપણને આપતું રહે છે. આમ વિધાયક અને વિધ્વંસક બંને બાબતોને વિજ્ઞાનની મદદ મળે છે એ સાચું હોવા છતાંય વિધ્વંસક બાબતોની વિજ્ઞાનની મદદ વધારે મળતી હોય એવો વહેમ પડે છે.

આ વહેમ નથી, પણ હકીકત છે એમ માનવા માટે ઘણા પુરાવા જડે છે. જેમાંથી એકનો નિર્દેશ હું અહીં કરવા ધારૂં છું.

આંતરરાષ્ટ્રીય વિકાસની સમસ્યાઓના અભ્યાસ માટે નિમાયેલા એક સ્વતંત્ર કમિશનનો હેવાલ થોડા દિવસ પર બહાર પડ્યો. આ હેવાલનું નામ છેઃ ‘દુરિ-જેર : છ ક્ષિટ્ટિદ્ધદ્ધી કિ જેદ્દિદ્દુટ્ટુઞ્ગ.’ આ કમિશનના અધ્યક્ષ વિલિ બ્રાન્ટ હતા. હેવાલની પ્રસ્તાવનામાં વિલિ બ્રાન્ટે લશ્કરી શસ્ત્ર સરંજામ પાછળ થતો ખર્ચ માનવ વિકાસના માર્ગમાં કેવી રૂકાવટો ઊભી કરે છે તેની વાત કરી છે. દુનિયા આજે દર વર્ષે ૪૫૦ અબજ ડૉલરનો ખર્ચ લશ્કર પાછળ કરી રહી છે. વિકાસ માટે જે સત્તાવાર મદદ જુદા જુદા દેશોને આપવામાં આવે છે તે મદદનું પ્રમાણ જંગી ખર્ચના માંડ પાંચ ટકા જેટલું થવા જાય છેઃ થોડીક વિગતો આ રહીઃ

(૧) માત્ર અડધા દિવસના લશ્કરી ખર્ચમાંથી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનો મેલેરિયા- નાબુદી કાર્યક્રમ ચલાવી શકાય.

(૨) એક અદ્યતન ટેન્ક દસ લાખ ડૉલરની થાય છે. આટલા ખર્ચમાંથી એક લાખ ટન ચોખાનો સંગ્રહ કરવાની સુવિધા ઊભી થઈ શકે જેને પરિણામે દર વર્ષે ચાર હજાર ટન ચોખા સડતા બચે. એક માણસ એક રતલ ચોખા પર એક દિવસ નભી શકે. આ જ રકમમાંથી ત્રીસ હજાર બાળકો માટે એક હજાર વર્ગખંડો ઊભા કરી શકાય.

(૩) એક જેટ ફાઈટરની કિંમત બે કરોડ ડૉલર જેટલી થાય છે. આ રકમમાંથી ૪૦ હજાર ગામોમાં દવાખાના શરૂ થઈ શકે.

(૪) એક વર્ષના લશ્કરી ખર્ચના એક ટકા જેટલી રકમના અડધા ભાગમાંથી દુનિયા માટે ખેતીનાં સાધનો વસાવી શકાય જેથી ઓછી આવકવાળા રાષ્ટ્રોની અનાજની તંગી સન ૧૯૯૦ સુધીમાં નિવારી શકાય.

ગુણવંત શાહ

## બનાસ ડેરી ખાતે ૧૦૦૦ કિલો વોટ કેપિસિટી ધરાવતો સોલાર પ્લાન્ટ કાર્યરત



પાલનપુર

બનાસ ડેરીએ સોલાર યુનિટો સ્થાપીને દેશમાં નિર્મિત સોલાર પેનલનો ઉપયોગ કરીને વડાપ્રધાનશ્રીના ‘મેક ઈન ઈન્ડિયા’ના ઉદેશ્યને આગળ ધપાવવા માટે સફળ પ્રયત્ન કર્યો છે. તાજેતરમાં બનાસ ડેરી, પાલનપુર ખાતે ૧૦૦૦ કિલો વોટ(૧સ્ઉ) કેપિસિટી ધરાવતો સોલાર આધારિત વીજળી ઉત્પાદન પ્લાન્ટ કાર્યરત કરવામાં આવ્યો છે તેના લીધે પર્યાવરણની પણ જાળવણી થશે. બનાસ ડેરીના રાજ્ય બહાર પણ પ્લાન્ટો સ્થાપવામાં આવેલ છે જેમાં ફરીદાબાદ, કાનપુર અને લખનૌ પ્લાન્ટો ખાતે પણ ટૂંક સમયમાં સોલાર આધારિત વીજળી ઉત્પાદન કરવા માટેના યુનિટો કાર્યરત કરવા માટે પ્રયત્નો હાથ ધરવામાં

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠાના જિલ્લા કલેક્ટર અને ડીડીઓની બદલી

પાલનપુર

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફાર કરવામાં આવ્યો છે. જેમાં ૬૭ જેટલા આઈ.એ.એસ. અધિકારી ઓની બદલી કરવામાં આવી છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર દિલિપ રાણાની પણ બદલી કરાઈ છે. તેઓને આણંદ જીલ્લા કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર તરીકે સંદીપ સાંગલેની નિમણુંક કરાઈ છે. અને ડીડીઓ અમીત અરોરાની પણ બદલી કરાઈ છે. તેમની જગ્યાએ નવા ડીડીઓ તરીકે બી.એ.શાહને મુકવામાં આવ્યા છે.

## ડીસા હાઈવે પર લક્ઝરી બસને હેવી વીજ વાયર અડી જતા કંડકટરનું મોત

**ભોયણ પાસે લક્ઝરી બસ પાર્ક કરી કંડક્ટર બસની સફાઈ કરતો હતો**



ભરત સુંદેશા

ડીસા

ડીસા-પાલનપુર હાઈવે પર ભોંયણ નજીક ખુલ્લા પ્લોટમાં લક્ઝરી બસ પાર્ક કરી કંડકટર સફાઈ કરતો હતો ત્યારે લક્ઝરી બસને ઉપરથી પસાર થતી હેવી વીજ વાયર અડી જતા સફાઈ કરતાં કંડકટરનું વીજકરંટ લાગવાથી સ્થળ પર મોત નીપજ્યું હતું.

આ અંગેની વિગત એવી છે કે ડીસા થી સુરત નવસારી ની ડેઈલી સર્વિસ કરતી માન ટ્રાવેલ્સની લક્ઝરી બસ નંબર જી.જે ૩ એ.ડબ્લ્યુ.૯૮૭૯ સોમવારે સવારે ટ્રીપ પરથી આવ્યા બાદ ડીસા-પાલનપુર હાઈવે પર ભોંયણ ગામના પાટીયા સામે ખુલ્લા પ્લોટમાં પાર્ક કરી હતી. ડ્રાઈવરે લક્ઝરી બસ પાર્ક કર્યા બાદ કંડકટર યુનુસ લક્ઝરી બસની સફાઈ કરી રહ્યો હતો તે દરમિયાન જે સ્થળે બસ પાર્ક કરી તેની ઉપર થી ૧૧ હજાર કેવીની હેવી વીજ લાઈન પસાર થતી હતી.

અનુસંધાન પાના નં.૬

## કાંકરેજ તાલુકાના કાકર ગામે સગીરાની લાશ મળી તો કાકરાળામાં પરિણીતાની કરપીણ હત્યા




યશપાલસિંહ વાઘેલા, વિજય સિલ્વા

**કાકરમાં સગીરાની હત્યા કરાયાનો પરિવારજનોનો આક્ષેપ**

તા.પ્રતિનિધિ થરા/શિહોરી

બેટી બચાવો- મહિલા સશક્તિકરણ ઉત્કર્ષ જેવા અનેક કાર્યક્રમો કેન્દ્ર રાજ્ય સરકારના પ્રયત્નોથી કરી જાગૃતિ લાવવા પ્રયત્ન થાય છે પરંતુ ક્યાંકને ક્યાંક આવા અભિયાનોમાં તુટીઓ કે લોકો સુધી પહોંચી જાગૃતિ લાવવામાં નિષ્ફળ રહ્યા છે. ત્યારે જિલ્લાના સામાજિક શૈક્ષણિક રીતે પછાત એવા કાંકરેજ તાલુકાના શિહોરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગઈકાલનો દિવસ મહિલા માટે કારમા આઘાત જેવો રહ્યો હતો.

જાણવા મળતી માહિતીનુસાર શિહોરી પોલીસ સ્ટેશન વિસ્તારના સમોર માતાજીના ધામથી પ્રસિદ્ધ કાકર ગામની સીમમાંથી સગીર યુવતીની હત્યા કરાયેલી લાશ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે એવુ જાણવા મળે છે કે, કાકર ગામના લીલાભાઈ ડાહ્યાભાઈ રાવળ તાઃ ૧/૪/૨૦૧૮ ની રાત્રે પોતાના પરિવાર સાથે સુતા

અનુસંધાન પાના નં.૬

## બેસણું



### સ્વ.શ્રી મોતીભાઈ લાલાભાઈ ભાંગરા

(ચેરમેનશ્રી, રબારીવાસ દુધ ઉત્પાદક સહકારી મંડળી)

સ્વ.તા.૨/૪/૨૦૧૮

અમારા કુટુંબના વડીલ મોતીભાઈ લાલાભાઈ ભાંગરાનું દુઃખદ અવસાન તા.૨/૪/૨૦૧૮ ના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું સમાજના રીત રીવાજ મુજબ તા.૪/૪/૨૦૧૮ને બુધવારના રોજ અમારા ફાર્મ હાઉસ પર રાખેલ છે.

સ્થળ : ફાર્મ હાઉસ, રબારી વાસ ડેરીની પાછળ, રાણપુર (આ.વાસ) તા.ડીસા

લિ.

ભાંગરા લાલાભાઈ રાજાભાઈ (પિતા)
ભાંગરા પીરાભાઈ ચેહરાભાઈ (ભાઈ)
ભાંગરા રમેશભાઈ ચેહરાભાઈ (ભાઈ)
ભાંગરા હિતેશભાઈ મોતીભાઈ (પુત્ર)
ભાંગરા વેલાભાઈ મોતીભાઈ (પુત્ર)
ભાંગરા નિતેશભાઈ પીરાભાઈ (ભત્રીજા)
ભાંગરા જીગરભાઈ રમેશભાઈ (ભત્રીજા)
તથા સમસ્ત ભાંગરા પરિવાર, રાણપુર (આ.વાસ)

## ભાભર માર્કેટયાર્ડમાં ટ્રક ઉપરથી ગળે ફાંસો ખાધેલી હાલતમાં આધેડની લાશ મળતા ચકચાર

**મૃતકના હાથે રસી વિંટળાયેલી હોવાથી હત્યા કે આત્મહત્યાને લઈ તર્ક વિતર્ક**

(પ્રતિ.) ભાભર



વનરાજસિંહ રાઠોડ

ભાભર માર્કેટયાર્ડમાં એક ટ્રકમાં લીંબડાની ડાળીના સહારે ખુદ ટ્રક માલિકે આત્મ હત્યા કરતા અને મૃતકની લાશના હાથે રસી વીંટળાયેલી હોવાથી લોકોમાં આધેડની હત્યા? કે આત્મહત્યા જેવી અનેક શંકા- કુશંકાઓ સાથે અરેરાટી મચી ગઈ છે. પોલીસે આ બાબતે વધુ તપાસ હાથ ધરી છે. ઘટના સ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

જાણવા મળતી વિગત મુજબ કાંકરેજ તાલુકાના તેરવાડા ગામના મૂળ વતની અને છેલ્લા કેટલાક વર્ષોથી ધંધાર્થે કડીમાં રહેતા ભૂપતજી વહાજી ઠાકોર ઉ.વ. આ ૫૦ વાળાઓ કડી ખાતે ચામુંડા રોડ લાઈન્સના ધંધામાં પોતાના માલિકીની ચાર ટ્રકો ધરાવે છે. જે પૈકી ત્રણ ટ્રકો પોતાના ત્રણ પુત્રો ચલાવે છે અને એક ટ્રક પોતે ચલાવીને ઘરનુ ગુજરાન ચલાવતા હતા. તેઓ અવાર-નવાર ભાભર માર્કેટયાર્ડમાં ટ્રક લઈને માલનો ફેરો કરવા આવતા હતા. ગઈકાલે સવારે તેમની ભાભર માર્કેટયાર્ડની ઓફિસ સામે પોતાની ટ્રકમાંથી લીમડાના ઝાડના સહારે ગળે ફાંસો ખાંધેલ લાશ મળતા અરેરાટી મચી છે. મૃતકની લાશના બન્ને કમર સાથે રશી વીંટળાયેલ લાશ જોઈ લોકોમાં અનેક શંકા- કુશંકાઓ સાથે અરેરાટી મચી હતી. પોલીસે લાશનું પી.એમ. કરાવીને એડી નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પાલનપુરમાં રૂપિયા એક લાખ ઉછીના પરત આપવાના બહાને માતા - પુત્રનું અપહરણ

**મહેસાણા- અમરેલી સહિતના સ્થળોએ ગોંધી રાખી લગ્ન માટે દબાણ કર્યુ**

પાલનપુર

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કેશરપુરા ગામના શખ્સે ઉછીના લીધેલા રૂપિયા એક લાખ પરત આપવાના બ્હાને પાલનપુરની એક પરિણિતા અને તેના પુત્રનું અપહરણ કર્યુ હતુ. તેમજ તે બંનેને મહેસાણા, અમરેલી સહિતના સ્થળે ગોંધી રાખી લગ્ન માટે દબાણ કર્યુ હતુ. આ અંગે પરિણિતાએ પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે. મુળ રાજસ્થાન અને હાલ પાલનપુર આબુ હાઈવે નજીક આવેલી એક સોસાયટીમાં રહેતી પરિણિતાએ સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના કેશરપુરા ગામના રજનીકાંત લીમ્બાભાઈ પરીખને રૂપિયા એકલાખ ઉછીના આપ્યા હતા. જે પરત આપવાના બ્હાને તા. ૦૫-૧૧-૨૦૧૬ ના રોજ પાલનપુર હમીરબાગ વિસ્તારમાંથી હોન્ડા સીટી કાર

અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

**સૂર્યોદય - ૬.૩૨ સૂર્યાસ્ત - ૬.૫૫**

## તિથિદર્શન

ચૈત્ર વદ ૩ મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર વદ :ત્રીજ મંગળવાર નક્ષત્ર: સ્વાતી સવારે ૬.૨૨ પછી વિશાખા યોગ :વજ્ર કરણ : બવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) રાત્રે ૧.૧૧ પછી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### કતિયદિનપરમાયુષિ મદકારિણી યૌવને દુરાત્મનઃ વિદ્ધતિ તથા- પરાર્ધ જન્મૈવ યથા વૃથા ભવતિ

'યૌવન મદ આપનાર હોવા છતાં ગણ્યાગાંઠ્યા દિવસો જ રહે છે, તેમ છતાં દુર્જન લોકો માત્ર આટલા કાળમાં- યૌવનકાળમાં એવા તો અપરાધ કરે છે કે જેથી તેમનો આખો જીવનકાળ- જન્મ જ નકામો જાય છે.' બ્રહ્મચર્યાશ્રમનાં પ્રથમ પચ્ચીસ વર્ષમાં બાળપણના દિવસો (હવે દિવસો જ કહેવાય, કારણ કે પ્લે ગ્રુપથી માતા- પિતા જવાબદારી ફેંકી દે છે.) પછી શાળા - મહાશાળાના અભ્યાસક્રમો શરૂ થાય. બીજાં પચ્ચીસ વર્ષ યૌવનનાં - એમાં ઘરસંસાર અને પરિવારના ગુજરાન સાથે યૌવનની ઉજવણી, મોજશોખ અને સુખસુવિધા શોધવાનાં હવાતિયાં એમાં સાચાં -ખોટાં પણ કરવાં પડે! શિક્ષણ અને સંસ્કાર હોય તો તો વાંધો નહીં યૌવન પર લગામ રહે અને મન મર્યાદામાં રહે છે પરંતુ જો 'દુર્જન' ને આ યુવાકાળમાં મોકળું મેદાન મળે, શારીરિક તાકાત હોય, તો સમાજની કેટલીક મર્યાદાઓ ઓળંગી નીતિ- નિયમના ઉંબરને કૂદી જઈ , અપરાધના આંગણમાં પગ મૂકે છે. એક વખત મર્યાદા ઓળંગ્યા પછી અનીતિ લાજશરમ મૂકી દે છે. યુવાવસ્થામાં વર્ષો નકામાં જાય છે પછી પ્રૌઢાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં આ કર્મોનો બોજ ઉઠાવવો પડે છે, જીવન અને જન્મ વ્યર્થ ગયાની અનુભૂતિ થાય છે.

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)યશ, કીર્તિ પ્રાપ્ત થાય. પ્રિયજનથી મદદ મળે.**
**વૃષભ : (બ.વ.ઉ.) જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.**
**મિથુન : (ક.છ.ઘ.) કાર્યબોજમાં વધારો થાય. આર્થિક લાભની તક સાંપડે.**
**કર્ક : (ડ.હ.) મનોકામના પૂર્ણ થાય. સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.)એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય. ગૃહવિવાદ.**
**કન્યા : (પ.ઠ.ણ.) વિરોધીઓને પીછે હટ કરવી પડે.જૂના મિત્રોની મદદ મળે.**
**તુલા : (ર.ત.) મિલન-મુલાકાત નિષ્ફળ નિવડે. મન વ્યગ્ર રહે.**
**વૃશ્ચિક : (ન.ય.) કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે.**
**ધન : (ભ.ફ.ધ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. વિલંબ બાદ કાર્યમાં સફળતા મળે.**
**મકર : (ખ.જ.) હિતશત્રુઓથી સાવધ રહેવું. આરોગ્ય બાબતે સંભાળવું.**
**કુંભ : (ગ.શ.સ.)મનમાં બેચેની રહે. લાલચથી દૂર રહેવું હિતાવહ.**
**મીન : (દ.ચ.જ.થ.)આકસ્મીક ધન લાભ થવાની શકયતા. ધીરજના ફળ મીઠા મળે.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ભારતીય દળના જામનગરના રાજેન્દ્રસિંહજી પછીના બીજા ગુજરાતી સેનાધિપતિ જનરલ માણેકશાહની જન્મ જયંતી છે.

એમનો જન્મ તા. ૩-૪-૧૯૧૪ના રોજ અમૃતસરમાં થયો હતો.

૧૯૨૦ ના નવેમ્બરમા બદનામ થઈ ચૂકેલા લેફટનન્ટ જનરલ કૌલ પાસેથી માણેકશાહે નેફા મોરચે કાર્યભાર સંભાળી લીધો અને હતાશ થયેલા લશ્કરી સૈનિકોને કહ્યું ' મારા ફૌજી જુવાનો ! હું આવી પહોચ્યો છું' હતાશ સૈનિકોમાં આથી નવચેતન, આવ્યું. પછી અત્યંત મકકમ અને બુલંદ અવાજે એમણે કહ્યું : જવાનો ! આપણું સૈન્ય હવે કોઈપણ હિસાબે પાછું ફરવાનું નથી. તમે સૌ યા હોમ કરીને પડો, ફતેહ આપણી જ છે'

૧૯૬૯માં ભારતના સરસેનાપતિ થયેલા માણેકશાહ હાલમાં નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

### તા. ૦૩.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૩૩૩ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૨.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૨૭૧ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૩૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૪૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૨૨૨ પોઈન્ટ થી ૧૦૨૧૨ પોઈન્ટ, ૧૦૨૦૨ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૩૪૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૨.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૪૩૨ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૫૩૦ પોઈન્ટના પ્રથમ અને ૨૪૬૦૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૪૩૯૩ પોઈન્ટ થી ૨૪૩૬૦ પોઈન્ટ, ૨૪૩૦૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

### હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC બેન્ક (૧૯૩૭) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૧૯ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૯૦૯ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૫૨ થી રૂ.૧૯૬૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૭૨ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**HCL ટેક્નોલોજી (૯૮૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૭૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૯૫૭ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૦૦૩ થી રૂ.૧૦૧૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**રેયમોન્ડ લિમિટેડ (૯૩૦) :- રૂ.૯૧૯ નો પ્રથમ તેમજ રૂ.૯૦૯ ના બીજા સપોર્ટથી ટેક્ષટાઇલ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૪૪ થી રૂ.૯૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**સન ફાર્મા (૫૧૧) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૫૨૩ થી રૂ.૫૩૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૪૯૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**યસ બેન્ક (૩૦૭) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૮૮ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૩૧૭ થી રૂ.૩૨૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**HDFC લિમિટેડ (૧૮૪૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાઇનાન્સ સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૮૬૬ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૩૭ થી રૂ.૧૮૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૮૨ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ટેક મહિન્દ્રા (૬૪૩) :- રૂ.૬૬૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૭૪ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૬૩૦ થી રૂ.૬૧૯ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૮૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**જેટ એરવેઝ (૬૦૬) :- એરલાઇન્સ સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૩૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૯૦ થી રૂ.૫૮૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**એકસિસ બેન્ક (૪૯૯) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેકટરનો આ સ્ટોક રૂ.૫૧૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૮૬ થી રૂ.૪૮૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૪૪૮) :- રૂ.૪૬૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૭૨ ના સ્ટોપલોસે વેચવાલાયક ફાઈનાન્સ સેકટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૩૦ થી રૂ.૪૨૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૪૮૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

# વડગામના ભુખલા ગામે કપિસ હનુમાનજીના મંદિરે યજ્ઞ યોજાયો

પ્રતિનિધિ પિલુચા

વડગામના ભુખલા ગામે આવેલ શ્રી કપિસ હનુમાનજીની જન્મજયંતિની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી અને ચૈત્ર પૂનમને શનિવારે હનુમાન જયંતિના શુભ અવસરે ભુખલા ગામના સ્થાનિક નાગરિકોના યજમાન પદે યજ્ઞ રાખવામાં આવ્યો હતો.



જેમાં ભુખલા ગ્રામજનો તરફથી ભોજન વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. જ્યારે મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી દર્શન કરી અને ભોજન પ્રસાદનો લાભ લઈને ધન્યતા અનુભવી હતી. જ્યારે હનુમાન જયંતિના શુભ અવસરે રાત્રે ડી.જે.ના તાલે ગરબાનું આયોજન કર્યું હતું. જેમાં ભુખલા ગામના નાના-મોટા ભુલકાઓ, યુવાનો ગરબે ઝુમી ઉઠ્યા હતા.

# વડગામના વણસોલમાં શ્રી હનુમાન જયંતિની ધામધુમપૂર્વક ઉજવણી

તા.પ્રતિનિધિ વડગામ

ગત શનિવારે તા. ૩૧ મી માર્ચ ૨૦૧૮ ના રોજ વડગામના વણસોલ નગરે શ્રી હનુમાન જયંતિની ધામધુમપૂર્વક ઉજવણી કરાઈ હતી. તા. સંઘ ચેરમેન સરદારભાઈ આર.ધુળીયા, બી.કે. મેવાડા, કાંન્તિલાલ કે. મેવાડા, રાંમજીભાઈ વી. ધુળીયા, કેસરભાઈ એસ. કરણે પરંપરા મુજબ પૂજા અર્ચના કરી, ભગવાન હનુમાનજીની સ્તુતી કરી હતી. પંડિતો દ્વારા હોમાત્મક યજ્ઞ કરી, ભક્તજનોને શુભકામના પાઠવી હતી અને કેશરભાઈ એમ. ધુળીયા, ડોહજીભાઈ એમ. ધુળીયા, સરદારભાઈ માઢવાળા, રતુભાઈ એફ. ધુળીયા, જશુભાઈ રાતડા દ્વારા તમામ અતિથિઓ- ભક્તો- ગ્રામજનોને ભોજનપ્રસાદી પીરસવામાં આવી હતી.

શ્રી હનુમાન જયંતિ ઉત્સવનું સફળ સંચાલન જિલ્લા સહકારી અગ્રણી સરદારભાઈ આર. ધુળીયાએ કર્યું હતું.

# સોલંકીવાસ (જેનાલ) પ્રા.શાળાની શુભેચ્છા મુલાકાત

પ્રતિ. જેનાલ

બાળકોમાં અભ્યાસની સાથે ચારિત્ર્ય નિર્માણ તથા રાષ્ટ્રીય ભાવના ઉજાગર થાય આ સૃષ્ટિ રહેલાં પશુ, પક્ષીઓ અને પ્રકૃતિને પ્રેમ કરતાં થાય તેવા અનેક વિધ કાર્યક્રમો કરી રહેલી ડીસાની અગ્રગણ્ય સંસ્થા 'કલા સૃષ્ટિ ફાઉન્ડેશન ના પ્રણેતા ચંદુભાઈ એ.ટી.ડી.એ પોતાની ટીમસાથે ઈનોવેટીવ સર્જન માટે સોલંકી વાસ (જેનાલ)પ્રા.શાળાની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

આ શાળાને જિલ્લાની શ્રેષ્ઠ શાળાઓના સ્વચ્છતા અભિયાન માટે પસંદ કરીને ગૌરવ અપાવ્યું છે તેવા આચાર્ય અશ્વિનસિંહ સોલંકીને મોમેન્ટો તથા શાલ અને પુષ્પગુચ્છ આપીને સન્માનિત કરાયા હતા.

આ શુભ પ્રસંગે ડીસાના પ્રખ્યાત ફોટોગ્રાફર અનિલભાઈ જોશી ચિત્ર શિક્ષક નાથાલાલ બ્રહ્મક્ષત્રિય તથા મિત્રોએ ઉપસ્થિત રહીને શાળાની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

ચંદુભાઈ એ.ટી.ડી.એ ચકલીઓને માળા માટે રહી ગયેલાં બુટ ચંપલનાં બોક્ષમાંથી ચકલી ઘર કલાત્મક રીતે બનાવવાની સમજણ આપી આ ચકલી ઘર ઉપર અક્ષરો સુવાક્યો બેટી બચાવો, બેટી ભણાવો વ્યસનથી મુક્ત બનો, સ્વચ્છતા રાખો, પાણી બચાવો જેવાં સુત્રો લખીને કલાત્મક રીતે રજુ કર્યા હતાં.

અનીલભાઈ જોશીએ શાળાના પર્યાવરણના ફોટોગ્રાફસ લીધા હતા. તથા બાળકોને શીખામણ આપતાં સુવાક્યો વાર્તારૂપે રજુ કર્યા હતા.

ચિત્ર શિક્ષક નાથાલાલ બ્રહ્મક્ષત્રિયએ ચિત્રસર્જનની પાયાની વાતો સમજાવી હતી. આ પ્રસંગે પ્રકાશભાઈ સુથાર, પ્રહલાદજી પરમાર, મફાજી સોલંકી, ઉદાજી પરમાર, નાનજીભાઈ નાયી, દીનાજી સોલંકી, રમેશજી પરમાર ભરતભાઈ નાયી તથા પત્રકાર બી.ટી.દરબારે ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ડીસા સહિત જિલ્લામાં હવામાન પલટાયું : ગરમીમાં આંશિક રાહત



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ઉત્તર ગુજરાત સહિત બનાસકાંઠામાં વેસ્ટન ડિસ્ટબન્સના કારણે સીમવારે સવારથીજ વાદળછાયું વાતાવરણ સર્જાયુ હતું. સોમવારે મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી નોધાયું હતું .

ઉત્તર ગુજરાત સહિત બનાસકાંઠામાં છેલ્લા એક સપ્તાહ પૂર્વે હિટ વેવની સ્થિતિ સર્જાતા જન જીવન પ્રભાવિત થયું હતું. હિટ વેવના કારણે અંગ દઝાવડતી ગરમીના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા. ત્યારે સોમવારે વેટન્સ ડિસ્ટબન્સના કારણે ઉત્તર ગુજરાતમાં વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું

હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે આગામી ૪૮ કલાક સુધી વાદળછાયું વાતાવરણ રહે તેવી સંભાવના છે. સોમવારે ડીસાનું તાપમાન ૪૦ ડિગ્રી નોધાયું હતું.

# ધાનેરા પાલીકા પ્રમુખે ગાય માતાની આરતી કરી જન્મદિનની ઉજવણી કરી

## ગૌશાળામાં ગાય માતાની આરતી સાથે કરી

(તા.પ્રતિ.) ધાનેરા

ધાનેરામાં આવેલી સમૃદ્ધિ ગૌ ચિકિત્સાલય અને ગૌશાળા માં ગૌ ભકતો દ્વારા ધાનેરા નગર પાલિકાના પ્રમુખ બળવંતજી બરોટના જન્મ દિવસ નિમિત્તે ગાય માતાની સમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું . જે પ્રસંગે પાલિકા પ્રમુખ બળવંતજી બારોટ, ડો.એમ. એસ. અગ્રવાલ, ગોવિંદસિંહ રાજપૂત, ભીખાલાલ પુરોહિત સહિત આગેવાનો અને ગૌ ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગૌ માતાની આરતી કરવામાં આવી હતી અને ગૌમાતાની પ્રદક્ષિણા કરવામાં આવી હતી પાલિકા પ્રમુખ દ્વારા ગૌમાતાના સાનિધ્યમાં પોતાના જન્મ દિવસની ઉજવણી કરી એક નવો રાહ ચીંધવામાં આવ્યો હતો.

ગુજરાત એસ.ટી.નિગમ પાલનપુર વિભાગમાં

# એપ્રેન્ટીસ એક્ટ અન્વયે વિવિધ ટ્રેડની ભરતી કરાશે

પાલનપુર

વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. વિભાગીય કચેરી પાલનપુર દ્વારા અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે, ગુ.રા.મા. વા.વ્ય.નિગમ, પાલનપુર વિભાગમાં એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ પ્રવર્તમાન નિયમાનુસાર આઈ.ટી.આઈ. મોટર મિકેનીક વ્હીકલ, ડીઝલ મિકેનીક, મોટર વ્હીકલ બોડી બિલ્ડર, વેલ્ડીર અને પ્રોગામીગ એન્ડટ સીસ્ટમ આસી. (કોપા) ટ્રેડ પાસ એપ્રેન્ટીસ સોની ભરતી યોજાનાર હોઈ લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિગમના વિભાગીય મંત્રાલય, વહીવટી શાખા, એરોમા સર્કલ પાસે, જી.ડી.મોદી કોલેજ સામે પાલનપુર ખાતે તા.૫-૪-૨૦૧૮ થી તા.૯-૪-૨૦૧૮ સુધી ૧૧-૦૦ થી ૧૫-૦૦ કલાકના સમય દરમ્યાન રૂબરૂમાં સંપર્ક કરી અરજીપત્રક મેળવી લઈ શૈક્ષણીક લાયકાતના તમામ પુરાવાની સ્વ પ્રમાણીત નકલો સહીત અરજી પત્રક જમા કરાવવાનું રહેશે. તા.૯-૪-૨૦૧૮ ૧૫-૦૦ કલાક પછી કોઈપણ અરજી પત્રક સ્વીકારવામાં આવશે નહી. આ તારીખ પછી રૂબરૂમાં, ટપાલ દ્વારા કે અન્ય કોઈપણ માધ્યમથી મળેલ અરજી પત્રક માન્ય રહેશે નહી તેમ જણાવાયું છે.

# પેપળુમાં જોગણી માતાજી દ્વિતિય તિથિ મહોત્સવની ઉજવણી

## નવચંડીયજ્ઞની સાથે મહાઆરતી અને રમેલનો પ્રસંગ યોજાયો



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

પેપળુ ગામે બિરાજમાન રાજરાજેશ્વરી જોગણી માતાજીની દ્વિતિય તિથિ મહોત્સવની ઉજવણી નિમિતે સવંત ૨૦૭૪ ચૈત્રવદ - ૨ સોમવાર તા.૨/૪/૨૦૧૮ ના રોજ નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો હતો.

રાજરાજેશ્વરી જોગણી માતાજીના દ્વિતિય તિથિ મહોત્સવના પ્રસંગે તા.૨/૪/૨૦૧૮ સમોવારના રોજ સવારે ૧૦ કલાકે યજ્ઞ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઉપસ્થિત ભાવિકો એ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. જ્યારે સાંજે માતાજીની ૧૦૮ દિવાની મહાઆરતી સાંજના ૭ કલાકે કરવામાં આવી હતી. આ ઉપરાંત માતાજી રમેલનું પણ રાત્રીના સમયે આયોજન કરતા બહોળી સંખ્યા ભુવાજીઓ ભક્તોએ હાજરી આપી હતી.

નવચંડી યજ્ઞના આચાર્ય તરીકે શાસ્ત્રી શ્રવણભાઈ અને તેમની ટીમ દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોકત વિધિ સાથે યજ્ઞ કરાવ્યો હતો. જ્યારે રમેલમાં રાત્રે ભવાજી અરજણભાઈ રબારીની ઉપસ્થિતિમાં કાર્યક્રમ થયો હતો. ત્યારે પેપળુ મઠના મહંત ૧૦૦૮ મહંતશ્રી બાબુપુરીજી ગુરૂ નીલમપુરીજીએ ખાસ હાજરી આપી ઉપસ્થિત ભક્તો ભાવિકોને આશિવર્ચન પાઠવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન જોગણી માતાજી યુવક તથા સમસ્ત પેપળુ ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ને સફળ બનાવવા યુવાનો વડીલોએ ભારે જહેમત ઉઠાવી હતી. અને રંગેચંગે માતાજીનો દ્વિતીય તિથિ મહોત્સવ સંપન્ન થયો હતો.

# પાલનપુર ફતેપુરા ખાતે હનુમાન જયંતિ નિમિતે યજ્ઞ યોજાયો

પાલનપુર

પાલનપુર તાલુકાના સમરસ ફતેપુર ગામે મંગલમૂર્તિ હનુમાનજીના મંદિરમાં હનુમાન જયંતિ નિમિતે યજ્ઞનું આયોજન ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ હતું. આ હવનમાં મુખ્ય યજમાન પદે હવનના દાતા ભીખુસિંહ સી.પરમાર બિરાજમાન થયેલ હતા. અને રાત્રે - ૧૫૧ દિવડાની મહાઆરતી અને પ્રસાદનું આયોજન કરવામાં આવેલ હતું. પ્રસાદના દાતા ગજેન્દ્રસિંહ પરમાર હતા. આ કાર્યક્રમમાં સમગ્ર ગ્રામજનોએ ઉત્સાહથી ભાગ લીધેલ હતો.

# જગાણા પાસે ચપ્પાની અણીએ ક્રેન ચાલકને લૂંટનાર ડફેર ઝડપાયો

## જગાણા નજીક વહેલી સવારે રસોઈ બનાવી રહેલા ચાલક પાસેથી રૂપિયા ૧૬૨૦૦ના મુદ્દામાલની લૂંટ ચલાવી હતી



સંજય જોષી

પાલનપુર

પાલનપુર અમદાવાદ હાઈવે ઉપર જગાણાના પાટીયા પાસે એક માસ અગાઉ સવારે એક ક્રેન ચાલક રસોઈ બનાવી રહ્યો હતો. ત્યારે ત્યાં આવેલા અજાણ્યા ત્રણ શખ્સોએ ચપ્પા વડે હૂમલો કરી રોકડ રકમ, મોબાઈલ ફોન તેમજ કપડા મળી કુલ રૂપિયા ૧૬૨૦૦ના મુદ્દામાલની ચોરી કરી નાસી છુટ્યા હતા. આ અંગે નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં આ લૂંટના મુખ્ય સુત્રધારને પોલીસે ઝડપી લીધો છે. બિહારના ગોપાલગંજ તાલુકાના ચૌરાવે ગામના મહમદરજા સુલતાનઅહમદ શેખ જામનગરથી ક્રેન લઈને પાલનપુર આવ્યા હતા. તેઓ એક માસ અગાઉ વહેલી સવારે જગાણા નજીક રસોઈ બનાવી રહ્યા હતા. તે દરમિયાન ત્યાં આવેલા અજાણ્યા શખ્સોએ ચપ્પા વડે હૂમલો કરી મહમદ રજાની આંગળીઓ ઉપર ઈજા પહોચાડી રોકડ રૂપિયા ૮૦૦૦, રૂપિયા ૫૦૦૦નો મોબાઈલ તેમજ રૂપિયા ૩૨૦૦ના કપડા મળી કુલ રૂપિયા૧૬૨૦૦ના મુદ્દામાલની લૂંટ કરી નાસી ગયા હતા. આ અંગે મહમદરજાએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય શખ્સો સામે ગૂનો નોંધી તાલુકા પીએસઆઈ એ. વાય. પટેલે લૂંટારૂઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા હતા. જેમાં આ લૂંટનો મુખ્ય સુત્રધાર પાટણ જિલ્લાના સિધ્ધપુર તાલુકાના ગનવાડાના શરીફ નાગોદરદાસ હયાત (ડફેર)ને ઝડપી લીધો હતો.

# શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે. સંઘમાં આચાર્યશ્રી ગુણરત્નસૂરિજીની નિશ્રામાં ૬૦૦ આરાધકોના પારણા

**તા.૪ એપ્રિલ તપસ્વીની પુષ્પલતાશ્રીજીની સ્વર્ગારોહણ પ્રથમ માસિક તિથિ નિમિત્તે પાંચ દિવસ પુષ્પ સુવાસ મહોત્સવ યોજાશે**

સુરત

શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.સંઘ અને શ્રી ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી પૌષધશાળાના ઉપક્રમે પૂજ્યપાદ ૩૯૩ દીક્ષા દાનેશ્વરી આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં અજમેરા પરિવારે ખુબ ઉલ્લાસથી ચૈત્ર માસની શાશ્વતી નવપદ ઓળીની આરાધના કરાવી હતી. જેમાં ૬૦૦ થી વધુ આરાધકો જોડાયા હતા અને ૬૦૦૦ થી વધુ આયંબિલ થયા હતા.

આચાર્યશ્રી રશ્મિરત્ન સૂરિશ્વરજી મ.સા.એ જણાવ્યુ કે ૩૨૫ થી વધુ શિષ્યાઓના વડીલ ગુરૂમૈયા... મહાતપસ્વીની સા.શ્રી પુષ્પલતાશ્રીજી ના સ્વર્ગવાસની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે ગુરૂભક્તો તરફથી તા.૪ એપ્રિલથી ભવ્ય પંચાન્હિકા મહોત્સવ શરૂ થઈ રહ્યો છે. જેમાં તા.૪ એપ્રિલના સવારે ૯ થી ૧૧ નવકાર ભાષ્ય જાપ અનુષ્ટાન, તા.૫-એપ્રિલના સવારે અષ્ટાપદ ભાવયાત્રા, તા-૬ એપ્રિલના સવારે અષ્ટ પ્રાતિહાર્ય વંદના, તા. ૭ એપ્રિલના સવારે ધન- ધન મુનિવરા... સંગીતમય કાર્યક્રમ, તા.૮ એપ્રિલના સવારે આચાર્યશ્રી રશ્મિરત્નસૂરીજી રચિત નવ્ય, ન્યાય ચિત્રરેખા પદ્ધતિ, અભાવવાદ તત્વાલોક, સદગુરૂ શરણં મમ પુસ્તકોનું વિમોચન. નવ્યન્યાયના પંડિત સંતોષભાઈ આદિના હસ્તે થશે.

# જુનાડીસા ગામે હનુમાન જન્મોત્સવની ઉજવણી



પ્રતિનિધિ જુનાડીસા

રૂદ્રનો અવતાર ગણાતા રામદૂત હનુમાનજીના જન્મોત્સવની ચૈત્ર સુદ પુનમના દિવસે શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવે છે અને રાજ્ય તેમજ જિલ્લાના નાના મોટા મંદિરોમાં વહેલી સવારથી જ ભક્તજનો દર્શન કરવા માટે ઉમટી પડે છે. ડીસા તાલુકાના સૌથી મોટા ગામ જુનાડીસા ખાતે હનુમાનજીદાદાના જન્મોત્સવની (હવન) યજ્ઞ કરી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દેવાયુ હતું. સાથે સાથે ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેનો સૌ ભક્તજનો તથા દર્શનાર્થીઓએ લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# વડોદરાના માનવધર્મ આશ્રમમા ૬ ઠ્ઠીએ માતાજીનો જન્મોત્સવ ઉજવાશે



માઁ શ્રી રાજરાજે મનીષ જોષી

વડોદરા

વડોદરાના વિસ્તારના સંધ્યાનગરમા આવેલા માનવ ધર્મ આશ્રમ ખાતે માનવ ધર્મ ના પ્રણેતા માઁ શ્રીરાજરા-જેશ્વરીદેવીનો જન્મોત્સવ તા. ૬ ને શુક્રવારના રોજ ઉજવાશે.આ પ્રસંગે પાદૂકા પૂજન સવારે ૭ કલાકે બાદ ૯:૩૦ કલાકે સંતો દ્વારા સત્સંગ તેમજ બપોરે ૧૨ વાગ્યે આરતી તેમજ મહાપ્રસાદ તેમજ સમગ્ર કાર્યક્રમ દરમિયાન વૈધ શ્રી નીખિલ ભટ્ટ દ્વારા આયુર્વેદ સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામા આવ્યુ છે.આ કાર્યક્રમમા ભાગ લેવા વડોદરા ઉપરાંત મધ્ય ગુજરાતના ભાવિકો જોડાશે.કાર્યક્રમની તૈયારી મહાત્મા બાલકૃષ્ણાનંદજીના માર્ગદર્શનમા ગોલેભાઈ,રમણભાઈ પ્રજાપતિ,યોગેશ દ્વારા કરવામા આવી રહી છે.

# બનાસકાંઠા જિલ્લા શાળા વિકાસ સંકુલની માધ્યમિક- ઉચ્ચ. માધ્યમિક શાળાઓમાં ચોથી એપ્રિલથી વાર્ષિક પરીક્ષા

**તા. ૧/૫/૨૦૧૮ થી તા. ૪/૦૬/૨૦૧૮ સુધી ઉનાળુ વેકેશન : ધો.૯ ની ૧૬ એપ્રિલે અને ધો.૧૧ ની ૧૭ મી એપ્રિલે વાર્ષિક પરીક્ષા પૂર્ણ થશે**


યશપાલસિંહ ટી.વાઘેલા

તાલુકા પ્રતિ. થરા

ગુજરાતમાં માર્ચ- એપ્રિલ મહિનો શાળા- કોલેજોમાં વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષાના મહિના ગણાય છે. ધો-૧૦ એસ.એસ.સી અને ધો-૧૨ (એચ.એસ.સી.) પરીક્ષાઓ પૂર્ણ થતાં એપ્રિલમાં આ પરીક્ષાઓના પેપર તપાસવાની કામગીરી સાથે પ્રાથમિક - ઉચ્ચતર પ્રાથમિક તેમજ ધો.૯ ધો.૧૧ સામાન્ય વિજ્ઞાન પ્રવાહ તથા કોલેજોમાં વિવિધ ફેકલ્ટીની સેમીસ્ટર પદ્ધતિની પરીક્ષાઓનો શુભારંભ થાય છે. બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તાબાની શાળા વિકાસ સંકુલ કલ્પના ચાવલા સંકુલ પાલનપુર, સર જગદીશચંદ્ર બોઝ સંકુલ- વડગામ, મહર્ષિ કર્ણાદ સંકુલ- ડીસા, વિક્રમ સારાભાઈ સંકુલ- ધાનેરા, વિણાવાદીની સંકુલ- દિયોદર સ્વામી સચ્ચિદાનંદ સંકુલ - થરાદ, ધરણીધર સંકુલ- વાવ વિસ્તારની માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધો.૯ અને ધો.૧૧ (સામાન્ય- વિજ્ઞાન પ્રવાહ) ની વાર્ષિક પરીક્ષાઓ આગામી તા. ૪/ ૪/૨૦૧૮ ને મંગળવારથી સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ ના સમયમાં લેવાશે. ધો.૯ માં ચિત્ર- કૃષિ કોમ્પ્યુટર, શારિરીક શિક્ષણ, પશુપાલન વિષયનું પ્રશ્નપત્ર એક કલાકનું જ્યારે બીજા વિષયોનું પ્રશ્નપત્ર બે કલાકનું રહેશે. ધો-૧૧(સામાન્ય- વિજ્ઞાન પ્રવાહ) માં ૮૦ ગુણનું ત્રણ કલાકનું પ્રશ્નપત્ર રહેશે. તાઃ ૧૬/૪/૨૦૮ ના ધો.૯ ની અને તા. ૧૭/૪/૨૦૧૮ ના આંકડાશાસ્ત્ર - રાજ્યશાસ્ત્રના પ્રશ્નપત્ર સાથે પૂર્ણ થશે. તા. ૧/૫/૨૦૧૮ થી તા. ૪/૬/૨૦૧૮ રાજ્યમાં ઉનાળુ વેકેશન શાળાઓમાં રહેશે. ધો.૯ અને ૧૧ (સામાન્ય- વિજ્ઞાન પ્રવાહ) નું પરિણામ ૩૦ મી એપ્રિલે જાહેર થશે. તો ધો-૧૦ એસ.એસ.સી. અને ધો-૧૨ (એચ.એસ.સી.) ના પરિણામની તારીખો પણ એ સમયગાળામાં જાહેર થશે. મેના ચોથા સપ્તાહમાં ધો-૧૨ નું તથા જુનના પ્રથમ સપ્તાહમાં ધો-૧૦ નું પરિણામ જાહેર થવાની સંભાવના છે. બોર્ડ તરફથી સત્તાવાર જાહેરાત એપ્રિલના અંત કે મે મહિનાની શરૂઆતમાં થઈ શકે છે.

# ડીસા માર્કેટયાર્ડના ચેરમેન વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાશે

**૪૨ વર્ષ બાદ ૧૪ સભ્યો બિનહરીફ ચૂંટાયા હતા**

ડીસા

ઉત્તર ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવતી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા (ડીસા માર્કેટ યાર્ડ) ના સંચાલક મંડળના ૧૪ સભ્યોની ચુંટણી બિનહરીફ થયા બાદ મંગળવારે માર્કેટયાર્ડના નવા ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાશે.

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા ના સંચાલક મંડળ માટે ખેડૂત વિભાગની ૮ વેપારી વિભાગની ૪ અને ખરીદ વેચાણ મંડળી બે બેઠકો માટે ચૂંટણી યોજવાનું જાહેરનામું બહાર પડતા કુલ ૭૪ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જોકે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડયા અને માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન માવજીભાઈ દેસાઈની લાંબી સમજાવટના અંતે આખરે ૬૦ ઉમેદવારોને ફોર્મ પરત ખેંચવામાં


ભરત સુંદેશા

સફળતા મળતાં લગભગ ૪૨ વર્ષ બાદ માર્કેટયાર્ડની ચૂંટણી સમરસ થઈ હતી.

જેમાં હવે મંગળવારે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી જીલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ એસ. પી. ચૌધરી ની ઉપસ્થિતિ માં ડીસા માર્કેટયાર્ડના સભાગૃહ ખાતે યોજાશે. માર્કેટયાર્ડના ચેરમેન પદે લગભગ માવજીભાઈ દેસાઈનું નામ નિશ્ચિત છે.ત્યારે મંગળવારે ચેરમેન વાઈસ ચેરમેનની ચૂંટણી બાદ કોના હાથમાં સત્તા આવશે તે નક્કી થઈ જશે.

# વડગામથી મેરવાડા સુધી નેશનલ હાઈવેનું કામ અધૂરું મુકાતા લોકોને હાલાકી

**કોન્ટ્રાકટર દ્વારા રસ્તામાં ૮થી ૯ નાળાના કામ બાકી, અને અકસ્માત થવાની સંભાવના**

પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકા મથકેથી પાલનપુર જતાં નેશનલ હાઈવે ૫૮ પહોળો કરવાનું કામ થોડો સમય પહેલા ચાલુ કરવામાં આવ્યું હતું પણ આ કામ ગોકળ ગાયે ચાલતું હતું. જેના લીધે બે થી ત્રણ અકસ્માત થયા હતા. પણ હાલમાં આ કામ કોન્ટ્રાકટર દ્વારા અધૂરું મુકવામાં આવ્યું છે. જેના ત્યાં અવર જવર કરતા વનોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

વડગામ થી મેરવાળા વચ્ચે આવેલા નેશનલ હાઈવે ૫૮ પર છેલ્લા ૬ મહિનાથી વડગામથી માંડી મેરવાડા સુધી રોડ પહોળો કરવાનું અને ૮થી જગ્યાએ નાળા બનાવ્યા છે પણ તે નાળાનું


દિનેશ દરજી

કામ કોન્ટ્રાકટર દ્વારા અધૂરું મુકવામાં આવ્યું છે. જેના કારણે અકસ્માત થવાની ભીતિ સર્જાઈ રહી છે. ત્યારે ચોમાસુ પત્યે ૫ મહિનાથી વધારે સમય થયો પણ કોન્ટ્રાકટર દ્વારા રોડ પહોળો કરવાનું કામ

અનુસંધાન પાના નં.૬

## કોન્ટ્રાકટરે રોડનું કામ અધૂરું મૂકતાં ઉપડાઉન કરતા લોકોને અકસ્માતનો ભય છે

છેલ્લા ૬ મહિના થી વડગામ થી માંડી મેરવાડા સુધી હાઈવે રોડને પોળા કરવાનું અને નાળા નાખવાનું કામ કોન્ટ્રાકટર અને સરકારના મિલી ભગત અધિકારીઓ દ્વારા રોડનું કામ અધૂરું મુકવામાં આવ્યું છે. જેના લીધે વડગામ થી પાલનપુર અપડાઉન કરતા લોકોને આ ખરાબ રસ્તા ને લીધે અકસ્માતનો ભય સતાવે છે.અને વારંવાર રજુઆત કરવા છતાં પણ હજુ સુધી સરકારી તંત્ર કે કોન્ટ્રાકટર દ્વારા હજુ સુધી કોઈ પણ પ્રકાર આ અંગેની નોંધ લેવામાં નથી.

# મુડેઠા સહિતના ટોલનાકા ઉપર ટોલ ટેક્ષમાં વધારો ઝીંકાતા વાહન ચાલકો મુંઝવણમાં


રાહુલસિંહ રાઠોડ

પ્રતિ. મુડેઠા

ડીસા તાલુકાના મુડેઠા સહિત નેશનલ હાઈવે ઉપર આવેલા ટોલનાકાઓ ઉપર પહેલી એપ્રીલથી ટોલટેક્ષ વધારો ઝીકી દેવાયો છે. બેથી ત્રણ ટકા સુધીનો ટેક્ષ વધારો વાહન ચાલકો માટે દાઝયા ઉપર ડામ પુરવાર થયો છે. આ અંગે નેશનલ હાઈવે ઓથોરીટીએ તમામ ટોલ પ્લાઝાને આદેશો આપી દીધા છે અને દરેક પ્લાઝા પર નવા દરના બોર્ડ પણ મુકી દેવાયા છે. ટેક્ષ વધ્યા બાદ વાહન ચાલકો પાસે ૫ થી ૨૦ રૂપિયા સુધીનો વધારે ટેક્ષ વસુલવામાં આવ્યો હતો.

નેશનલ હાઈવે ઓથોરીટી હેઠળ દેશભરમાં તમામ ટોલનાકાઓ ઉપર અલગ-અલગ શ્રેણીના ટોલ ટેક્ષ વસુલવામાં આવે છે ત્યારે મુડેઠા ટોલ પ્લાઝા પર પણ ૧ એપ્રિલથી નવા રેટ લાગુ પડ્યા છે. ગઈકાલે નાની ગાડીઓમાં ચુકવાતા દરોમાં રૂપિયા ૫ જયારે મોટી ગાડીઓમાં રૂપિયા ૧૫ સુધીનો વધારો કરાતા નાના વાહનોને રૂપિયા ૭૦ પ્રમાણે જયારે બસ તેમજ ટ્રકો પાસે રૂા. ૨૪૫ સીંગલ ટ્રીપ વસુલાયા હતા. જયારે રીટર્ન ટ્રીપના નાની ગાડીઓ ૧૫ રૂપિયા જયારે ટ્રક તેમજ બસોના ૨૪૫ રૂપિયા વસુલતા હતા. ત્યારે ઈકો ગાડીના રૂપિયા ૧૧૫ વસુલયા હતા.

અનુસંધાન પાના નં.૬

# વાવ પંથકમાં ઘાસચારાની વ્યવસ્થા કરવા મામલતદારને આવેદનપત્ર અપાયું


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ પંથકમાં ઘાસચારાની અછત હોઈ ઘાસચારાની વ્યવસ્થા કરવા શિવસેનાના જિલ્લા ઉપ પ્રમુખ રાણાજી એન.ગોહીલે ગતરોજ વાવ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું હતું જેમાં વાવ તાલુકામાં અતિભારે વરસાદના કારણે ચાલુ વર્ષમાં ઘાસચારો નાસ પામેલ છે ચોમાસુ સીજનમાં ખેડૂતોને ઘાસચારાનું ઉત્પાદન થયેલ નથી તેમજ શીયાળા સીજનમાં નહેરનું પાણી પુરતા પ્રમાણમાં ના મળવાથી શીયાળું સીજનમાં પણ ઘાસચારો ખેડૂતો ઉત્પાદન કરી શક્યા નથી અત્યારે હાલની સ્થિતિ ખુબજ ખરાબ છે રૂા.૪૦ થી ૫૦ આપવા છતાં જુવારના પુળ મળતા નથી તેમજ દરેક ગામમાં ૨૦૦ થી ૨૫૦ ગૌવંશ બીનવારસી ભટકે છે. ખેડૂતોને ઘાસ હોય ત્યારે તો ખેડૂતો આવા બીનવારસી ગૌવંશને ગામો ગામ ચાર આપતા હતા પરંતુ હાલની પરિસ્થિતિ એવી છે કે ખેડૂતોના પોતપોતાના પશુઓ માટે પણ ઘાસચારો નથી. તો આવા બીન વારસી ગૌવંશ માટે સરકાર ઘાસચારાની વ્યવસ્થા નહી કરે તો મોટા પાયે બીનવારસી ગૌવંશ મોતના મોમાં ધકેલાઈ જશે. ઘાસચારાની યુધ્ધના ધોરણે વ્યવસ્થા કરવા માંગ કરાઈ છે. વધુમાં જણાવેલ કે અન્ય રાજયમાં ખેડૂતોના દેવા માફ થતાં હોયતો ગુજરાતમાં કેમ નહી સરકાર ઉધોગ પતીઓના દેવા માફ કરી આપતી હોય તો આ ગરીબ ખેડૂતોના દેવા માફ કરવામાં ગુજરાતના ખેડૂતોના દેવા માફ કરી ઉદાર નીતી અપનાવે અને ખેડૂતોના દુઃખમાં ભાગીદાર બને તેવી માંગ કરી છે તેમજ અતિભારે વરસાદના કારણે ખેડૂતોનો તમામ પાક નિષ્ફળ ગયેલ છે જેથી ખેડૂતોને ૧૦૦ ટકા પાક વીમો મળવો જોઈએ તેવી માંગ કરી છે.

# કાંકરેજ તાલુકાના દલિત સમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપ્યું


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના એસ.સી.એસ.ટી.ના આગેવાનો પ્રવિણકુમાર મધાભાઈ પરમાર, જીવણભાઈ, મગાભાઈ, પરસોતમભાઈ, ગંગારામભાઈ (એડવોકેટ), મહેશભાઈ (નોટરી), વિરચંદ ત્રિકમભાઈ, કરશનભાઈ (માનપુર), અરવિંદભાઈ, ખેમાભાઈ (થરા) રમીલાબેન, મધાભાઈ(સામાજીક અગ્રણી) સહિતના લોકોએ થરા રામદેવપીર મંદિરથી થરા નગર પાલિકા સુધી મૌન રેલી યોજી સુપ્રિમ કોર્ટે વિરૂધ્ધ રોષ વ્યક્ત કર્યો હતો અને ત્યારબાદ શિહોરી ખાતે કાંકરેજ મામલતદાર સજ્જનસિંહ ચૌહાણને આવેદનપત્ર પાઠવ્યું હતું. એડવોકેટ ઓફ નોટરી મહેશ મકવાણાએ સુપ્રિમ કોર્ટના આ ચુકાદાને ગેરલાયક ઠેરવ્યો હતો અને આવો નિર્ણય એ પાર્લામેન્ટરી બોર્ડને લેવાનો હોય છે જે સુપ્રિમ કોર્ટે લીધો છે.

# દિયોદરમાં નવા બોરનું ખાત મુહર્ત



તા.પ્રતિ. દિયોદર

દિયોદર ખાતે આવેલ અક્ષરધામ સોસાયટીની આગળ સંપ પાસે આજે રોજ સાંજે ૫/૩૦ વાગે પાણી ના નવા બોર નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું જેમાં દિયોદર ના રાજવી માનસિંહજી વાઘેલાના વરદ હસ્તે નવા બોરનું ખાતમુહૂર્ત કરવામાં આવેલ જેમાં દિયોદર સરપંચ ગીરીરાજસિહ વાઘેલા અને તલાટી કુરશીભાઈ દેસાઈ ભાવના બેન ઠાકોર સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# એલ.સી.બી.ની ટીમે ભાભર નવા વિસ્તારમાંથી દારૂ ઝડપ્યો

તા પ્રતિ. ભાભર

ભાભરમાંથી એલ.સી.બી. પાલનપુરે ગઈકાલે વિદેશી દારૂની ૩૫ બોટલ ઝડપી પાડીને સ્થાનિક પોલીસને ઉંઘતી ઝડપી છે. જાણવા મળતી વિગત મુજબ ગઈકાલે એલ.સી.બી. પાલનપુરે બાતમીના આધારે ભાભર નવા વિસ્તારમાં રહેતા રાજુ ઉર્ફે ભુરી નારણસિંહ રાઠોડના ઘરે રેડ પાડતા તેના ઘરમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૩૫ કિ.રૂા.૩૫૦૦ નો મુદામાલ ઝડપી પાડ્યો હતો. એલ.સી.બી.એ ભાભરમાંથી વિદેશી દારૂ સાથે આરોપીને ભાભર પોલીસ મથકે લાવવામાં આવ્યો હતો. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં જુગાર રમતાં ચાર શકુની ઝડપાયા

**મેડીપોલીસના ગ્રાઉન્ડફ્લોર પર જુગટુ રમતા હોવાની બાતમીને આધારે આર.આર.સેલે કરી રેડ : રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૧.૬૯ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો**


સંજય જોષી

પાલનપુર

પાલનપુર—ડીસા હાઈવે પર આવેલી મેડીપોલીસ સાઈડના ગ્રાઉન્ડ ફલોર ઉપર રવિવારે રાત્રે જુગાર રમતાં ચાર શકુનીઓને ભૂજ આર. આર. સેલની ટીમે ઝડપી લીધા હતા. જેમની પાસેથી રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૧.૬૯ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો હતો. આ અંગે પશ્ચિમ પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પાલનપુરના ડીસા હાઈવે પર આવેલી મેડીપોલીસ કન્સ્ટ્રકશન સાઈટના ગ્રાઉન્ડ ફલોર ઉપર દિવાલની આડશમાં જુગાર રમાતો હોવાની બાતમીના આધારે ભૂજ આર. આર. સેલની ટીમે રવિવારે રાત્રે ઓચિંતી રેડ કરી હતી. જ્યાં જુગટુ રમતાં ૪ શકુનીઓ રંગે હાથ ઝડપાયા હતા. જેમની પાસેથી રૂપિયા ૧૪,૨૧૦ રોકડા તેમજ મોબાઈલ અને ફોન મળી કુલ રૂપિયા ૧,૬૯,૨૧૦નો મુદ્દામાલ કબ્જે લીધો હતો.

આ અંગે પશ્ચિમ પોલીસ મથકે ગૂનો નોંધાતાં પોલીસે તમામની સામે જુગારધારાની કલમ મુજબ ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જુગટુ રમતા ૪ શકુનીઓ ઝડપાયા

(૧) ભરતભાઈ હરજીભાઈ મકવાણા (રહે. સ્વાગતવીલા, પાલનપુર)
(૨) રીત્વીકુમાર કનુભાઈ પ્રજાપતિ (રહે. સ્વાગતવીલા, પાલનપુર)
(૩) પ્રકાશજી કેહરાજી પુરોહિત (રહે. સ્વાગતવીલા, પાલનપુર)
(૪) હીરેન માધુભાઈ પ્રજાપતિ (રહે. કૈલાસનગર બેચરપુરા, પાલનપુર)

# શોધખોળ બાદ નહેરમાંથી મલુપુરના યુવકનો મૃતદેહ મળતાં અરેરાટી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદના મલુપુર ગામના મશરૂભાઈ જગાજી દલિત નામના ૨૫ વર્ષીય યુવકે શનિવારની સાંજના છ વાગ્યાના સુમારે થરાદ પાસેથી પસાર થતી નર્મદાની મુખ્ય નહેરમાં ઝંપલાવ્યું હતું.જેને નરી આંખે તેની સાથે નહેર પર આવેલા છોકરાઓ જોઇ જતાં તેના પરિવારને જાણ કરી હતી.આથી દોડી આવેલા પરિવારજનોએ નગરપાલિકાના તરવૈયા સુલતાનમીરને બોલાવી શોધખોળ કરાવતાં મોડી રાત સુધી કોઇ ભાળ મળી ન હતી.

આથી વ્યાકુળ પરિવારે આખીરાત લોખંડની બિલાડી નહેરમાં ફેરવીને તેની મદદથી શોધખોળ કરી હતી.આખરે સોમવારની સાંજના ચારેક વાગ્યાના સુમારે પાલિકાના તરવૈયા સુલતાનમીરે ભારે જહેમતબાદ મૃતદેહ શોધી કાઢ્યો હતો.જોકે આ અંગે પરિવારે પોલીસમથકમાં જાણ કરી ન હતી.બીજીબાજુ મૃતક યુવકનાં ગત સાલ જ લગ્ન થયેલા હોવાનું જાણવા મળ્યું હતું.યુવક શનિવારની સાંજના સુમારે કોઇ પ્રસંગમાંથી પોતાના મોટરસાયકલ પર સીધો નહેર પર આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.પરંતુ તેની નહેરમાં પડવા પાછળનું કારણ જાણી શકાયું ન હતું.આ બનાવથી પંથકમાં ચકચાર સાથે અરેરાટી મચી જવા પામી હતી.

# રાહ ખાતે જય ભીમ સેના દ્વારા મૌન રેલી યોજી બંધ પળાયો

પ્રતિ. રાહ

તાજેતરમાં દેશની સર્વોચ્ચ અદાલતના એક જજ દ્વારા અત્યાચાર ધારાને દુર કરવા આપેલા ચુકાદાને રદ કરવા માટે સમગ્ર દેશમાં માંગ ઉઠી રહી છે. ત્યારે રાહ ખાતે ગામના સરપંચ મેઘાભાઈ પરમાર નીલાભાઈ ગલચર, પીરાભાઈ પરમાર તેમજ જય યુવા મંડળ રાહના સભ્યો ભેગા થઈને મૌન રેલી કાઢી હતી. ગામના સરપંચએ જણાવ્યું હતુ. કે કેટલાક લોકો દ્વારા હાલ દલીત સમાજ સાથે જે વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. તે ખરેખર નિંદાપાત્ર છે. જો કે ગઈકાલે રાહની દુકાનો બંધ રહી હતી જે માટે રાહના વેપારીઓનો જય ભીમ યુવકના સભ્યોએ માન્યો હતો.

# ડીસાના ભોંયણ ગામે જમાઈએ સસરાને પાઈપ ફટકારી

ડીસા

ડીસાના બેકરી કુવા ખાતે રહેતા વૃદ્ધની પુત્રીના લગ્ન ભોંયણ ખાતે રહેતા યુવક સાથે થયા હતા.જોકે જમાઈ ખોટા વહેમ રાખી તેમની પુત્રીને બીભત્સ ગાળો બોલી માર મારતા હતા.જોકે સમજાવા ગયેલા સસરા પર જમાઈએ માર મારી તેમની પુત્રીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી જેથી તેમને બે લોકો વિરુદ્ધ ડીસા તાલુકા પોલીસ મથકે બે વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

મળતી માહિતી મુજબ ડીસાના બેકરી કુવા ખાતે રહેતા કનુભાઈ મૂળચંદભાઈ ધોબીની પુત્રી સેજલબેન ના લગ્ન ભોયણ ખાતે રહેતા અશ્વિનભાઈ અશોકજી ઠાકોર સાથે થાય હતા .જોકે તેઓના મોબાઈલ ઉપર તેમના વેવાઈ પક્ષનો ફોન આવ્યો હતો અને તેઓએ તેમની પુત્રીને તેમના ઘરે લઈ જવા જણાવ્યું હતું જેથી તેઓ તેમને સમજાવવા કનુભાઈ ભોયણ ખાતે તેમના વેવાઈના ઘરે ગયા હતા આ દરમિયાન તેઓએ તેમની પુત્રી પર ખોટા વહેમ રાખી તેને ગડદા પાટુનો માર મારી બિભસ્ત ગાળો બોલી હતી બાદમાં તેઓ જમાઈને સમજાવતા કહેલ કે મારી દીકરીને ખોટી રીતે કેમ હેરાન કરો છો જેથી જમાઈ ઉશ્કેરાઈ જઈ હાથમાં પાઈપ લઈ

અનુસંધાન પાના નં.૬

# બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓનો સમય સોમવારથી સવારનો થયો

**ગુણોત્સવના કારણે ૬ અને ૭ એપ્રિલના રોજ બે દિવસ બપોરનો સમય રહેશે**

પ્રતિ. વડાવળ

ઉનાળાની કાળઝાળ ગરમીની શરૂઆત થઈ ચુકી છે ત્યારે બનાસકાંઠા જિલ્લાની પ્રાથમિક શાળાઓનો સમય પણ વહેલા કરી દેવાતા વિદ્યાર્થીઓને મોટી રાહત થવા પામી છે.

દર વર્ષે ૧ લી એપ્રિલથી શાળાઓનો સમય વહેલો કરવામાં આવે છે. તેમ આ વર્ષે એપ્રિલ મહિનો શરૂ થતાં શાળાઓનો સમય સવારનો કરી દેવામાં આવ્યો છે. આ બાબતે જિલ્લા શિક્ષણ વિભાગમાંથી મળતી વિગતો પ્રમાણે જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓનો સમય સોમવારના રોજ સવારથી કરવામાં આવતા સવારે ૭:૨૦ થી બપોર ૧૨:૩૦ કલાક સુધી શાળાના સમયનો આદેશ કરી દેવામાં આવ્યો છે. જેથી સોમવારના દિવસે બાળકો વહેલી સવારે અભ્યાસ કરવા જતા નજરે પડયા હતા. જો કે આગામી તા.૬ અને ૭ એપ્રિલના રોજ શાળાઓમાં ગુણોત્સવ હોવાના કારણે આ બે દિવસ શાળાનો સમય ૧૦:૩૦ થી ૫:૩૦ કરવામાં આવ્યો છે. જેથી આ બે દિવસ શાળાનો સમય બપોરનો રાખવા જિલ્લા શિક્ષણ વિભાગમાંથી જાણ કરી દેવામાં આવી છે. આમ ગરમીના કારણે શાળાનો સમય વહેલા થતાં બાળકો સહિત વાલીઓમાં પણ આનંદ છવાયો છે.

# પાલનપુર ગણેશપુરામાં કુવામાં ખાબકેલ શ્વાન અને સાપને બચાવાયા

પાલનપુર

પાલનપુરમાં રવિવારે તા.૧/૪/૨૦૧૮ ના રોજ બપોરે ૧૨:૩૦ વાગ્યે ગણેશપુરામાં પી.ટી.સી કોલેજની બાજુમાં હરીઓમ સોસાયટીની પાછળના ભાગમાં પ્રજાપતિના ખેતરનાં ૧૦૦ ફુટ ઉંડા કુવામાં એક કુતરૂ અને એક સાપ પડી ગયા હતા. તેનાં સમાચાર જીવ સેવા ચેરીટ- બલ ટ્રસ્ટના પ્રમુખ ચીરાગ સી.વૈષ્ણવને થતાં ટ્રસ્ટનાં જી.મંત્રી વિકીભાઈ બારોટ, હાર્દિક બારોટ

અનુસંધાન પાના નં.૬


**ભાભર નગરપાલિકા, જિ.બનાસકાંઠા**
**દુકાનો ભાડે આપવાની જાહેર હરાજી**

આથી ભાભર તેમજ આજુબાજુના તમામ વેપારીભાઈઓને જણાવવામાં આવે છે કે ભાભર નગરપાલિકા માલિકીની જમીન (ખાડીયા)માં આવેલ શોપીંગ સેન્ટર નંગ-૨ ની ૨૮-દુકાનો જાહેર હરાજી થી ભાડે આપવા માટે તા.૧૨/૦૪/૨૦૧૮ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ખાડીયા મેદાન ખાતે રાખવામાં આવેલ છે.

આ શોપીંગ સેન્ટરો (૨૮ દુકાનો)માંથી સરકારશ્રીના નિયમોનુસાર અનુસૂચિત જન જાતિ માટે ૨(બે) દુકાન તથા અનુસૂચિત જાતિ માટે ૨(બે) દુકાન અનામત રાખવામાં આવેલ છે. સદરહું હરાજીમાં ભાગ લેતાં ઈસમોએ ડીપોઝીટ પેટે રૂા.૧૦૦૦૦/- તા.૧૨/૦૪/૨૦૧૮ સુધીમાં નગરપાલિકા કચેરીની ટેક્ષ શાખામાં રોકડેથી ભરવાના રહેશે. તેમજ જે ઈસમની હરાજી મંજુર થાય તેઓએ બીજી હરાજીમાં ભાગ લેવા માટે ફરીવાર ડીપોઝીટ પેટે રૂા.૧૦૦૦૦/- ભરવાના રહેશે. તેના સિવાય હરાજીમાં ભાગ લઈ શકાશે નહિ.

હરાજી અંગેની શરતો હરાજીના સ્થળે વાંચી સંભળાવવામાં આવશે. હરાજી અંગેની વધુ વિગતો રજાના દિવસ સિવાય કચેરી સમય દરમ્યાન ન.પા.કચેરીના નોટીસ બોર્ડ પર જોવા મળી શકશે. હરાજી મંજુર/નામંજુર કરવાની આખરી સત્તા પ્રમુખશ્રી/મુખ્ય અધિકારીશ્રી, ભાભર નગરપાલિકાની રહેશે.

| | | | |
|---|---|---|---|
| કલ્પેશ પી.ભટ્ટ | અમરતભાઈ માળી | ગમબા રાઠોડ | વૈકુંઠરામ આચાર્ય |
| મુખ્ય અધિકારી | ચેરમેન, કારોબારી સમિતિ | ઉપ પ્રમુખ | પ્રમુખ |
| ભાભર નગરપાલિકા | ભાભર નગરપાલિકા | ભાભર નગરપાલિકા | ભાભર નગરપાલિકા |



**Public Notice**

District Banaskantha, Village Chandisar, Original R.s.no. 437-A was The State Govt. due process to law came with The Gujarat Industrial Development Corporation under Provisions of GID Act 1962 and having its Head Office at Udhyog Bhavan, Gandhinagar, its Regional Office at Mehsana, that Industrial Estate at Chandisar, District Banaskantha.The GIDC of Mehsana had allotted GIDC Estate of Chandisar paiki Plot No.114/3 admeasuring 703.00 sq.mtrs, to Kanubhai Mulchanddas Mewada, by their allotment letter No.GIDC/RM/MNS/ALLOT/PLT/6374 dated 13-02-2006, and passed their order for possession dtd. 06-03-2006 and gave possession on dtd. 20-03-2006, and Agreement between GIDC of Mehsana and Kanubhai Mulchanddas Mewada of said plot by Lease deed dtd., 20-03-2018 vide index No. 2057 , registered in office of Sub Registrar Palanpur. Mewada Kanubhai Mulchanddas is also lawful Possession holder of this property is free from encumbrances. Above documents paiki (1) Allotment letter No. GIDC/RM/MNS/ ALLOT/ PLT/6374 dated 13-02-2006 and (2) Possession order dtd. 06-03-2006 are missing and/or loss from his home of factory.

He demand Title Clearance Certificate from me, I issue Public Notice, It is inform to all like persons, Bank, Government, Semi Govt., institute or any persons has any share, interest, lien, mortgage on this property or any body has any objection or dispute regarding the said Property. It is here by inform to below mention address and mail within 7 days of this notice. If not received any objection, of any person, or institute, Bank, company, No body has any rights, share, interest on this property, and believing the same. Title Clear certificate issue and then after No any objection shall be considered.

At : Palanpur. (Manharkumar S. Gurjar)
Date : 02-04-2018 Advocate

Office:- 8th, Ist Floor, Gitanjalee Complex, Opp. District Panchayat, At Palanpur, Banaskantha.( N.G.) (m) 94263 65238, mail id - manhargurjar10@gmail.com

## તંત્રી સ્થાનેથી ...

**અજ્ઞાન એ સર્વ પાપો અને દુ:ખોનું મૂળ છે.**

# હવે પેપર લીકનું ભુત ધુણ્યું

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ એટલે કે સીબીએસઈ તરફથી દસમાના ગણિત અને બારમાના અર્થશાસ્ત્રની પરીક્ષા ફરીથી કરાવવાની જાહેરાતથી એ જ ખબર પડે છેકે આ બંને વિષયોના પ્રશ્નપત્ર ન માત્ર લીક થઈ ગયા, બલ્કે મોટા પાયે તે સરક્યુલેટ પણ કરી દેવાયા હતા. એ તો તપાસ બાદ જ ખબર પડશે કે આ અપરાધિક કૃત્ય કોણે અને કેટલા મોટા પાયે કર્યું, પરંતુ તેમાં બેમત નહીં કે આ કારણે દેશના લાખો વિદ્યાર્થીઓ પર આઘાત થયો છેગણિતની પરીક્ષા સાથે જ દસમીના મોટાભાગના વિદ્યાર્થીઓની પરીક્ષા ખતમ થઈ ગઈ હતી અને તેઓ એનાથી ખુશ હતા કે પરીક્ષાનો બોજ માથા પરથી ઉતર્યો, પરંતુ તેમના રાહતનો શ્વાસ લેતાં પહેલાં જ એ સમાચાર આવ્યા કે આ વિષયની પરીક્ષા ફરીથી આપવી પડશે. જોકે હાઈસ્કૂલમાં ગણિત અનિવાર્ય હોય છે, તેથી તમામ વિદ્યાર્થીઓને નવેસરથી પરીક્ષાની ચિંતા કરવી પડશે. તેમની સંખ્યા ૧૬ લાખથી પણ વધારે છે. નિ:સંદેહ ઈન્ટરમીડિએટના ફક્ત એ જ વિદ્યાર્થીઓને ફરીથી પરીક્ષાના દોરમાંથી પસારથવું પડશે જે અર્થશાસ્ત્ર ભણી રહ્યા હતા, પરંતુ આખરે તેનો શો મતલબ કે કરે કોઈ અને ભરે કોઈ?

એ કોઈ મુશ્કેલીથી કમ નથી કે લાખો વિદ્યાર્થીઓને એ વિષયની પરીક્ષા ફરીથી આપવા માટે વિવશ થવું પડે, જે તે પહેલાં આપી ચૂક્યા હતા. જોકે દસમાના ગણિત અને બારમાના અર્થશાસ્ત્રની પરીક્ષા ફરીથી થવાથી લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓની સાથે સાથે શિક્ષકોને પણ બિનજરૂરી પરેશાનીનો સામનો કરવો પડશે, તેથી આ વિષયોનાં પેપર લીક થવા મામલે એવી કોઈ ઠોસ કાર્યવાહી થવી જોઈએ જે દૃષ્ટાંત બને. એવું એટલા માટે જરૂરી છે, કારણ કે સીબીએસઈ બોર્ડની પરીક્ષાની શુચિતા પર ગંભીર પ્રશ્નચિહ્ન લાગી ગયું છે. સમજવું મુશ્કેલ છે કે એક એવા સમયે જ્યારે દરેક પ્રકારની પરીક્ષાઓનાં પેપર લીક થવાનો ખતરો ક્યાંય વધી ગયો છે, ત્યારે કોઈએ સુનિશ્ચિત કેમ ન કર્યું કે સીબીએસઈ પરીક્ષાની ગોપનીયતા બનાવી રાખવા માટે તંત્રમાં ગાબડાં ન પડી શકે? એનાથી સંતુષ્ટ ન થવાય કે માનવ સંસાધન વિકાસ મંત્રીએ બે વિષયોની પરીક્ષા ફરીથી કરાવવાની નોબત આવતાં ખેદ વ્યક્ત કર્યો અને વડાપ્રધાને પણ નારાજગી વ્યક્ત કરી, કારણ કે છેલ્લા કેટલાક સમયથી વિભિન્ન પરીક્ષાઓનાં પેપરો લીક થવાનો સિલસિલો યથાવત છે. થોડા દિવસ પહેલાં જ કર્મચારી પસંદગી આયોગની પરીક્ષાનાં પેપર લીક થવાની તપાસ સીબીઆઈને સોંપવી પડી હતી. તેના પહેલાં પણ કોઈ અન્ય પરીક્ષાનાં પેપર લીક થઈ ચૂક્યાં છે. એ યોગ્ય નથી કે પ્રતિયોગી પરીક્ષાઓની સાથે સાથે સ્કૂલ અને કોલેજ સ્તરની પરીક્ષાઓનાં પણ પ્રશ્નપત્ર લીક થવા લાગ્યાં. પ્રશ્નપત્ર લીક થવાનો સિલસિલો સંબંધિત સંસ્થાઓની સાથે જ શાસન તંત્રની વિશ્વસનીયતાને પણ આઘાત પહોંચાડે છે. વિદ્યાર્થીઓની સાથે સાથે આમ જનતાના મનમાં પણ એ ધારણા બેવડાય છે કે હવે દરેક જગ્યાએ ગાબડું પાડવું આસાન છે. બહેતર રહેશે કે આપણા નીતિ-નિયંતા એ સમજે કે જો પરીક્ષા આયોજનની રીતમાં આમૂલ પરિવર્તન નહીં કરવામાં આવે તો પરીક્ષાઓનાં પ્રશ્નપત્ર લીક થતાં જ રહેશે.

## જૈન ધર્મનું ભારતીય વિચારધારામાં પ્રદાન વિષય પર વડોદરામા ૭મીએ વાર્તાલાપ

વડોદરા

"જૈન ધર્મનું ભારતીય વિચારધારામાં પ્રદાન" વિષય પર તજજ્ઞ વક્તા પરાગભાઈ શાહ તા.૭ ને શનિવાર સાંજે ૭ કલાકે વડોદરાના માંજલપુરના વિશ્વામિત્રી વિસ્તારના સદગુરુ કબીર જ્ઞાનાશ્રમ ખાતે વકતવ્ય આપશે.તેઓના વકતવ્યમા ધર્મ અને દર્શન: ભેદ અને સંબંધ ,જૈન ધર્મની રૂપરેખા,જૈન દર્શન અને તેની વિશેષતાઓ,ભારતીય વિચારધારાની ઝલક,વિચારધારા અને જીવન શૈલીની છણાવટ કરશે.વક્તા પરાગ ભાઈ, વિજ્ઞાન શાખાના સ્નાતક છે, વંચિત અને પછાત બાળકો માટે, કશુંક કરવાની ઈચ્છાથી પ્રેરાઈ, વ્યવસાય આટોપી, હાલમાં સંપૂર્ણ રીતે સમાજ સેવાના કામો માં, નિવૃત જીવનનો સદુપયોગ કરે છે.

ગાંધીજીવનથી પ્રેરિત થઈ, ખાદીને વર્યા છે, અને ગાંધી વિચારધારાથી સંલગ્ન સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ધાર્મિક અને આધ્યાત્મિક વાંચનમાં રુચિ છે અને જૈન દર્શનના અભ્યાસુ છે, એટલું જ નહીં, પરંતુ, જીવનને પણ આદર્શ અનુરુપ બનાવવાના પ્રયત્નોમાં લાગેલા રહ્યા છે.

<u>આત્મચિંતન</u>

## આવો પરમાત્માને શોધીએ

જિન ખોજા તીન પાઈઆ ગહરે પાની પૈઠ, મૈં ડુબન ડરી રહી કિનારે બૈઠ ।

ઈશ્વરને શોધવા માટે, તેને પ્રાપ્ત કરવા માટે આપણે વિવિધ પ્રકારના પ્રયત્ન કરીએ છીએ, પરંતુ તેને મેળવી શકતા નથી. કહેવાય છે તે સર્વત્ર છે, દરેક જગ્યાએ છે તો પછી કેમ નથી દેખાતો ?તેને પ્રાપ્ત કરવા માટે ધન, વૈભવ, જીવન સુધી નષ્ટ કરીએ છીએ પણ મેળવી શકતા નથી અંતે નિરાશ થઈને કહીએ છીએ કે ઈશ્વર નથી.ભાઈ ઈશ્વર છે.. પરંતુ તેને શોધવામાં આપણે ભૂલ કરીએ છીએ, આપણે તેને ધન વૈભવથી નથી મેળવી શકતા. જો આપણે તેને મેળવવો છે તો પ્રમે કરવાનું શીખો. પ્રાણીમાત્રથી પ્રેમ કરો. જડ-ચેતનને પ્રમે કરો, આત્માને પ્રેમ કરો.તેને મેળવવા જંગલમાં જવાની,ધુણી ધખાવવાની, ધન વૈભવ નષ્ટ કરવાની જરૂર નથી. જ્યારે તે સર્વત્ર છે તો આપની પાસે પણ હશે જ, હશે નહીં છે જ કયાં ? આપના શરીરમાં..

જેને તમે આત્મા કહો છો શું તમે કયારે પોતાની આત્માના અવાજ પર કયારે ધ્યાન આપ્યું છે ? ના.. આ જ કારણ છે કે તમે તેને શોધી શકતા નથી.

વિચાર કરો જ્યારે તમે બોલો છો, ચાલો છો, કામ કરો છો, વિચારો છો કે સારૂં કામ કરવાની પ્રેરણા થાય છે તો તે કયાંથી અને કોણ કરે છે ? જ્યારે તમે કોઈને નુકશાન પહોંચાડવાનો વિચાર કરીને ચાલો છો ત્યારે કોઈ તમને રોકે છે કે આવું ના કરો.. તે કોણ છે ? તે આપણી અંદર હાજર છે.. તેને પોતાની અંદર પ્રાપ્ત કરી શકાય છે..

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# મોદીને મહાત કરવાની ચાવી રાહુલને મળી ગઈ છે?

## રાજકારણના રંગ

મહેશ દોશી

**ગરીબી, મોંઘવારી, બેરોજગારી તેમજ દલિતો અને ખેડૂતોના પ્રશ્નો માત્ર મોદી સરકારની જ દેણ હોય તેવા કોંગ્રેસના પ્રચાર, યુવાવર્ગની ઉશ્કેરણી અને ભાજપવિરોધી રાજકીય ધ્રુવીકરણ ભાજપ માટે મોટા પડકારરૂપ સાબિત થશે.**

ઉત્તરપ્રદેશમાં તાજેતરની પેટાચૂંટણીના પરિણામોમાં ભાજપના કરૂણ રકાસ પછી કોંગ્રેસ સહિતના તમામ વિરોધપક્ષો તેમજ પ્રાદેશિક પક્ષો જોરમાં આવી ગયા છે. ભાજપ વિરોધી શંભુમેળા રચવાના હાકલા પડકારા અને ઘોંઘાટ વધવા લાગ્યા છે. કોઈપણ ભોગે કેન્દ્રમાં ભાજપ ફરી સત્તા પર આવે નહીં તે માટે તડજોડ થવા લાગી છે. કટ્ટર રાજકીય શત્રુતા ધરાવતા પક્ષો પણ ભાજપને પાડી દેવા માટે દુશ્મનાવટ ભૂલીને દોસ્તીનો હાથ લંબાવવા લાગ્યા છે. ભાજપના સાથી પક્ષોના દિલમાં ય ભાજપના કટ્ટર શત્રુઓ માટે કૂણી લાગણીના અંકૂરો ફૂટવા લાગ્યા છે.

**ભાજપી વાઘનો ભય**

૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં જો ભાજપના વાવટા ફરીથી ફરકે તો કોંગ્રેસ અને તેના સાથી પક્ષો જ નહીં, એનડીએની અંદરના અને બહારના બધા પ્રાદેશિક પક્ષોનું રાજકીય અસ્તિત્વ સમાપ્ત થઇ જશે એવા ભયથી તેઓની અંદર એકબીજા માટે પ્રીતિ જાગી રહી છે. ગત માર્ચના બીજા સપ્તાહમાં મળેલા કોંગ્રેસના મહાઅધિવેશનમાં પણ આ ભય સ્પષ્ટ દેખાઈ આવ્યો હતો. ભાજપ સામે કોંગ્રેસનું આક્રમક વલણ અને 'લાઈક માઈન્ડેડ' પક્ષોને એકસંપ કરવાના નિર્દેશો 'ભાજપી વાઘ'નો ડર તેઓને કેટલી હદે સતાવી રહ્યો છે તેના પ્રમાણરૂપ છે.

**પ્રજાના નામે નાટકો ભજવાશે**

રાજકારણમાં કોઈ, કદીયે કાયમી શત્રુ કે કાયમી મિત્ર હોતા નથી; કાયમી હોય છે નર્યો રાજકીય સ્વાર્થ. આના અનેક દ્રષ્ટાંતોની ભારતીય પ્રજા સાક્ષી છે. આગામી લોકસભા ચૂંટણીઓ સુધીમાં આવા સંખ્યાબંધ નાટકો અને ખેલ વધુ એક વખત જોવા મળશે. પ્રજાના નામે, પ્રજાના પૈસે અને પ્રજાના જ જોખમે સંપૂર્ણપણે સ્વાર્થમંડિત અને સિધ્ધાંતવિહીન વરવાં નાટકો ખેલાશે. કોઈપણ ભોગે સત્તા બથાવી પાડવા માગતા નેતાઓ અને રાજકીય પક્ષોના નગ્ન નાચ તેમજ ભયંકર કાવાદાવા મતદાર નામનો દર્શક મૂક બનીને, લાચાર બનીને નિહાળશે.

**સંઘે શક્તિ કલિયુગે**

એક બાબત બહુ સ્પષ્ટ છે. ભાજપવિરોધી તમામ પક્ષો સુપેરે સમજી ગયા છે કે, એકસંપ થયા વિના ભાજપને નાથી શકાશે નહીં. આજે કોંગ્રેસ પોતાના અસ્તિત્વની સૌથી નબળી સ્થિતિ ભોગવી રહી છે. પરંતુ, ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ તેમજ જુદા-જુદા રાજ્યોની પેટાચૂંટણીઓમાં ભાજપના નબળા દેખાવને કારણે કોંગ્રેસ ઉત્સાહમાં આવી ગઈ છે. રાહુલ ગાંધીને મોદી સરકારની નબળાઈઓ શું છે તેની જાણે ખબર પડી ગઈ છે.

**કોંગ્રેસની રમત**

ગરીબી, મોંઘવારી, ખેડૂતો અને દલિતોના પ્રશ્નો તેમજ યુવાનોમાં બેરોજગારી આ બધી સમસ્યાઓ કંઇ આજ-કાલની નથી. છતાં, એ માત્ર મોદી સરકારની દેણ હોય તે રીતે રાહુલ ગાંધી ઉછાળી રહ્યા છે. સંવેદનશીલ મુદ્દાઓને જોર-શોરથી ચગાવવા, ભાજપ સત્તામાં હોય તેવા રાજ્યોમાં સત્તાવિરોધી વાતાવરણને વધુ ભડકાવવા અને બીજીતરફ ભાજપવિરોધી ધ્રુવીકરણ કરવાની કોંગ્રેસની રમતને ભાજપ હળવાશથી લઇ શકે તેમ નથી.

**રાહુલની 'યુવાશક્તિ'**

કોંગ્રેસ સારી રીતે જાણે છે કે, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, કર્ણાટક, આસામ, પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશ અને દિલ્હીમાં તેની ઉપરોક્ત રમત સફળ થઇ શકે અને ભાજપને હંફાવી શકાય તેવા 'ઉજળા' સંજોગો છે. બિન-સંગઠિત ક્ષેત્રના લોકોને અસંતોષના નામે અને યુવાવર્ગને બેરોજગારીના મુદ્દે સરકાર વિરુદ્ધ બહુ સહેલાઈથી ઉશ્કેરી શકાય છે. આ હકીકતનો મહત્તમ ઉપયોગ કરીને રાહુલ ગાંધી લોકસભાની ચૂંટણીઓ પહેલાં દેશભરમાં ભાજપવિરોધી જુવાળ ઊભો કરવા માગે છે. ભાજપની 'સંઘ-શક્તિ' સામે રાહુલ યુવાશક્તિને મેદાનમાં ઉતારશે. યુવાનોને ભડકાવીને મોદીને આર્થિક મુદ્દાઓ પર હરાવી શકાય તેમ હોવાની પ્રતીતિ કોંગ્રેસની નેતાગીરીને ગુજરાતના પરિણામો પછી થઇ ગઈ છે.

**'દુશ્મનનો દુશ્મન એટલે મિત્ર'**

ભાજપની વધતી તાકાતે અત્યંત અકળાઈ ઉઠેલા પક્ષોનું ધ્રુવીકરણ થાય તે ભારતીય રાજ-કારણમાં સ્વાભાવિક છે. યુપીમાં સપા અને બસપા એકસંપ થાય તેવી કલ્પના પણ કરી શકાતી નહોતી. આજે તેઓ ભેગા મળીને ભાજપ સામે ચૂંટણી લડવા તૈયાર થયા છે. મમતા બેનરજી બિન-ભાજપ, બિન-કોંગ્રેસ મોરચો રચવાના દાખડા કરી રહ્યાં છે. સોનિયા ગાંધી, શરદ પવાર અને મુલાયમસિંહે પ્રીતિભોજન કરાવ્યાં. તેલુગુ દેશમે એનડીએ સાથે છેડો ફાડ્યો. શિવસેના શરૂઆતથી જ ભાજપ સામે શિંગડા ભરાવી રહી છે તો રાજ ઠાકરેએ 'મોદી-મુક્ત ભારત'ની હાકલ કરી દીધી છે. બિહારમાં નીતિશકુમાર અસ્તિત્વ કેમ ટકાવવું તેની મૂંઝવણમાં છે. એનડીએના બીજા નાના-મોટા સાથી પક્ષોનો સૂર પણ બદલાઈ ગયો છે.

**ભાજપનો દાવ નિષ્ફળ?**

ટૂંકમાં કહીએ તો, મોદી અને શાહે યુપી, મહારાષ્ટ્ર, બિહાર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, તેલંગણા તેમજ રાજધાની દિલ્હીમાં એકસંપ વિપક્ષોનો સામટો સામનો કરવો પડશે. કોંગ્રેસ ભાજપ વિરોધી પક્ષો સાથે કૂલડીમાં ગોળ ભાંગવા તૈયાર છે. કોંગ્રેસ મહાઅધિવેશનમાં આનો પડઘો પડ્યો હતો. લોકસભા ચૂંટણીઓને નરેન્દ્ર મોદી વિરુદ્ધ રાહુલ ગાંધી વચ્ચેની લડાઈ બનાવવાનો ભાજપનો દાવ આને કારણે નિષ્ફળ થઇ શકે છે. હવે જોવાનું એ રહે છે કે, કોંગ્રેસ રાહુલને વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે રણમેદાનમાં ઉતારશે કે પછી ભાજપને મૂંઝવણમાં રાખવા માટે આ બાબત સંદિગ્ધ રાખશે.

**મોદીની શક્તિના પારખાં થશે**

હવે દેખાવ એવો થવાનો છે કે, એક બાજુ ભાજપ હશે અને સામેની બાજુ બાકીના તમામ પક્ષો હશે. આ સ્થિતિ ભાજપને સત્તાભ્રષ્ટ કરશે કે ભાજપને વધુ બળવાન બનાવશે એ તો સમય જ કહેશે. નરેન્દ્ર મોદી પોતાના રાજકીય સૂર્યોદયની શરૂઆતથી જ આવી સ્થિતિનો સામનો કરતા આવ્યા છે. એક સમયે 'એકલા મોદી વિરુદ્ધ આખું જગત' એવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. છતાં, અત્યંત મક્કમ રાજકીય મનોબળ અને દઢ આત્મશક્તિ દ્વારા તેઓ દુનિયાના સૌથી મોટા લોકશાહી રાષ્ટ્રનું સર્વોચ્ચપદ હાંસલ કરી શક્યા તે હકીકત કોણ નકારી શકશે? મોદી પોતાની આ શક્તિનો ૨૦૧૯માં કેવો ઉપયોગ કરી શકે છે તે જોવાનું રસપ્રદ બનશે.

**રાહુલને ચિંતા નથી**

ભાજપને હવે પડકારી શકાય તેમ છે તે જાણવા છતાં, કોંગ્રેસ એ પણ સારી રીતે સમજે છે કે, મોદી-શાહની માફક રાહુલ ચોવીસ કલાક ને ત્રણસો પાંસઠેય દિવસ પક્ષ માટે કામ કરી શકે તેમ નથી. પક્ષના કાર્યકર્તાઓ અને અન્યો પણ તેમને સહેલાઈથી મળી પણ શકતા નથી. આમ છતાં, રાહુલ પોતાના અત્યાર સુધીના અત્યંત નબળા દેખાવ વિષે ચિંતિત હોય તેમ જણાતું નથી. તાજેતરમાં એમણે કબુલ કર્યું હતું કે, દરેક પરાજય કંઇક શીખવે છે અને પોતાના લડવાના મનોબળને મજબૂત બનાવે છે.

**વ્યૂહરચના કસોટીની એરણે**

કોંગ્રેસને દરેક રાજ્યમાં સુગઠિત કરવાની અનિવાર્યતા રાહુલને ઘણા વખતથી સમજાઈ ગઈ છે. પક્ષના માળખામાં મોટા ફેરફાર કરવાના નિર્દેશો તેઓ ત્રણેક વર્ષથી આપી રહ્યા છે. તાજેતરમાં તેમણે કેટલાંક રાજ્યોમાં પ્રદેશ નેતાગીરીમાં ફેરફાર કર્યા છે. કોંગ્રેસમાં બીજો સુધારો ના થાય તો કંઈ નહી પરંતુ, યુવાનોના ખભે બંદૂક રાખીને ભાજપ સામે લડવા માટે કોંગ્રેસના કાર્યકર્તાઓને તૈયાર કરવાના પ્રયાસો રાહુલે આદરી દીધા છે. જો કે, કોંગ્રેસ મહાસમિતિની પુન:રચના, કાર્યકારિણી સમિતિઓ અને મધ્યસ્થ ચૂંટણી સમિતિમાં નિમણૂકો, પ્રદેશ પ્રમુખોમાં ફેરફાર તેમજ કર્ણાટકના ચૂંટણી પરિણામો રાહુલની વ્યૂહરચના કેટલી સફળ છે તે દર્શાવી દેશે.

'મોદી ઔર શાહ ને ભી...'

''ભાજપ એક સંગઠનનોઅવાજ છે અને કોંગ્રેસ રાષ્ટ્રનો અવાજ છે'' તેવા રાહુલના વિધાનો એવું સૂચવે છે કે, ભાજપની શક્તિ આરએસએસ છે જ્યારે કોંગ્રેસની શક્તિ ખુદ પ્રજા છે. આથી મોદી શાસનમાં પોતાનું કોઈ ભવિષ્ય નથી તેવું માનતા યુવાનોની તાકાતથી મોદીને નાથી શકાશે. ભારતને સુપર-પાવર બનાવવાની વાત કરનાર મોદી યુવાનોને રોજગારી અને ખેડૂતોને રાહત આપી શકતા નથી એવા રાહુલના પ્રચારને હાલ તો, આવકાર મળી રહ્યાનું દેખાય છે. પરંતુ, ''મોદી ઔર શાહ ને ભી કચ્ચી ગોલિયાં નહીં ખેલી હૈ'' એ ન્યાયે લોકસભા ચૂંટણીઓના મતદાનના દિવસ સુધીમાં દેશનું રાજકારણ કેવો પલટો મારે છે તેના પર કોંગ્રેસ અને રાહુલ ગાંધીની સફળતાનો આધાર રહેશે. —અસ્તુ.

**મહેશ દોશી, (પૂર્વતંત્રી 'ફૂલછાબ')**

**m-doshi @ hotmail.com**

## ડેન્યુબ ગ્રૂપ દ્વારા ફિલ્મફેર મિડલ ઈસ્ટ મેગેઝીન ફરી લોન્ચ કરાયું



દુબઈ

યુએઈના વિશાળ અને વૈવિધ્યપૂર્ણ કોન્ગલોમરેટ ડેન્યુબ ગ્રૂપ દ્વારા દુબઈના બોલિવૂડ પાર્ક્સના રાજ મહલ થિયેટરમાં ડાયનેમિક મીડિયા ઈન્ડસ્ટ્રીમાં ૩૦ માર્ચ, ૨૦૧૮ના રોજ ભવ્ય પ્રવેશ ફિલ્મ અને સેલિબ્રિટી મેગેઝિન 'ફિલ્મફેર મિડલ ઈસ્ટ'ના રિ-લોન્ચ સાથે કરાયો છે. ઝાકઝમાળભરી આ ઈવેન્ટમાં ક્લાસ, લક્ઝરી, સ્ટાઈલ અને કેટલીક અવિસ્મરણીય પળો ભારત અને પાકિસ્તાની સિનેમાની હસ્તીઓ જેમકે દીપિકા પાદુકોણ, કરન જોહર, ફવાદ ખાન, મેહવિશ હયાત, મનિષ મલ્હોત્રા, જેકી શ્રોફ, દિયા મિર્ઝા તેમજ ડેન્યુબ ગ્રૂપના સ્થાપક અને ચેરમેન રિઝવાન સાજન તથા દુબઈના મહાનુભાવો સાથે સામેલ રહી હતી. અરમાન મલિક, અમન મલિક, ઉષા ઉથુપ અને બપ્પી લાહિરી જેવા ગાયકોએ હાઈ નોટ્સ પર સાંજના સમયનો ટેમ્પો તેમણે પોતાની સ્ટાઈલમાં ઓડિયન્સને મંત્રમુગ્ધ કરીને વધાર્યો હતો. આ ઉપરાંત ખરા અર્થમાં પ્રતિભાશાળી ભારતી સિંઘે લોકોને ખૂબ હસાવ્યા હતા. આ સાથે ખ્યાતનામ અભિનેત્રી શ્રીદેવીને અનેક અગ્રણી સિતારાઓએ શ્રદ્ધાંજલિ અર્પી હતી.નીડર, પ્રતિભાશાળી અને સ્ટનીંગ દિપિકા પાદુકોણે આ ઈવેન્ટમાં મેગેઝિનનું કવર રજૂ કર્યુ હતું.

## ૮માં થિયેટર ઓલિમ્પિક્સમાં "પતલૂન" ની પ્રસ્તુતિ એ જીત્યું દર્શકોનું દિલ



અમદાવાદમાં ચાલી રહેલ ૮માં થિયેટર ઓલિમ્પિક્સ અંતર્ગત રવિવારે ટાગોર હોલમાં દર્શકોને હિન્દી નાટક પતલૂન જોવાનો અવસર મળ્યો, મનીષ જોશી દ્વારા નિર્દેશિત આ નાટક માનવીય આકાંક્ષાઓ પાર આધારિત છે, જેમાં એક વ્યક્તિની સંબંધો ની જગ્યા એ નિર્જિવ વસ્તુઓની જરૂરિયાતો પર ભાર મુકવામાં આવ્યું છે. આ નાટકની પ્રસ્તુતિ જાદુઈ ભ્રમ, પપેટરી, કથક નૃત્ય અને શ્રેષ્ઠ ડાન્સર્સના એક ગ્રુપની સાથે તૈયાર કરવામાં આવી છે.

## મેરે સાઈના સેટ પર અબીર ભાવુક થઈ ગયો



આજની દોડધામભરી જીંદગીમાં, આજીવિકા માટે સંખ્યાબંધ લોકો તેમના ઘર અને પ્રિયજનોથી દૂર રહે છે. આગળ વધવા માટે અવિરત ચાલતા આ સંઘર્ષમાં, આપણામાંથી ઘણા લોકો એવા છે કે પોતાના પ્રિયજનો- માતાપિતા, ભાઈબહેન અને મિત્રો સાથે થોડો સમય પણ વિતાવવાનું ભુલી જાય છે. જુના જમાનામાં લોકો પરમ સત્ય અને શાંતિ મેળવવા માટે પોતાનું ઘર છોડતા હતા. સોની એન્ટરટેઈન્મેટ ટેલિવિઝન પર 'મેરે સાઈ'માં કંઈક આવી જ વાત રજૂ કરવામાં આવી છે જેમાં દેવીદાસના શિષ્ય દામોદરે પોતાના વૃદ્ધ માતાપિતાને ઘરે છોડી દીધા અને ઈશ્વરની શોધમાં ગુરુનાં પગલે નીકળી જાય છે.આ શોના આગામી એપિસોડમાં, સાઈ બાબા દામોદરને સમજાવશે કે તેણે તેના માતાપિતાને એકલા છોડી દીધા છે અને વૃદ્ધ વયે તેમની કાળજી લેવાની તમામ જવાબદારી દામોદરની છે. અબીર સૂફી આ શોમાં સાઈની ભૂમિકામાં છે, જે આ ટ્રેકનું શુટિંગ કરતી વખતે સેટ પર ભાવુક થઈ જાય છે અને તેની આંખમાંથી આંસુ સરવા લાગે છે. અબીરે ઉત્તરપ્રદેશના નાના શહેરમાં રહેતી માતાથી દૂર મુંબઈમાં સ્થાયી થઈને અભિનયનું પ્રોફેશન અપનાવ્યું છે.દર સોમવારથી શુક્રવાર સાંજે ૭:૩૦ કલાકે જુઓ 'મેરે સાઈ' માત્ર સોની એન્ટરટેઈન્મેટ ટેલિવિઝન પર

## લાવાએ ફેસ રેકગ્નિશન, ફૂલ વ્યૂ HD + ડિસ્પ્લે સાથે Z91 લોંચ કર્યો

નવી દિલ્હી



મોબાઈલ હેન્ડસેટ ઉદ્યોગમાં અગ્રણી ભારતીય બહુરાષ્ટ્રીય કંપની લાવા ઈન્ટરનેશનલ લિમિટેડે આજે લાવા ઢ૯૧ લોંચ કરીને તેની અતિ સફળ ઢ સીરિઝમાં વધુ એક સ્માર્ટફોન ઉમેર્યો છે. ઢ૯૧માં ડિઝાઈન અને નવી ટેકનોલોજીઓનો સુભગ સમન્વય થયો છે – જે ફેસ રેકગ્નિશન સહિત વિવિધ નવીન ખાસિયતો ધરાવે છે. ફેસ રેકગ્નિશન ૦.૭ સેકન્ડની અંદર યુઝરનાં ફેસને સ્કેન કરીને ફોનને અનલોક કરે છે. Z91 આકર્ષક બ્લૂ કલર, ૧૮:૯ વાઈડ-સ્ક્રીન ડિસ્પ્લે અને ઉત્તમ ગ્લાસ ફિનિશ સાથે શ્રેષ્ઠ લૂક સાથે ડિવાઈઝ એપ્રિલ, ૨૦૧૮ની મધ્યમાં ૧૦૦,૦૦૦ રિટેલ સ્ટોર્સમાં ઉપલબ્ધ થશે. ડ્યુઅલ સિમ લાવા Z91 5.7 ઈંચ HD+ ડિસ્પ્લે (૧૮:૯) રિઝોલ્યુશન, ૨.૫ડી કર્વ્ડ ડિઝાઈન, અતિ સ્લીક બોડી (૭.૭ એમએમ જાડાઈ) ધરાવે છે, છતાં એક હાથથી સરળતાપૂર્વક અને સુવિધાજનક નેવિગેશનની સુવિધા પ્રદાન કરે છે. Z91ની મજબૂત અને સ્ક્રેચ અવરોધક સ્ક્રીન તેને ભરોસાપાત્ર ડિવાઈઝ બનાવે છે. તેને સિંગલ ચાર્જમાં ૨૪ કલાક ઉપયોગ કરી શકાય એ માટે ૩૦૦૦એમએએચ બેટરી ધરાવે છે.

સ્માર્ટફોન બે વર્ષની વોરન્ટી પણ આપે છે, જે કંપનીની ઉત્પાદન ગુણવત્તા અને વિશ્વસનિયતાને પ્રતિપાદિત કરે છે, જેને સંશોધન અને વિકાસ તથા ઉત્પાદનમાં મોટાં રોકાણનું પીઠબળ પ્રાપ્ત છે. લાવા Z91 ભારતી એરટેલ પાસેથી રૂ. ૨,૦૦૦ કેશબેકની આકર્ષક ઓફર ધરાવે છે.ઉપરાંત ડિવાઈઝની ખરીદી કર્યાની તારીખથી એક વર્ષની અંદર તેની સ્કીન તૂટી જાય તો ફ્રી વન-ટાઈમ સ્ક્રીન રિપ્લેસમેન્ટની સ્પેશ્યલ લોંચ ઓફર પણ કરે છે.

## આદિત્ય બિરલા સન લાઈફ રિસર્જન્ટ ફંડ-સિરીઝ ૬એરૂ. ૬૨૮ કરોડનું ભંડોળ એકત્ર કર્યું

મુંબઈ

આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ (કે જે અગાઉ આદિત્ય બિરલા ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)ની પેટાકંપની અને આદિત્ય બિરલા સનલાઈફ મ્યુચ્યુઅલ ફંડ (એબીએસએલએમએફ)ની ઈન્વેસ્ટમેન્ટ મેનેજર આદિત્ય બિરલા સન લાઈફ એએમસી લિમિટેડે (જે અગાઉ બિરલા સન લાઈફ એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ તરીકે ઓળખાતી હતી) તેની નવી ફંડ ઓફર - આદિત્ય બિરલા સન રિસર્જન્ટ ઈન્ડિયા ફંડ - સિરીઝ ૬ હેઠળ રૂ. ૬૨૮ કરોડનું ભંડોળ ઊભું કર્યું છે. ૨૧ ફેબ્રુઆરી - ૭ માર્ચ ૨૦૧૮ દરમિયાન લોન્ચ થયેલી ક્લોઝ-એન્ડેડ ડાઈવર્સિફાઈડ ઈક્વિટી સ્કીમ ("ધ ફંડ") એલોટમેન્ટ તારીખથી અને સાથે ૩.૫ વર્ષની મુદત ધરાવે છે."ગ્રામીણ અર્થતંત્રના પુનરુત્થાનમાંથી લાભ થાય તે રીતે એબીએસએલ રિસર્જન્ટ ઈન્ડિયા ફંડનું આયોજન કરવામાં આવ્યું છે. સરકાર ગ્રામીણ ભારતમાં આર્થિક પુન:પ્રાપ્તિ પર ભાર મૂકી રહી છે અને તેનો લાભ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે ક્ષેત્રોને મળશે તેવાં ક્ષેત્રો પર આ ફંડ ભાર મૂકી રહ્યું છે. આ ફંડ દ્વારા પેદા થયેલો રસ એ રિટેલ રોકાણકારોના ભારતીય અર્થતંત્રની વૃદ્ધિમાંથી લાભ મેળવવા માટેના વધતી રુચિનો મોટો સંકેત છે.

## શ્રી ગુરપ્રતાપ બોપારાઈ સ્કોડા ઓટો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડમાં નવા મેનેજિંગ ડાયરેક્ટર તરીકે ચાર્જ સંભાળ્યો



સ્કોડા ઓટો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (એસએઆઈપીએલ) નાં મેનેજિંગ ડાયરેક્ટર તરીકે ગુરપ્રતાપ બોપરાઈએ ચાર્જ સંભાળ્યો છે.બોરપાઈ આંતરરાષ્ટ્રીય અને ભારતીય ઓટો મોબાઈલ ઉદ્યોગમાં બહોળો અનુભવ ધરાવે છે. પોતાની નવી ભૂમિકામાં તેઓ સ્કોડા ઓટોનાં સીઈઓ બર્નહાર્ડ માઈરને સીધું રિર્પોટિંગ કરશે. મોટી ઉત્પાદન કામગીરીનાં વ્યવસ્થાપનમાં પોતાની કુશળતા પર તેઓ સ્થાનિક બજારમાં સ્કોડાનાં ભવિષ્યનાં વિકાસ માટે જવાબદાર રહેશે."જ્યારે સ્કોડા ભારતીય બજારમાં તેની પોઝિશન મજબૂત કરવા મક્કમ છે, ત્યારે શ્રી બોરપાઈની નિમણૂક થઈ છે. તેઓ પોતાની સાથે ભારતીય ઓટોમોટિવ સેગમેન્ટમાં કામ કરવાનો બહોળો અનુભવ લાવ્યાં છે, જે કંપનીને વિસ્તૃત વિસ્તરણ યોજનાનો અમલ કરવા સક્ષમ બનાવશે. તેમને બોર્ડ પર લેવાની સાથે અમે ભારતમાં અમારી બ્રાન્ડની વૃદ્ધિ સાથે આગળ વધવાનું ચાલુ રાખીશું."ભારતીય બજાર સ્કોડાની ભવિષ્યની વૃદ્ધિ વ્યૂહરચના માટે અતિ મહત્ત્વપૂર્ણ છે. વર્ષ ૨૦૧૭માં ભારતમાં સ્કોડાની ડિલિવરીમાં લગભગ ૩૦ ટકા વધારો થઈને ૧૭,૪૩૮ કાર (+૩૦ ટકા વૃદ્ધિ, વર્ષ ૨૦૧૬ની સરખામણીમાં) થઈ છે.

આગામી વર્ષોમાં સ્કોડા ઉપખંડ પર વૃદ્ધિનાં પ્રવાહને નોંધપાત્ર રીતે મજબૂત કરવાનો ઈરાદો ધરાવે છે અને ભારત આ વૃદ્ધિની વ્યૂહરચનામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## આર્શિયા મુખર્જી વરુણ ધવનના રસ્તે આગળ વધી રહી છે!



ઝી ટીવીના પ્રાઈમટાઈમની શરૂઆતમાં રજૂ થતો કાલ્પનિક શો ભૂતુએ તેની રસપ્રદ વાર્તા અને આકર્ષક વણાંકોથી દર્શકોનું ધ્યાન ખેંચ્યું છે. શોના નકારાત્મક પાત્ર-મોહિની (શિવાંગી વર્મા) અને બોબી (તુષાર ખન્ના) વચ્ચેના ઊંડાણપૂર્વકના નાટકને રજૂ થયા બાદ, હવે, શોમાં નવા પાત્ર શોનાનો પ્રવેશ થયો છે. શોના દ્વારા મોહિની અને બોબી સમગ્ર ઘર પર કબજો જમાવવા ઈચ્છે છે અને તે અગ્રણી જોડી આનંદિતા (આકાંક્ષા ચમોલા) અને વિક્રમ (કપિલ નિર્મલ) પાસેથી આંચકી લેવા ઈચ્છે છે. વાર્તામાં ત્યારે રસપ્રદ વણાંક આવે છે, જ્યારે સોના પિહુ જેવી દેખાય છે, તો હવે આ સારા ભૂત અને તેના જેવી દેખાતી વખતે, અત્યંત રસપ્રદ નાટકનું સર્જન થાય છે!કલાકાર આર્શિયા મુખર્જી, જે પિહુનું પાત્ર ભજવી રહી છે, તે શોના જેવી જ દેખાય છે, તે પોતાની જાતને બોલિવૂડના કલાકાર વરુણ ધવનની મોટી ચાહક ગણાવે છે. જ્યારે આ નાનકડી છોકરીએ પિહુ જેવા જ દેખાવની એક છોકરીના પ્રવેશ અંગે સાંભળ્યું, ત્યારે તેને પ્રથમ વખત ડલબ રોલ કરવા મળશે એવી તક મળશે એ સાંભળીને અત્યંત ઉત્સાહિત બની ગઈ.ખરેખર તો, આર્શિયાએ નવા પાત્ર માટે ઘણી તાલિમ લેવાની હતી અને તેને પોતાની પસંદગીના કલાકાર વરુણ ધવન પાસેથી પ્રેરણા લીધે જેથી કરીને તે આ પાત્ર નિભાવી શકે,શું શોના મોહિની અને બોબીને, આનંદિતા પાસેથી તેમનું ઘર પડાવવામાં સફળતા મેળવવામાં મદદ કરશે?વધુ જાણવા માટે જોતા રહો, ભૂતુ, દર સોમવારથી શુક્રવાર સાંજે ૬.૩૦ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભકિતને લગતાં સાહિત્યનાં અજવાળાં...

## સુવાકયો

સાવધ રહેતો માનવી ક્યારેક જ ભૂલ કરે છે.
બધી નિરાશાનું મૂળ ઉતાવળ છે. વિજયને આવતાં હંમેશાં વાર જ લાગે છે. એનો માર્ગ ખંતથી ખેડી જ રાખવો જોઈએ.
હું મારૂ દરેક કામ કરતી વખતે દુનિયામાં તે વખતે બીજી કોઈ ચીજ છે જ નહિ એમ માનીને કામ કરૂ છું
મોટા કામ કરો, પણ મોટા વચન ન આપો.
એ માનવી ખૂબ જ નસીબદાર છે, જે પોતાની ઈચ્છાઓ અને શક્તિઓ વચ્ચેની ખીણનું અંતર જાણી લે છે.
સમયનો સાચો ઉપયોગ કરવો એ સમયને બચાવવા બરાબર છે.
નાનું અમથું અભિમાન પણ મોટી ભુલ કરાવી દે છે.
આપનારનું હૃદય ભેટને વ્હાલી અને કીંમતી બનાવી દે છે.
કાયર ત્યારે જ ધમકી આપે છે જ્યારે એ સલામત હોય છે.



**આરાધના** નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

# ભગવાનને ધરાવીને જમીએ તે પ્રસાદ

જે પરમાત્મા અત્ર, તત્ર સભર ભરેલા છે તેને અનુભવવાનો પ્રયત્ન ઋષિઓએ અનેક રીતે કર્યો છે. જપ દ્વારા, તપ દ્વારા, યજ્ઞ દ્વારા, પૂજન-અર્ચન અને અનુષ્ઠાન કરતાં કરતાં પરમ તત્વને પામી શકવાના અનેક ઉપાયોમાંથજી જેને જેને જે પ્રકાર અનુકુળ આવે તે રીતે ભગવાનને ભજવાનો મહીમા આપણા પુરાણોમાં વાંચવા મળે છે. આપણે મંદિરમાં મૂર્તિની સ્થાપના કરીને તેની સેવા, પૂજા, અર્ચના કરીએ છીએ. જ્યારે મુસલમાન મસ્જીદમાં જઈને મૂર્તિ બનાવ્યા વગર અમૂર્ત પરમાત્માની અલ્લાહ કહીને બંદગી અદા કરે છે. ખ્રિસ્તીઓ ચર્ચમાં, શીખો ગુરૂદ્વારામાં અને અન્ય ધર્મના અનુયાયીઓ પોતપોતાને અનુકુળ દેવ દેવીઓ, ગ્રંથોની પુજા કરે છે.

મંદિરમાં ભગવાનની મૂર્તિની પુજા થાય છે તેમની આરતી થાય છે અને પછી ભગવાનનો ભોગ ધરાવાય છે. ભોગ ધરાવીને પછી ભગવાનને જમવા આવવાનું આમંત્રણ આપવા થાળ ગવાય છે પછી હાજર રહેલા દરેક ભકતોને પ્રસાદ અપાય છે. ભગવાનને ધરાવીને પછી જમવાનો અનેરો મહીમા છે.જેમ ભોજન ભગવાનને ધરાવવાથી તે પ્રસાદ બની જાય છે.

એ પ્રસાદ બધાંને આપીને પછી પોતે ખાય છે તે રીતે ભગવાન જે કાંઈ પરીસ્થિતિનું નિર્માણ કરે તે પરમાત્માએ આપેલો પ્રસાદ જ છે તેમ સમજીને જો સ્વીકારવામાં આવે તો સુખ કે દુ:ખ, માન કે અપમાન, લાભ કે હાનિ વગેરે વિકારી ભાવોથી પર થઈ શકાય છે અને હંમેશા આનંદમાં રહી શકાય છે.

અમે નાના હતા ત્યારે મારાં દાદીમાની આંગળી પકડીને અમારા ઘરની સામે પ્રસાદ આપતા આ ચરણામૃત અને પ્રસાદ જમણા હાથમાં લેવાય અને તેને આંખે અડાડીને તેનો અંત:કરણથી સ્વીકાર કરાય તેવો બોધ દાદીમા સમજાવતાં.

પ્રસાદમાં સાકરીયા કે સીંગદાણા ખાંડેલા હોય કે કયારેક ચપટી મોરસ (ખાંડ) હોય પરંતુ આ પ્રસાદ ત્યાં બેસીને તરત જ મોંઢામાં મુકાવતાં અમારી ચેષ્ટાને દાદીમા રોકતા. તેઓ કહેતા, પ્રસાદ ઘરે જઈને બધાંને વેચીને જ ખાવાનો, એકલા એકલા પ્રસાદ ખવાય નહીં.

અમે મુઠ્ઠી બંધ કરીને પ્રસાદ ઘેર લઈ જતા. ઘરમાંથી જે જે સભ્યો મંદિર સુધી ન આવી શકયાં હોય તેમને પ્રસાદ ચપટી, એક બે દાણા આપતા પછી જે વધે તે પ્રસાદ અમે લેતા. એનો આનંદ અનેરો હતો.**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# વિષયેન્દ્રિયસંયોગાદ્યત્તદગ્રેઽમૃતોપમમ્ ।
# પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ।।

માનવ પ્રકૃતિની સર્વ સામાન્ય ખોજ (શોધ) સુખ પ્રાપ્તિને માટે હોય છે. પછી તે સુખભોગ કે વિલાસ હોય તો મનનો, આવેગનો કે દેહનો કોઈ સંતાપ હોય, આપણી પ્રકૃતિમાં જે ગુણ આગળ પડતો હોય તે પ્રમાણે 'સુખ' પણ જુદા જુદા પ્રકારનું હોય છે. આગળના શ્લોકમાં સાત્વિક સુખને સમજાવ્યા બાદ હવે નીચેના શ્લોકમાં 'રાજસ સુખ' ના સ્વરૂપને સ્પષ્ટ કરતાં ભગવાન કહે છે કે :

**વિષયેન્દ્રિયસંયોગાદ્યત્તદગ્રેડ મૃતોપમમ્ ।**
**પરિણામે વિષમિવ તત્સુખં રાજસં સ્મૃતમ્ ।। ૧૮-૩૮ ।।**

'વિષય અને ઈન્દ્રીયોના સંયોગથી (વિષય ઈન્દ્રીય સંયોગાત્)જે સુખ (યત્) આરંભમાં-શરૂઆતમાં (અગ્રે) અમૃત જેવું (અમૃત ઉપમમ્) પરિણામે અંતે (પરિણામે) વિષ-ઝેર (વિષમ્) જેવું છે. (ઈવ) તે તત્ સુખને (સુખમ્) રાજસ, રજોગુણ (રાજસમ્) કહેવું છે કહેવાયેલું છે. (સ્મૃતમ્)'

આ શ્લોકમાં 'રાજસ સુખ' ને સમજાવતાં ભગવાન કહે છે કે વિષયો અને ઈન્દ્રીયોના સંયોગથી ઉત્પન્ન થયેલું જે સુખ શરૂઆતમાં પ્રારંભમાં અમૃત જેવું મીઠું લાગે પણ પરિણામે અંતે ઝેર જેવું લાગે તે સુખ રાજસ, રાજસિક કહેવાય છે. રાજસિક સુખ એ સાત્વિક સુખની વિપરીત છે. અર્થાત્ વિષયો અને ઈન્દ્રીયોના સંયોગથી પેદા થવાવાળું જે સુખ છે એમાં અભ્યાસ કરવો પડતો નથી. કારણ કે એ કોઈપણ યોનિમાં જાય ત્યાં એને વિષયો અને ઈન્દ્રીયોના સંયોગથી થવાવાળું સુખ મળે જ છે. આવા પ્રકારનું સુખ ભોગકાળમાં અમૃત જેવું મીઠું લાગે છે પરંતુ છેવટે તે ઝેર સાબીત થાય છે. જોકે ઈન્દ્રીયોના બધાં જ સુખો ભોગવતી વખતે સુખદ લાગે છે પરંતુ ભોગવ્યા બાદ પરિણામે દુ:ખદ બની જાય છે.

ઈન્દ્રીયો અને તેમના વિષયોમાંથી ઉત્પન્ન અમૃતમય સુખ પરીણામે (અંતે) વિષ (ઝેર) જેવું બને છે તે રાજસિક સુખ કહેવાય છે. આરંભમાં આ સુખને અમૃત જેવું કહેવાનું તાત્પર્ય એ છે કે સાંસારીક વિષયોની પ્રાપ્તિ સમયે આરંભમાં (સંયોગ) થતાં જે સુખ મળે છે તે થોડા સમય બાદ રહેતું નથી. કારણ કે તે સુખ તો ક્ષણીક જ હોય છે. ભોગો ભોગવવાની શક્તિ ક્ષીણ થતાં વિષય ભોગો તરફ અરૂચિ પેદા થાય છે જે દુ:ખના કારણ રૂપ છે.ચિત્તમાં સુખ ન રહેતાં ચિત્તની પ્રસન્નતા દુર થાય છે તેથી રાજસ સુખ આરંભમાં અમૃત જેવું લાગે છે. આરંભમાં વિષયો સુંદર લાગતાં સુખ માલુમ પડે છે પરંતુ અંતે તો સુખ નીરસતામાં દુ:ખમાં જ પરિણત થાય છે.

ઈન્દ્રીયો અને વિષયોના સંયોગથી પ્રાપ્ત થયેલ તમામ સુખ ક્ષણભંગુર હોય છે. જે દુ:ખદાયી નીવડે છે.અધ્યાય-૧૪ ના શ્લોક ૧૬ માં પણ 'રજસ તું ફલં દુ:ખમ' અર્થાત 'રાજસ સુખનું પરિણામ દુ:ખ હોય છે' કઠોપનિષદમાં આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે યમરાજ પાસે ગયેલા નચિકેતાને યજરાજ વિવિધ પ્રકારની લાલચો આપે છે પરંતુ એને તો તત્વજ્ઞાનથી ઓછું કશુંય ખપતું નથી. કારણ કે આત્મજ્ઞાન જ જીવનનું ધ્યેય છે. કઠોપનિષદ: ૧-૧-૨૬ માં નચિકેતા કહે છે, 'શ્વોભાવા મર્ત્યસ્ય યદન્તકૈતસર્વેન્દ્રીયાણાં જરયન્તિ તેજ:' અર્થાત, હે યમરાજ ! ક્ષણભંગુર ભોગો (જે આવતી કાલે ન હોય તેવા) મનુષ્યની ઈન્દ્રીયોનું જે તેજ છે એને ક્ષીણ કરે છે. આમ ભોગોને ઠુકરાવનાર જ સાચો તત્વજ્ઞાની બની શકે છે.વિષયો તથા ઈન્દ્રીયોના સંયોગથી ઉત્પન્ન થયેલું જે સુખ આરંભમાં મનના વિગ્રહ વગેરે કલેશોના અભાવને લીધે અમૃત જેવું લાગે છે

પરંતુ બળ, રૂપ, પ્રજ્ઞા, મેધા, ધન તથા ઉત્સાહ વિનાનું તેમજ અધર્મ અને તેનાથી ઉત્પન્ન થતા આ લોક અને પરલોકના દુ:ખના કારણ રૂપ બને છે તેથી ડાહ્યા માણસે તેનાથી દુર રહેવું જોઈએ. આગળના શ્લોક ૩૭ માં સાત્વિક સુખ માટે પ્રોકતમ્ (કહેવાયેલું)પદ પ્રયોજયું હતુ પરંતુ અહીં રાજસ સુખ માટે 'સ્મૃતમ્' કહેવાયેલું પદ મુકવાનું તાત્પર્ય એ છે કે રાજસ સુખનું ફળ દુ:ખ છે. એનું સ્મરણ કરાવવા માટે જ શ્લોકમાં 'સ્મૃતમ્' પદ મુકયું છે.

**અધ્યાત્મ** ૬૦૫ પ્રિ.ડો.હેમરાજભાઈ આર.પટેલ

**જીવન દર્શન** ભગવાનદાસ બંધુ

# ઓછા પાણીએ વધુ વિકાસ કરીને દુબઈ સહિત સમગ્ર રાષ્ટ્રે એક આગવી પહેચાન ઉભી કરી છે

ઓછામાં ઓછાં વૃક્ષો, ઓછામાં ઓછું પીવાલાયક પાણી, ડ્રીપ ઈરીગેશનથી તૈયાર કરેલી સરસ મજાની લોન અને ગ્રીનરી આ બધી જ બાબતો લોકોની સ્વયંશિસ્તનાં દર્શન કરાવે એવો દુબઈનો પ્રદેશ ખરેખર જોવાલાયક, માણવાલાયક અને સમજવાલાયક છે. અબુધાબીમાં આવેલ ફેરારી વર્લ્ડની એક અલગ જ દુનિયા છે. દુબઈથી અબુધાબી જતાં રસ્તામાં ખજુર, લીમડા, નારીયેળ, ગાંડો બાવળ વિગેરે વૃક્ષો જોવા મળ્યા. દરિયાકીનારે મેગરૂ ફોરેસ્ટ પણ વિકસીત પામેલ છે. અબુધાબી આઈલેન્ડ ઉપર પણ જવાનું થયું. અબુધાબી પોર્ટ પાસેની ખજુર, ચોકલેટ વિગેરેની માર્કેટ જોઈ આનંદ થયો. અબ-ધાબીમાં બપોરનું ભોજન એવરગ્રીન રેસ્ટોરન્ટમાં લીધું. જેના માલિક પોરબંદરના પુનીતભાઈ જોષી છે. સરસ મજાનાં બે શાક, ફુલકા રોટલી, ખીચડી, કઢી, સલાડ, પાપડ, છાશથી ખરેખર ગુજરાતી, કાઠીયાવાડી,ભોજનનો આસ્વાદ લીધો. અબુધાબીના દરિયા કીનારે આવેલ હેરીટેજ વિલેજ જોવાલાયક છે. દરિયાકીનારે સૌએ ફોટોગ્રાફી પણ કરી આનંદ લુંટયો. દરીયાકીનારે મોટી સંખ્યામાં પક્ષીઓ ચણતાં નજરે પડયાં જે જોવાની પણ મજા આવી.

અબુધાબીની સૌથી મોટી હોટલ અમીરાત પેલેસનો બહારનો નજારો અદ્દ્ભુત હતો. શહેરમાં બિલ્ડીંગો ઉપર કે હોટલો ઉપર લીલો, સફેદ અને કાળો રંગ ધરાવતો તેમજ આડો લાલપટ્ટો ધરાવતો ત્યાંનો રાષ્ટ્રધ્વજ ઠેર ઠેર નજરે પડતો હતો. અહીંયા રાષ્ટ્રધ્વજનું ખુબ જ મહત્વ છે. અહીંનું રાષ્ટ્રીય પક્ષી ફાલ્કન (બાજ) છે. અહીંયા રાષ્ટ્રપિતા તરીકે શેખ ઝાવેદ ઓળખાય છે. રવિથી ગુરૂનું પાંચ દિવસનું અઠવાડીયું હોય છે અને શુક્ર-શનિ રજાઓ હોય છે. પાંચ દિવસના અઠવાડીયામાં દરેક વ્યક્તિને ફરજીયાત રોજના આઠ કલાક લેખે અઠવાડીયામાં ચાલીસ કલાક કામ કરવું પડે છે. અહીં આખા વર્ષમાં માત્ર કુલ ૧૩ જાહેર રજાઓ આપવામાં આવે છે. આ રજાઓમાં પણ રમજાન ઈદની ત્રણ, બકરીઈદની ત્રણ, નેશનલ ડેની ત્રણ, પ્રેસીડેન્ટ બર્થડેની એક, નવા વર્ષની એક, નેશનલ કેલેન્ડરની એક અને ઈસ્લામીક કેલેન્ડરની એક મળી કુલ ૧૩ રજાઓ મળે છે. અહીંયા આપણે ઈસ્લામના પાયાના સિદ્ધાંતો શહાદત, રોજા, જકાત, નમાજ અને હજમાં પૂર્ણ વિશ્વાસ રાખે છે. પ્રત્યેક આરબ/મુસ્લિમ રોજની ફજર, જોહર, અસર, મગરીબે અને ઈશા એમ પાંચ નમાજ ફરજીયાત કરે છે પરંતુ આપણા ભારતની જેમ નમાજ સમયે માઈક વગાડીને ધ્વનિ પ્રદુષણ કરાતું નથી. અહીંયા મુસ્લિમો ચુસ્ત ઈસ્લામી છે. પણ પર્યાવરણને પુરતું મહત્વ આપે છે અને ધ્વનિ પ્રદુષણ કે હવાનું પ્રદુષણ ના થાય તેનો પુરેપુરો ખ્યાલ રાખે છે. અબુધાબીમાં સૌથી વધારે ગમી જાય તેવી કોઈ જગ્યા હોય તો તે છે ત્યાંની મસ્જીદ જેનું નામ છે શેખ ઝાવેદ ગ્રાન્ડ મોસ્ક સેન્ટર.

આ મસ્જીદ જોવી એ જીવનનો અમૂલ્ય લહાવો છે. તાજેતરમાં આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજી પણ આ મસ્જીદને જોવા માટે ગયા હતા. અદભુત ગાલીચો, અતિશય ઠંડક, સરસ નકશીકામ, નમુનેદાર બાંધકામ, સુંદર લાઈટીંગ, સરસ ડીઝાઈનીંગ, અદ્દ્ભુત ઝુમ્મરો, સરસ મજાના ચાર ગુંબજ, આકર્ષીત લંબાઈ, પહોળાઈ, સરસ મજાનું ગાર્ડનીંગ આ બધું જ જોઈને મસ્જીદ પ્રત્યેનો આપણો અભિગમ સંપૂર્ણ પોઝીટીવ બની જાય તેવી આ સુંદર જગ્યા છે. આપણા દેશની મસ્જીદો પણ આટલી સુંદર બને તે જરૂરી છે. પાર્કીંગ વિભાગમાં પણ લાઈનો મુજબ અતિ સુંદર પાર્કીંગ વ્યવસ્થા હતી. અહીંયાં સુરેન્દ્રનગરના ડૉ. જયેશભાઈ આચાર્ય (મુળ ભાભરના) અને તેમના સ્નેહીજનો મળતાં થોડીક વાતો કરી આનંદ માણ્યો.

આ મસ્જીદનું બાંધકામ ૧૯૯૬ માં શરૂ કરાયું હતું અને ૨૦૦૭ માં પૂર્ણ થયું હતુ. આ મસ્જીદના પ્રથમ ટુરીસ્ટ પ્રિન્સ ચાર્લ્સ હતા. શેખ ઝાવેદ આ મસ્જીદનું બાંધકામ કરાવતાં કરાવતાં તા. ૨-૧૧-૨૦૦૪ ના રોજ ગુજરી ગયા અને તેમની કબર પણ મસ્જીદની બાજુમાં જ છે. આ ડ્રીમ પ્રોજેકટ પણ શેખ ઝાવેદનો જ હતો.મસ્જીદમાં લગાવેલ વન પીસ કાર્પેટ ઈરાનની ૧૨૦૦ જેટલી બહેનોએ બે વર્ષ સુધી મહેનત કરીને બનાવેલી છે. કુલ ૫૬૨૭ સ્કવેર મીટર કારપેટ પાથરવામાં આવી છે. અહીંયા લગાવેલાં ઝુમ્મર ચીનથી બની આવેલ છે જેમાં ૨૪ કેરેટ સોનાની ૨૨ મીટર ઘેરાવાની બોર્ડર બનાવેલી છે. આ મસ્જીદમાં એકીસાથે ૫૦૦૦૦ (પચાસ હજાર) લોકો સમાઈ શકે તેવી જગ્યા છે. જ્યારે પ્રાર્થના હોલમાં ૯૦૦૦ (નવ હજાર) માણસો બેસી શકે તેવી જગ્યા છે. આ મસ્જીદ દુનિયાની સૌથી મોટી મસ્જીદ છે.અમારા એક મિત્ર સુરેશભાઈ વાલેવડાવાળાએ હસતાં હસતાં કહ્યું કે 'દલાલને દેવાળાં ના હોય અને મસ્જીદને તાળાં ન હોય' એમ સમગ્ર મસ્જીદમાં કયાંય પણ તાળાં જોવા મળ્યાં નહોતાં. મસ્જીદની બહાર ફુડફાસ્ટ કાફે એરીયા હતો. તા.૨૭-૨-૧૮ ના રોજ મીરેકલ ગાર્ડન જોયો જે અદભુત હતો. આ ગાર્ડન સૌએ મન ભરીને જોયો અને માણ્યો. સાંજે હોટલ કન્ટ્રી કલબનાં સૌએ સાથે ભોજન લીધું અને હોટલ પર આરામ કર્યો.

તા.૨૮-૨-૧૮ બુધવારે રામસ્તુતિ અને હનુમાન ચાલીસાના ગાન સાથે મુસાફરીની શરૂઆત થઈ અને ડોલ્ફીન શો જોયો જે અદભુત હતો. બપોરે સૌ શોપીંગ માટે ગયા અને સાંજે ફરીથી મહારાજા ભોગમાં જમવાનું થયું. તા.૧-૩-૨૦૧૮ ના રોજ સવારનો નાસ્તો કરી આખો દિવસ શોપીંગ પતાવી અમારામાંના થોડાક મિત્રો દુબઈ એરપોર્ટ ઉપર થઈ ભારત જવા રવાના થયા.અંદાજે અમે ૨૦ જેટલા ટુરીસ્ટોએ તા.૨-૩-૧૮ શુક્રવારે સવારનો નાસ્તો કરી મીનાબજાર અને ગોલ્ડન માર્કેટ જોવાનો મોકો ઝડપી લીધો. સાંજે સૌ હોટલ ઉપર આવ્યા અને ફરી એક વાર કન્ટ્રી કલબ હોટલ ઉપર સરસ મજાની ખીચડી, કઢી, શાક, રોટલી, સલાડ, છાશનું ભોજન આરોગી શારજાહ એરપોર્ટ ઉપર જવા રવાના થયા. મધરાતે અમારી ફ્લાઈટ હતી. રાતની હવાઈ મુસાફરી કરી તા.૩-૩-૨૦૧૮ ને શનિવારે સવારે અંદાજે **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# હાથ સે મેરે કલમ ભી છીન લે ચાહે જમાના !
# ફીર ભી અપને ખુન સે તો ગીત મેં લીખતા રહુંગા !!

**ચિંતન** યશપાલસીહ ટી.વાઘેલા

ભ્રષ્ટાચાર જાણે દેશમાં શિષ્ટાચાર બની ગયો હોય તેમ લાગે છે. હવે તો ઈલેકટ્રોનિક મીડીયા યુગમાં ટીવી ચેનલ ચાલુ કરો ત્યાં એક નવા ભ્રષ્ટાચારનો સૂર્યોદય થયો હોય તેવું લાગે. પહેલાં તો બીજા દિવસે છાપું હરતું ફરતું હાથમાં આવે તો જાણ થતી ને તેનાથી ભ્રષ્ટાચારીઓ ડરતા પણ હવે તો ગૌરવ લેવા જેવી વાત થઈ ગઈ. હમણાં જ અમારા ડીસા શહેરમાં ઈન્ચાર્જ નાયબ કલેકટર તરીકે આવ્યાને બનાસ નદી પટ વિસ્તારમાંથી બિનકાયદેસર ઓવરલોડ રેતવહન કરતા વાહનો પર કડકાઈ કરીને સપાટો બોલાવ્યો ને પ્રિન્ટ ઈલેકટ્રોનિક મીડીયાએ આ 'સાહેબ' ને જિલ્લાનો હીરો બનાવી દીધો. ઠેર ઠેરથી પ્રશંસા થવા લાગી કે, ભ્રષ્ટાચારના યુગમાં પણ આવા કડક અધિકારીઓ છે ખરા ?? બનાસ નદી પટ વિસ્તારના ડીસા-કાંકરેજ તાલુકાના લોકો બિન કાયદેસર ચોવીસ કલાક ચાલતી રેતખનન પ્રવૃત્તિ ત્રાહીમામ પોકારી ગયા છે. ભ્રષ્ટ નેતાઓ, અધિકારીઓની સાંઠગાંઠ આ વિસ્તારને ખેતી કરતા ચંબલની ખીણ બનાવી દીધી છે. ગત જુલાઈ ૨૦૧૭ માં રેતનો પુરવઠો ઘટયો ને માનવ સર્જીત પુર આવ્યું છે જે હસવામાંથી ખસવું બન્યું ને કેટલાક નિર્દોષ લોકો પશુઓના જીવ માટે ઘાતક રહ્યું એ વાત નોટબંધીની જેમ ઝડપથી ભુલાઈ ગઈ પણ આ રેતખનન પ્રવૃત્તિ અટકાવવામાં કડકાઈ દાખવનાર ડીસાના ઈન્ચાર્જ નાયબ કલેકટર તો ભ્રષ્ટાચારીના ગુરૂ નીકળ્યા ને પાલનપુર સરકારી ગેસ્ટ હાઉસને પોતાની જાગીર, ખોરડું બનાવીને ત્યાં જ હપ્તાખોરીનું નાટક ચલાવતા એસીબીના હાથે રૂા. દોઢ લાખની લાંચ લેતા પકડાયા જે આપ સૌને ખબર જ છે પણ તાજેતરમાં જ્યારે કોર્ટમાં રજુ કર્યાને બહાર લાવ્યા ત્યારે પ્રિન્ટ ઈલેકટ્રોનિક મીડીયાના લોકોને જોઈને ભડકયા. અલ્યા તમે જ મને હીરો બનાવ્યો હતો ને આજે વિલન બનાવી રહ્યા છો. હવે આ સાહેબને કોણ કહે કે, તમારા કર્મો, કરતુતો આવા ખરાબ હશે તો સાચા પત્રકારોને કયાંથી ખબર હોય ને ખોટાને ખબર હોય તે તમારો એક ટુકડો ખાઈને ? એટલે પત્રકાર જગતે પહેલાં અને પછી બંને સમયે તેમનું કર્તવ્ય યોગ્ય રીતે બજાવ્યું છે. એટલે 'રોષે' ભરાયેલા સાહેબ જેવા બનાસકાંઠા જિલ્લામાં નેતાઓ, અધિકારીઓની ફોજ છે.ચમચાગીરી કરો તો સાચા લાગોને જો એકાદ બે ઘટના સાચી રજુ કરી નાખી તો તમે આંખના કણાની જેમ ખુંચવા લાગો. આજે પત્રકારોનો રાફડો ફાટયો છે. બુટલેગર પત્રકારના રૂપે ખરાબ ધંધા કરવાવાળા પત્રકારની ટોળીમાં કોણ કહે ભાઈ તું તારો ધંધો કરી ખા. પત્રકારોની બેઈજ્જતી ના કર. બિલાડીના ટોપની જેમ આવા બોગસ ખાઉધરા પત્રકારો ફુટી નીકળ્યા ને ઓફિસો ને નેતાઓ વચ્ચે આવા પત્રકારો 'સાહેબ' રૂપે ચાલે પણ બહુ રોફ જમાવે. સાચા નેતા અધિકારીઓએ અને વેપારીઓ, જાગૃત પ્રજાએ આવા ઠગ લોકોને ખુલ્લા પાડવા જોઈએ. પ્રિન્ટ ઈલેકટ્રોનિક મીડીયાના માલિક એડીટરો પણ આવા તત્વોને પ્રોત્સાહન ન આપવું જોઈએ.જો આજ રીતે લોકશાહીની ચોથી જાગીરમાં આવા તત્વોની ઘુસણખોરી ચાલુ રહી તો લોકશાહીનું જતન કરશે કોણ ? ડીસાના ઈન્ચાર્જ નાયબ કલેકટર વી.કે. ઉપાધ્યાયની એક જ મહીનામાં બે સ્વરૂપમાં પ્રદર્શિત થવાની રીતભાત જનમાસ પર કેવી અસર કરે છે તે જાણ્યું સામે રેતખનન પ્રવૃત્તિ કરવાવાળા કંઈ દુધે ધોયેલા તો નહોતા જ પરંતુ આવા ભ્રષ્ટ અધિકારીઓને સજા કડકમાં કડક થવી જોઈએ જે થતી નથી એટલે ભ્રષ્ટાચાર વકરે છે. ગરીબ, મધ્યમ વર્ગ આ ભ્રષ્ટ લોકોનો ભોગ વધુ બની લુંટાઈ રહ્યો છે. મધ્યાહન ભોજન, પુરવઠા, રોડ, રસ્તા, પાણી, વિધવા, ત્યકતા, કુપોષણ, આરોગ્યના નામે મોટાં કૌભાંડો ચાલે છે. હવે તો કયાં શું ને કેવું ચાલે છે તે તો પ્રજા જોઈ જ રહી છે ને કુદરત પણ આવા લોકોને ખુલ્લા પાડવા માંગતી હોય તેવું ઘણી ચોકસાઈ બાદ પણ જોવા મળે. એટલે ચમત્કાર જ ગણાય ને હમણાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે પોતાના જ પક્ષની યદુરપ્પા સરકારને ભ્રષ્ટ કહી તો રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહની સ્પીચનું ભાષાંતર કરનાર દુભાષિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારને ભ્રષ્ટ કહી નાખી. એટલે જ આપણે ગુજરાતીમાં એક કહેવત છે કે તને કોણ પહોંચે તારૂં પેટ. ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે પોતાની ભુલ સ્વીકારતાં જણાવ્યું કે યદુરપ્પા સરકાર અંગે ભાષણમાં અમે જે ભુલ કરીએ પ્રજા નહીં કરે. હવે પ્રજા એ કેવી ભુલ કરવી સુધારવી, એ તો અમીત શાહ, યદુરપ્પા સરકારનું શાસન અને પ્રજાનું લોકશાહીમાં શું ચાલે છે તે બતાવશે પણ પાપ પુણ્યના કર્મોના ફળ અહીં પૃથ્વીલોક પર જ મળે છે. સ્વર્ગ-નરક જેવી ઉપયોગ કોઈ વ્યવસ્થા નથી જે કંઈ છે તે જીવતા જીવ જ મનુષ્યે ભોગવવાની હોય છે. તે સ્વીકારવી, ન સ્વીકારવી એ તેની માનસિકતા પર જ જાય છે. ભારતની લોકાહીમાં લોકોનું કયાં ચાલે છે, ભ્રષ્ટાચારીઓ બંનબરીયા જ વર્ચસ્વ ધરાવે છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગામડાં, નગરો, મહાનગરોમાં જાહેરમાં થતી શૌચક્રિયા અટકાવવા સરકાર દ્વારા વ્યક્તિગત જાહેર શૌચાલયો, ટોઈલેટ બનાવવાની યોજના અમલમાં મુકવામાં અવીને આવી યોજનાઓનો અમલ પણ ઝડપભેર થાય છે. ગામડે, ગામડે, નગરે નગરે, મહાનગરે કાગળ પર શૌચાલય બની ગયાં. જાહેરમાં શૌચક્રિયા મુકત ગામડા, શહેર,

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# મલ્લિકુમારીના દિવ્ય કુંડલ

**શ્રદ્ધા અને સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

'અલ્યા તું તત્વજ્ઞાનની મોટી મોટી વાત ન કર.. તને ચપટીની અંદર હું રોળી નાંખીશ. ચલ જલદી ઉભો થા અને આ ધરમને છોડી દે.. જો છોડીશ નહીં તો તેને તો મારી નાંખીશ અને સાથે સાથે આ જહાજમાં બેઠેલા બધા જ પ્રવાસીઓને ક્ષણવારમાં પીસી નાખીશ. તું જીવદયાનો ધરમ પાળતો હોય તો પણ તું આ ધરમને છોડ અને તો જ તેઓ બચી શકશે.' દેવ તો ક્રોધમાં આંધળો બનીને જેમ તેમ બકતો જ રહ્યો.

અર્હન્નક તો હજુ પણ સ્વસ્થ જ હતો. દેવે ખેલેલી આ માયાની બાજીમાં તે ફસાયો નહીં.. ખુબ જ સમભાવ સાથે તે પોતાની આરાધનામાં લીન બન્યો.

દેવ અનેક પેંતરા રચતો રહ્યો. ધર્મ ભ્રષ્ટ કરવા માટે તેણે કરેલા અનેક ઉપાયો કારગત ન નીવડયા.અંતે દેવ થાકયો.. અર્હન્નકની દ્રઢતા તેના જીવનને સ્પર્શી ગઈ. તેને પોતાના મનની દુષ્ટતાને દુર કરી. એટલું જ નહીં તે અર્હન્નકની ખુબ જ પ્રશંસા કરવા લાગ્યો. પોતાના વિકરાળ રૂપને સુંદર બનાવ્યું. ઉપાડેલા જહાજને નીચે મુકયું મોતના મુખમાં પ્રવેશેલા સહુનો ભય હેઠો બેઠો. અર્હન્નક હજુ સ્વસ્થ સ્થિતિમાં હતો.

દેવે અર્હન્નકના પગમાં પડી ક્ષમા યાચના કરતાં કહ્યું, 'અર્હન્નક ! તમે માનવ નહીં પણ મહામાનવ છો. મેં દાનવ બનીને આપને ધર્મભાવનાથી દુર કરવા માટેનો પ્રયત્ન કર્યો પણ આપની દ્રઢતાથી અંશ માત્ર આપ પાછળ ન હટયા. મોત મુખ ફાડીને બેઠું હોવા છતાં અદ્દ્ભૂતપ્રસન્નતાની છોળો જ્યાં ઉછળી રહ છે. તેવા આપના મુખમાં દુ:ખનો લવલેશ ન દેખાયો. મને ક્ષમા કરજો. આપ મારા પર કૃપા વરસાવજો..

અર્હન્નકે પુછ્યું : 'ભાઈ ક્ષમાયાચનાનો સવાલ જ નથી. તે મને દ્રઢ બનવાનો એક અવસર આપ્યો. આ અવસર આપીને મારી પર મોટો ઉપકાર કર્યો છે. તું ક્ષમા માંગીને મને શરમમાં ન નાખ..' અર્હન્નકની સજ્જનતા દાદ માંગી લે તેવી હતી.

દેવ તો આ સાંભળીને આશ્ચર્યમાં ગરક બની ગયો. અરે ઓ મહામાનવ ! તમે તમારી ધર્મારાધનાથી ચલીત ન થયા તેથી હું નાસ્તિક પણ આસ્તીક બની ગયો છું. આપ તો મારા માટે મહાન ઉપકારી છો.

'અરે હું નહીં તમે જ મારા ઉપકારી છો. તમે મારી પરીક્ષા કરી તેથી મને દ્રઢ બનવાની તક સાંપડી. મને ઉપકારી કહીને આ ખોટો ભાર મારી ઉપર લાદશો નહીં.

દેવ અર્હન્નકનું આવું દિવ્ય રૂપ સ્વરૂપ જોઈને નાચી ઉઠયો.. પોતાની પાસે રહેલા દિવ્યકુંડલ તેને આપવાનું મન થઈ ગયું.

**.અનુસંધાન પાના નં.૬ ઉપર**

# "જીવન પ્રયોગશાળા છે"

જીવનમા નિત નવાં અનુભવ કરીને રીસર્ચ કરવામાં આવે છે. વૈજ્ઞાનિકો જેવી રીતે પ્રયોગો કરીને એવી ચીજ , પદાર્થ કે નિયમની શોધો કરે છે .જે અત્યાર સુધી કોઈએ પણ ન કરી હોય . એવી જ રીતે આપણે સહુએ પણ આપણી જીવનની પ્રયોગશાળામાં નિત નવા પ્રયોગો કરીને નવી નવી ઈન્વેન્શન કરવાની છે . પ્રયોગશાળામાં પ્રયોગ માટે સાધનો અને પદાર્થો ની જરૂર પડે છે . જીવનની પ્રયોગશાળામાં વસ્તુઓથિ પ્રયોગ નથી કરવાનો . લાગણીઓથી ભરેલા માણસો વચ્ચે પ્રયોગો કરવાના હોય છે .કોઈ વ્યક્તિ ક્રોધી હોય તો કોઈ શાંત ,કોઈ પ્રેમાળ હોય તો ,કોઈ નિષ્ઠુર ,કોઈ હક્ક જમાવી ઓર્ડર કરતા હોય તો કોઈ નિર્માણ થઇ વ્યવહાર કરતા હોય તો કોઈ ,કોઈ સ્નેહી સમ્બંધી હોવા છતાં પણ સ્નેહી ન હોય અને કોઈની સાથે કોઈ સમ્બન્ધ ન હોય ત્યારે પણ સ્નેહી હોય , કોઈ સ્વાર્થી હોય , કોઈ નિસ્વાર્થભાવે આપની સાથે વ્યવહાર કરે છે . એવા સમયે આપની ભાવનાઓ , લાગણીઓના ઘોડાપુરને આપને નાથી શકીએ. ઘણીવાર વ્યક્તિ પર ભરોસો મુકતા ૧૦૦ વાર વિચારવું પડે છે અને ઘણા વ્યક્તિઓ ખુબ નિર્મળ હોય . એવા સાથે વ્યવહારમાં ખુબજ સાવધાની રાખવાની જરૂર પડતી હોય છે. આવા અનેક લોકો જેમના ભિન્ન ભિન્ન સ્વભાવ , વ્યવહાર વચ્ચે આપને જીવનને સફળતા પૂર્વક , ખુશી થી આગળ વધતાનું છે . ત્યારે અનેક પ્રકારના પ્રયોગો કરવાના છે . જીવનની પ્રયોગશાળામાં નિત નવા પ્રયોગો કરી આપણે અનુભવી મૂર્ત બનતા જીએ છીએ અને તે આધારે એકબીજાને કહેતા પણ રહીએ છીએ.

**સૌરભ** બી.કે.નીતાબેન

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## ભારત બંધ...

પાના નં .૧ ચાલુ

આપી દીધા બાદ અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ નારાજ થયેલા દલિત સમુદાયના લોકો દ્વારા આજે ભારત બંધની હાકલ કરવામાં આવી હતી. આ બંધને ધ્યાનમાં લઈને પંજાબમાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ, પરિવહનસેવા બંધ રહી હતી. રાજ્યમાં આજે થનારી ધોરણ ૧૦ અને ૧૨મા ધોરણની સીબીએસઈની પરીક્ષા પણ મોકુફ કરી દેવામાં આવી હતી. દરમિયાન બિહાર અને ઓરિસ્સાંમાં કેટલીક જગ્યાએ ટ્રેનો રોકવામાં આવી હતી. એસસી અને એસટી એક્ટની સામે ભારત બંધની હાકલ કરવામાં આવી હતી. જેની અસર આજે બિહાર સહિતના સાત રાજ્યોમાં સૌથી વધારે પણ જોવા મળી હતી. બિહારના આરા, અરરિયા, જહાનાબાદમાં દેખાવકારોએ ટ્રેનો રોકી હતી. જોરદાર દેખાવો કરવામાં આવ્યા હતા. ઓરિસ્સાના સંબંલવપુરમા ટ્રેનો રોકવામાં આવી હતી. આજે દલિત સંગંઠનો દ્વારા કરવામાં આવેલી ભારત બંધની હાકલના કારણે પંજાબ સહિત અનેક રાજ્યોની સરકારે જાહેર પરિવહન સેવા મોકુફ કરી દીધી હતી. તમામ શૈક્ષણિક સંસ્થાઓને પણ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. પંજાબમાં પરીક્ષા મોકુફ કરી દેવામાં આવી હતી. પંજાબમાં પરીક્ષાની નવી તારીખ હવે ટુંક સમયમાં જ જાહેરાત કરવામાં આવનાર છે. કોઈ પણ પ્રકારની હિંસા ન થાય તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષ ઉપરાંત એનડીએના દલિત અને પછાત વર્ગથી આવનાર જનપ્રતિનિધીઓ દ્વારા મોદી સરકારને રિવ્યુ પિટિશન દાખલ કરવા માટે અપીલ કરી હતી. ત્યારબાદ કેન્દ્ર તરફથી આજે અર્જી કરવામાં આવી હતી. એનડીએ સરકારના કેટલાક સાથી પક્ષો દ્વારા પણ ચુકાદાને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. સરકારી સુત્રોએ કહ્યુ છે કે સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં દલીલ કરવામાં આવી છે કે કોર્ટના ચુકાદાના કારણે એસટી અને એસસી એક્ટ ૧૯૮૯ની જોગવાઈ નબળી પડી જશે. સરકારે એવી દલીલ પણ કરી છે કે કોર્ટના વર્તમાન આદેશના કારણે લોકોમાં કાયદાને લઈને ભય દુર થઈ જશે. કાયદાનો ભંગ વધારે થશે. થોડાક દિવસ પહેલા સુપ્રીમ કોર્ટે એસસી એને એસટી એક્ટના વધારે પડતા ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી. આ મામલે ચિંતા વ્યક્ત કરીને તેના હેઠળ નોંધવામાં આવેલા તરત ધરપકડના આદેશ પર વાંધો ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે તરત ધરપકડ કરવામાં ન આવે તે જરૂરી છે.

## બનાસ ડેરી ...

પાના નં .૧ ચાલુ

આવેલ છે તેનાથી આ તમામ યુનિટો દ્વારા અંદાજિત પ્રતિદિન ૧૨૦૦૦ યુનિટ પાવર જનરેશન થશે, આમ દરરોજના અંદાજિત રૂ.૧,૦૦,૦૦૦ =૦૦ કરતાં પણ વધુ રકમની વિજળી બિનપરંપરાગત સ્ત્રોત માંથી ઉત્પાદન કરીને મેળવી શકાશે.

બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરી વર્ષ ૨૦૨૨ સુધીમાં પોતાના કુલ વીજ વપરાશના ૨૦થી ૨૫ ટકા જેટલી વીજળીનું બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત માંથી મેળવીને ઉપયોગ કરવા માટે કટિબદ્ધ છે.

વર્ષ ૨૦૨૨ સુધી દેશના વડાપ્રધાનશ્રીનું મિશન ૧૦૦ ૯ગીગા વોટ સોલાર પાવર ઉત્પાદન કરવાનું લક્ષ છે. તેમાં બનાસ ડેરી દ્વારા સહભાગી થવા માટે એક નવીન શરૂઆત કરવામાં આવી છે. બનાસ ડેરી દ્વારા ચિલિંગ સેન્ટરો તેમજ દૂધ મંડળીઓ ખાતે પણ સોલાર પાવરના યુનિટો સ્થાપિત કરવા માટે આયોજન કરવામાં આવેલ છે.

## ડીસા હાઈવે..

પાના નં .૧ ચાલુ

જેનો વાયર પવનના કારણે બસને અડી જતા કંડકટરને વીજ કરંટ લાગતા તેનું ઘટના સ્થળે મોત નિપજયુ હતું.

આ બનાવની જાણ થતાં ડીસા તાલુકા પી.આઈ.એ.ટી. પંચોલી સ્ટાફ સહિત દોડી આવ્યા હતા તેમજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના ડીસા ગ્રામ્ય વિભાગને જાણ કરી તાત્કાલિક વીજપુરવઠો બંધ કરાવ્યો હતો.

તેમજ મૃતક કંડક્ટરના પરિવારજનોને જાણ કરી હતી પોલીસે તેની લાશને ડીસા સિવિલ હોસ્પિટલમાં પીએમ કરાવ્યા બાદ લાશ વાલીવારસોને સોંપી હતી.આ બનાવ અંગે પોલીસે અકસ્માતે મોત અન્વયે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## કાંકરેજ તાલુકાના..

પાના નં .૧ ચાલુ

હતા તે દરમ્યાન તેમની પુત્રી કાજલ ઉર્ફે સંગીતા ઉ.વ.સાડા સોળ વર્ષ તેના ખાટલામાં ન દેખાતાં શોધખોળ કરી હતી ને છેવટે મોડી રાત્રે ગામની સીમમાંથી કાજલ ઉર્ફે સંગીતાની લાશ મળતાં મરનારના પિતા લીલાભાઈ રાવળે શિહોરી પોલીસ સ્ટેશન જઈ આ અંગેની ફરિયાદ જેમાં કાજલ ઉર્ફે સંગીતાની કાકર ગામના શ્રવણસિંહ ઈસુભા દરબારે હત્યા કરી હોવાનું જણાવતાં શિહોરી પોલીસે ફસ્ટ ગુ.ર.નં.૧૭/ ૨૦૧૮ આઈપીસી કલમ ૩૬૩, ૩૦૨ તથા પોસ્કો કલમ- ૧૮ મુજબ ગુનો દાખલ કરી મૃતક સગીરાની લાશનું પીએમ શિહોરી રેફરલમાં કરાવી તેના વાલી વારસોને સોંપી હતી ને આરોપીની ધરપકડ કરવાને આગળની તપાસ શરૂ કરવા ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

જ્યારે શિહોરી પોલીસ સ્ટેશન હદના કાકરાળા ગામે પોતાના પિતાના ઘરે બિમાર હોવાથી આરામ કરવા આવેલ પરિણીતાને તેના પતિએ ચપ્પાના ઉપરા ઉપરી ઘા ઝીંકતા મરણ થયેલ હોવાનું જાણવા મળે છે. કાંકરેજ તાલુકાના કાકરાળા ગામે રહેતા સોવનજી ઠાકોરની પુત્રી જશીબેન ઠાકોર ઉ.વ.૩૦ ના લગ્ન મૈડકોલ ગામના ઠાકોર ભગાજી રમાજી સાથે થયેલ. તે બિમાર હોવાથી મૈડકોલથી તેના પિતા સોવનજી ઠાકોરના ઘરે કાકરાળા આવેલ. તે સમય દરમ્યાન ઠાકોર ભગાજી રમાજી તેની પત્ની જશીબેનને તેડવા કાકરાળા આવેલ. તે વખતે જશીબેને કહેલ કે હું બીમાર છું તો ચાર દિવસ પછી આવીશ. આવું સાંભળતાં તેમનો પતિ ભગાજી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો ને પોતાની પાસે રહેલ ચપ્પાથી જશીબેનના શરીર ઉપરા છાપરી ઘા મારી હત્યા કરી ફરાર થઈ ગયો હતો. આ અંગેની ફરિયાદ શિહોરી પોલીસે સ્ટેશને નોંધાતા શિહોરી પોલીસે ઘટના સ્થળે પહોંચી પંચનામુ કરી લાશનો કબજો લઈ રેફરલ શિહોરીમાં પીએમ અર્થે લાવવામાં આવી હતી. ફરાર આરોપી વિરોધી ગુનો દાખલ કરી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યાને લાશનો કબજો તેના વાલી- વારસોને સોંપવામાં આવ્યો હતો.

કાંકરેજ તાલુકામાં એપ્રિલની શરૂઆતમાં જ એક સગીરા અને પરિણીતાનું ખુન થતાં મહિલા સશક્તિકરણના ધજાગરા ઉડ્યા સાથે લોકો અફસોસ વ્યક્ત કરતા હતા.

## પાલનપુરમાં ભારત ...

પાના નં .૮ ચાલુ

બંધનું એલાન અપાયું હતું. જેના પગલે બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે સવારે દલિત સમાજના કાર્યકરો સિમલાગેટ સ્થિત ડો. આંબેડકરની પ્રતિમા પાસે એકત્ર થયા હતા. જ્યાં પુષ્પાંજલિ આપ્યા બાદ સરકાર વિરોધી સુત્રોચ્ચાર સાથે દુકાનો બંધ કરાવવા માટે નિકળ્યા હતા. જે દરમિયાન પોલીસે પાંચ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. જોકે, ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બજાર બંધ કરાવવા નીકળેલા દલિત સમાજના કાર્યકરો અને પોલીસ વચ્ચે ક્યાંક શાબ્દિક ચકમક ઝરી હતી. શહેરના કોઝી વિસ્તારમાં બંધ કરાવવા જતા જિલ્લા પોલીસ વડા બડગુજર સહિત પોલીસનો કાફલો દોડી આવતા વાતાવરણ ઉત્તેજનાસભર બન્યું હતું.

જોકે, જિલ્લા પોલીસ વડા બડગુજરે શહેરભરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેતા કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. અને બંધનું એલાન શાંતિપૂર્વક સંપન્ન થતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

## પાલનપુરમાં રૂપિયા ..

પાના નં .૧ ચાલુ

નં. જીજે. ૦૨ એ.સી. ૯૪૨૮માં પરિણિતા અને તેના પુત્રને મહેસાણા લઈ જઈ નાણાં આપ્યા ન હતા. અને ત્યાંથી બારોબાર અમરેલી તેમજ અન્ય સ્થળોએ લઈ જઈ ત્યા ગોંધી રાખ્યા હતા. તેમજ તેણીના પુત્રને જાનથી મારી નાંખવાની ધમકી આપી લગ્ન માટે દબાણ કર્યુ હતુ. દરમિયાન આ શખ્સની ચૂંગાલમાંથી છુટીને ઘરે આવેલી પરિણિતાએ પરિવારજનો સાથે વાત કરી શનિવારે આ અંગે પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે રજનીકાંત સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વડગામથી મેરવાડા...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને રોડની સાઈડો ખોદેલી છે અને નાળા ના પણ કામ બાકી છે. જયારે આ નવા નાળા બનાવવા માટે ખોદેલી જગ્યામાં લોંખડની ખિલાસરી ઉભી કરી છે અને જે રોડની સાઈડો અને જે નાળાનું કામ થોડું ઘણું કરવામાં આવ્યું છે તેમાં પણ માલમાં ગેરરીતિ આચરાઈ છે અને આજુબાજુ ડાઈવર્જન બોર્ડ કે કોઈ દિશા સૂચક નિશાન ન હોવાથી બે થી ત્રણ બાઈક ચાલક અને એક ગાડી ચાલક રાત્રી ના દરમ્યાન ખાબક્યા હતા અને તેમને ગંભીર ઈજાઓ થવા પામી હતી. છતાં આ રોડના કામને ચાલુ કર્યે ૬ મહિના થયા પણ કોન્ટ્રાકટર દ્વારા હજુ સુધી કોઈ પણ પ્રકારની નોંધ લેવામાં આવી નથી. ત્યારે આ રોડના કામમાં હલકી ગુણવતા વાળો માલસામાન વાપરવા માં આવતો હોવાથી ફરિયાદો ઉઠવા પામી છે. અને પોતાના ધન્ધાર્થે પાલનપુર જતા આવતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. પણ આ કામ કોન્ટ્રક્ટર અધૂરું મૂકી ને ભાગી ગયો હોય તેવું લોકો જોડેથી જાણવા મળ્યું છે. તો સરકાર આ કોંટ્રાક્ટર જોડેથી થયેલા કામના રૂપિયાની રિકવરી કરે તેવી લોકો ની માંગ ઉઠવા પામી છે. તો આ હાઈવે નું કામ કોન્ટ્રાકટર અને સરકારી અધિકારીઓની મિલી ભગતથી નક્કી કરેલા સમય માં પૂરું કરવામાં આવ્યું નથી. અને જેનો ભોગ છેલ્લા ૬ મહિનાથી રાહદારીઓ બન્યા છે.

## મુડેઠા સહિતના...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ટ્રક-બસ બન્ને રૂા.૨૪૫ અને ભારે નિર્માણ મશીનરી અર્થ મુર્વીંગ ઉપકરણ કે બહુધુરીય પાન ૩ થી ૬ ધુરીવાળાના રૂપિયા ૩૮૦ વસુલાતા ત્યારે વધારે મોટા વાહન ૭ કે તેથી વધુ ધુરી વાળા રૂા. ૪૮૫ ટોલપ્લાઝા એ વસુલયા હતા. આ ઉપરાંત લોકલ માસિક પાસ માટેના સુધારેલ દર દરેક ટોલપ્લાઝા માટે રૂા.૨૪૫ પ્રતિમાસે રહેશે જેની મુદત દરેક માસની આખર તારીખ સુધી રહેશે એમ જાણવા મળ્યું હતું.

## ડીસાના ભોંયણ...

અનુસંધાન ૩ નુ ચાલુ..

માથાના ભાગે ઝીંકી દીધી હતી અને બિભસ્ત ગાળો બોલી હતી ઉપરાંત તેમના વેવાણ શાંતાબેને તેઓને તેમની પુત્રી ઘરે લઈ જાઓ નહીતો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી હતી બાદમાં આ મામલે કનુભાઈ ધોબીએ તેમના જમાઈ અશ્વિનભાઈ અશોકભાઈ ઠાકોર તથા શાંતાબેન અશોકભાઈ ઠાકોર વિરુદ્ધ શહેરના તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## પાલનપુર ગણેશપુરામાં...

અનુસંધાન ૩ નુ ચાલુ..

અને વિક્રમભાઈ ત્યાં ઘટના સ્થળે પહોંચી અને વિકીભાઈ અને હાર્દિકભાઈએ પોતાના જીવના જોખમે સતત ચાર કલાક કુવામાં ઉતરી કુવામાં રહીને બંનેનો બચાવ કર્યો હતો. ત્યારબાદ બન્નેને સહી સલામત બહાર કાઢી લેવામાં આવ્યાં હતા. પછી ત્યાંના સ્થાનિકોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

## પાલનપુરમાં ભારત ...

પાના નં .૮ ચાલુ

બંધનું એલાન અપાયું હતું. જેના પગલે બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુર ખાતે સવારે દલિત સમાજના કાર્યકરો સિમલાગેટ સ્થિત ડો. આંબેડકરની પ્રતિમા પાસે એકત્ર થયા હતા. જ્યાં પુષ્પાંજલિ આપ્યા બાદ સરકાર વિરોધી સુત્રોચ્ચાર સાથે દુકાનો બંધ કરાવવા માટે નિકળ્યા હતા. જે દરમિયાન પોલીસે પાંચ જેટલા કાર્યકરોની અટકાયત કરી હતી. જોકે, ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે બજાર બંધ કરાવવા નીકળેલા દલિત સમાજના કાર્યકરો અને પોલીસ વચ્ચે ક્યાંક શાબ્દિક ચકમક ઝરી હતી. શહેરના કોઝી વિસ્તારમાં બંધ કરાવવા જતા જિલ્લા પોલીસ વડા બડગુજર સહિત પોલીસનો કાફલો દોડી આવતા વાતાવરણ ઉત્તેજનાસભર બન્યું હતું.

જોકે, જિલ્લા પોલીસ વડા બડગુજરે શહેરભરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડકી દેતા કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. અને બંધનું એલાન શાંતિપૂર્વક સંપન્ન થતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.

## વાવ ખાતે ...

પાના નં .૮ ચાલુ

સાથે લઈ ધરણાં યોજી આવેદનપત્ર આપીએ છીએ. જ્યારે વાવ તાલુકા ભીમ યુવક મંડળના પ્રમુખ રમેશભાઈ પરમારે જણાવ્યું હતું કે સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદાથી અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ સમાજ નારાજ હોઈ જે સંદર્ભે અમો ધરણાં, આવેદનપત્ર, રસ્તા રોકો જેવા કાર્યક્રમો યોજી વિરોધ નોંધાવીએ છીએ. સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદાની સામે ભારત સરકાર વહેલી તકે રીવ્યુપીટીશન દાખલ કરે.

આ પ્રસંગે બહોળી સંખ્યામાં વાવ તાલુકામાંથી અનુસુચિત જાતિ/ અનુસુચિત જનજાતિના બંધુઓ હાજર રહ્યા હતા. વાવ બંધના એલાનને નિષ્ફળતા મળી હતી. વાવની બજારો ધમધમતી રહી હતી. વેપારીઓ પોતાના રોજગાર ચાલુ રાખ્યા હતા.

## થરાદમાં વેપારીઓએ ..

પાના નં .૮ ચાલુ

કર્મચારીઓ સાથે ડિ.વાય.એસ.પી. તથા ઈન્ચાર્જ પી.આઈ.એ કોઈ અનિચ્છનીય બનાવને ટાળવા બંદોબસ્ત તૈયાર રાખ્યો હતો. નગરની સવારે બંધ રહેલ પૈકી બજારની અડધી દુકાનો ખુલતાં થરાદમાં મિશ્ર પ્રતિભાવ જોવા મળ્યો હતો. બપોરે વધુ ૧૦ પોલીસકર્મચારીઓનો કાફલો હેડકવાર્ટરથી બોલાવવામાં આવ્યો હતો.

## અમીરગઢમાં દલિત..

પાના નં .૮ ચાલુ

કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉમટી પડી બજાર બંધ રાખવા વિનંતી કરી હતી.રેલી અમીરગઢ રેલ્વે ફાટકથી ગામના વિવિધમાર્ગો પર ફરી મામલતદાર કચેરી સુધી પહોચી હતી. જેમાં માજી તા. પ્રમુખ શંકર માણસા તથા મુકેશ રણાવાસીયા સહિત સમાજના અન્ય પ્રતિષ્ઠીત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા. અમીરગઢ પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી સુલેહ - શાંતિ જાળવી રાખવામાં આવી હતી.

## સૌરભ...

અનુસંધાન ૫ નું ચાલું

આપના મહાન પુરુષોએ પણ પોતાના જીવનની પ્રયોગશાળામાં પ્રયોગો કરીને આપના માટે નવી નવી શોધો રાખી છે . જેથી આપણે શું પણ જે તે પરિસ્થિતિઓમાં તેમના જીવનની પ્રયોગશાળાના ના અનુભવો લઈને પ્રેરણા લઈએ છીએ .

જીવનની પ્રયોગશાળામાં પણ અનેકવાર એવું બને છે.અનેકવાર પ્રયાસ કર્યા બાદ પણ રીઝલ્ટ મળતું નથી.સફળતા નજર આવતી નથી અને આપના પ્રયોગમાં અનેક લોકો વિઘ્નરૂપ પણ બને છે. છતાં પણ આવા વિરોધિઅઓનિ પરવાહ કર્યા વિના જો આપણે હિંમત થી સામનો કરતા રહીશું તો જરૂર સફળતાની મંઝીલ મેળવી શકીશું . પ્રયોગશાળામાં એવું પણ બને છે , ઘણીવાર વિસ્ફોટક પદાર્થોના કરને ધડાકો પણ થઈ શકે છે ,અને પ્રયોગ કરનારને પણ નુકશાન પહોચી શકે છે.જીવનમાં પણ ક્યારેક એવું બને છે કે કોઈ વ્યક્તિ ,પરિસ્થિતિ આપની માનસિક અવસ્થા પર અસર હારવાની જરૂર નથી એકવાર એક્સીડેન્ટ થયા પછી વ્હીકલ ચલાવવાનું છોડી નથી દેતા બિલકુલ એવી જ રીતે જીવનમાં આવતી સમસ્યાઓથી આપણે પણ રોકવાની જરૂર નથી. હારવાની જરૂર નથી. હતાશ કે નિરાશ પણ થવાની જરૂર નથી .આવેલી પરિસ્થિતિ નો ખુબ તાકાતથી સામનો કરો. હરો નહી પણ પરિસ્થિતિને હંફાવી હરાવી દો .પાછા ન પાડો વિઘ્ન પછાડી દો .જીવનની પ્રયોગશાળામાં નવા નવા પ્રયોગ કૈક નવું શીખો ,અનેકો માટે નવો રાહ બનાવો .બનેલા રસ્તા પર ચાલવાવાળા તો ઘણા છે પરંતુ નવો રસ્તો બનાવે તે મહાન છે●

જીવનની પ્રયોગશાળા આપણને ઘણા ચાન્સ આપે છે આપણે ચાન્સ લઈને નવી નવી શોધો કરીને આગળ વધતા રહેવાનું .જીવન વાસળી જેવું છે .ભલે એમાં ગમે તેટલા કાણા હોય પરંતુ જો વગાડતા આવડે તો સાતેય સુર વાગી સકે છે .વાસળી પાસે થી આપણે શીખ લેવાની જરૂર છે ●મુશ્કેલીઓંની ક્યારેય ફરિયાદ કરવી નહી .કારણ કે મહાન ડાયરેક્ટર સૌ થી અઘરો રોલ હમેશા બેસ્ટ એક્ટરને જ આપે છે .આપણે અઘરા રોલ થી ડરવાની કોઈ જરૂર નથી એવોર્ડ પણ આવા અઘરા રોલ ભજવવાવાળા એક્ત્રને જ મળે છે.જીવન બાજી ના બાવન પત્તા જેવું છે .આપના હાથમાં છે કેવા પત્તા આવશે તે કિસ્મત ના હાથની વાત છે પણ કેવી રીતે રમવું એ તો આપના હાથની વાત છે. આપને જીવનની પ્રયોગશાળામાંા પાસ થવાની જરૂર છે અને દુનિયાને નવા પ્રયોગો ની ભેટ ધરવાની છે .

**બી.કે. નીતાબેન**

## આરાધના

અનુસંધાન ૫ નું ચાલુ

વેંચીને ખાઈએ અને વૈકુંઠમાં જઈએ એવી એક કહેવત અમારા મનમાં નાનપણમાં જ દ્રઢ થયેલી હતી. આ રીતે ભગવાનનો પ્રસાદ માત્ર સાકર કે મોરસના દાણા જ નહીં પરંતુ મંદિરમાં જે કાંઈ સત્સંગ થાય, જે કાંઈ ભજન, કીર્તન દ્વારા સારા વિચારો જાણવા મળ્યા હોય, તે વિચારો પણ ઘર સુધી મિત્રો સુધી સમાજ સુધી લઈ જવાના, સદવિચારનો બહોળો પ્રચાર કરવાના પ્રયત્નોએ જ આપણી ભારતીય વૈદિક સંસ્કૃતિને આજ સુધી અજર અમર રાખી છે.મળેલા ભૌતિક પદાર્થો ઉપર આપણા એકલાનો અધિકાર નથી. કારણ કે તે તો ભગવાનનો પ્રસાદ છે. માટે બીજાઓને આપીને જ આનંદ લેતાં શીખવાનું છે. **નાથાલાલ બ્રહ્મક્ષત્રિય**

## જીવનદર્શન..

અનુસંધાન ૫ નું ચાલું

૬ વાગ્યે અમો સૌ અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર પહોંચ્યા. અહીં ચેક આઉટની વિધિ પૂર્ણ કરી અમારા ટુર આયોજક પરિવાર ટ્રાવેલ્સના મયુરભાઈ ઠક્કર અને સાચા હમદર્દ, નિ:સ્વાર્થ સેવક અને નિખાલસ વ્યક્તિત્વના માલિક એવા કમલેશભાઈ ભોગીલાલ ઠક્કર સહિત સૌનો આભાર માની પોત પોતાના નિવાસસ્થાને જવા સૌ રવાના થયા. દુબઈ વિશે ઘણી વાતો સાંભળી હતી પરંતુ દુબઈ રૂબરૂ જોવાનું બન્યું તેનો અતિશય આનંદ હતો.

અમારા આ પ્રવાસ દરમ્યાન દુબઈમાં જ રહેતા અમારા સૌના સ્નેહીજનો એવા મુકુંદભાઈ હરીભાઈ ઠક્કર, વિપુલભાઈ કુવાળાવાળા સહિત મિત્રોને મળવાનું બન્યું તો ડીસાના કેયુરભાઈ સુરેશભાઈ ઠક્કર (વકીલ) પણ એ ગાળામાં દુબઈ હતા આ બધા મિત્રો પણ અમને હોટલ ઉપર મળવા આવ્યા તેનો વિશેષ આનંદ હતો.એકંદરે દુબઈનો સમગ્ર પ્રવાસ આનંદદાયક, સુખદાયક અને શાંતિપ્રિય રહેતાં સૌએ મયુરભાઈ ઠક્કર અને કમલેશભાઈ ઠક્કર પ્રત્યે ઋણ સ્વીકારની લાગણી વ્યકત કરી સાથે સાથે કુદરત અને પરમાત્માનો પણ આભાર માન્યો.

**ભગવાનદાસ બંધુ**
**મો. ૯૮૨૫૬ ૩૮૬૪૩**

## શ્રધા અને સંસ્કાર...

અનુસંધાન ૫ નું ચાલુ

દેવે દિવ્ય કુંડલને આપવાની ઈચ્છા વ્યકત કરતાં કહ્યું, ‘ભાઈ આ સેવકની આ એક નાનકડી ભેટ સ્વીકારો. આ દિવ્યકુંજમાં ખુબ જ પ્રભાવશાળી છે તમે સ્વીકારશો તો મને ખુબ જ આનંદ થશે.

અર્હન્નકે કહ્યું, આ દિવ્ય હું કુંડલ ખરેખર જ દિવ્ય છે. આ કુંડલ તો ભગવાનને જ શોભે. હું તેનો અધિકારી નથી.

‘ભાઈ મારા ભગવાન તો તમે જ છો. તમને આ કુંડલ ખરેખર ખુબ જ શોભશે. મારી માંગણીને તમે અવગણશો નહીં.. જ્યાં સુધી દાનવતા હતી ત્યાં સુધી તે દેવ ન હતો. હવે તે સાચે જ દેવ બનીને લાગણીભીની માંગણી કરતો જ રહ્યો.

લાગણીભીની માંગણી કરનારો યાચક માગણ નથી. સામેની વ્યક્તિને મા ગણીને માંગણી કરે એટલે માંગણીનો સ્વીકાર થાય છે.

‘દેવ હું તમારી ભાવનાને નકારી નહીં શકું. હું આ દિવ્ય કુંડલને સ્વીકારૂં છું. દેવ આ સાંભળીને ખુબ જ આનંદિત બની ગયો. અર્હન્નકે તેના દિલને ઠેસ ન લાગે એટલા માટે કુંડલ સ્વીકારી લીધા પણ પોતાના કાન પર ધારણ ન કર્યા. પોતાના દિલના દેવને આ કુંડલ આપવાનો નિર્ણય કર્યો.

મલ્લિનાથ પ્રભુએ સંયમ ગ્રહણ કર્યું ન હતું. રાજકુમારીના રૂપમાં રહેલ મલ્લિનાથ પ્રભુનો પ્રભાવ ચારેકોર પ્રસરેલો હતો. અર્હન્નકના હૃદયમાં તેમના પ્રત્યેની અનોખી ભક્તિ હતી.

માતા પ્રભાવતી અને પિતા કુંભરાજાની દીકરીની નયનરમ્ય નીલકાંતિથી ઓપતી છબી અર્હન્નકના હૃદયમાં સદૈવ અંકીત રહેતી. પોતાને મળેલી આ દિવ્ય ભેટ મલ્લિકુમારીના ચરણે ધરવા અર્હન્નક ચંપાનગરીથી મીથીલા નગરી સુધી પહોંચી ગયો.રાજદરબારમાં જઈને તેણે રાજકુમારી આગળ માંગણી કરી,‘પ્રભુ ! આ નાનકડો સેવક એવો હું નાની ભેટ આપના ચરણમાં ધરવા આવ્યો છું.’

સદા વિરકતકુમારી તો મૌન રહ્યા પણ કુંભનરેશે આ દિવ્ય ભેટનો દિકરી માટે સ્વીકાર કર્યો.

નગરજનો પણ આ દિવ્ય કુંડલના દિવ્ય મહીમાને સાંભળીને અર્હન્નકને વંદી રહ્યા.અર્હન્નકના હૃદયમાં આજે આનંદનો સાગર ઘુઘવતો હતો. **પં.રાજપદ્મ વિજયજી**

## ચિંતન...

અનુસંધાન ૫ નું ચાલું

નગરના અહેવાલો પણ રજુ થયા.હવે સાચી વાસ્તવિકતા એ થઈ કે ભ્રષ્ટ નેતાઓ, અધિકારીઓને મળતીયાની ત્રિપુટીની માનસિકતાએ શૌચાલય બનાવ્યા વગર જ નાણાં ચાઉં કરી ગયા છે. આની કોઈ તપાસ પણ કરતું નથી ને કોઈ માહિતી અધિકાર હેઠળ કાર્યવાહી કરે તો ચલક ચલાણું પેલા ઘેર ભાણું જેવી સ્થિતિ થાય છે પરંતુ હમણાં સૌરાષ્ટ્રની ઓખા નગર પાલિકામાં પોણા ત્રણ કલાકનું શૌચાલય ખુલ્લું પાડનાર એ જાગૃતને ધન્યવાદ એસીબીએ ઓખા નગરપાલિકાનું રેકર્ડ કબજે કરી તપાસ ચાલુ કરી છે ને જો સાચી થાય તો અમારા બનાસકાંઠા જિલ્લામાં તો શૌચાલય કૌભાંડ મહાકાંડ બહાર આવે. સાચી તપાસ કરે કોણ ? જાગૃત નાગરિકને શામ, દામ, દંડથી દબાવવા મહાઅભિયાન ચાલે છે તમે બોલો એ શું ? ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ ભયંકર બાબત છે છતાં સરકારને સરકારના બાબુઓ તેની સામે લાચાર બની હલાના ખોરીમાં તમાશો જુએ છે. સફેદ દુધનો કાળો કારોબાર બનાસકાંઠા જિલ્લાના દરેક ગામડે ગામડે ચાલે છે. સહકારી દુધ મંડળીઓની સાચી તપાસ કરવાની હિંમત કોણ કરે ? જેની પાસે બાંડી બકરી નથી તે હજારો રૂપિયાનું દુધ ભરાવે છે. સહકારી દુધ મંડળીનો મંત્રી તો પોતાની કમાણીમાં મશગુલ છે. પાણીના પૈસા માગે ને ભેળસેળના ય એટલે તપાસ કરવા આવતા ઈન્સ્પેક્ટરો તો રાજીના રેડ થઈને જાય છે. મરે તો પ્રજા મરે લુંટાય તો પ્રજા લુંટાય. તેમાં ભ્રષ્ટાચારીઓનું શું જાય ? ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ કરનારને તેને પ્રોત્સાહન આપનારા તત્વોને જાહેરમાં સજા કરવી જોઈએ. માનવી ધનાઢ્ય બનીને છેવટે શું સાબીત કરવા માગે છે ? જન્મથી મરણ વચ્ચેના સમયમાં ફકત પૈસા માટે ઝઝુમતા આ માનવ જીવસૃષ્ટી માટે ઘાતક બની રહ્યો છે. ભુતકાળના રાવણ, કંસ, દુશાસનોને વર્તમાન સમયના લાદેન, સદામહુસેન છેવટે શું લઈને ગયા ? તેમને વિકૃતિઓનો નાશ કરીને શાસન કર્યું હોત તો તે તેમના વિસ્તારમાં જ નહીં વિશ્વમાં નામના મેળવી ચુકયા હોત પણ ના.. ભ્રષ્ટાચાર લોકોને આંધળા બનાવી દે છે ને વાલીયા લુંટારા બનીને એ માનવ ભટકે છે તેને કોઈ સાચો સાધુ સંત મળતો નથી. મળવાવાળાઓ વાલીયો જ હોય છે તો એટલે ભ્રષ્ટાચારીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. ઉકળતા સાચા હૃદય પોકારે છે માનવી હવે માનવ થા. ગત શનિવારે આપણે કળીયુગના અજરા અમર દેવ શ્રી હનુમાનજી મહારાજનો જન્મોત્સવ ઉજવ્યો. ચૈત્ર માસ એ અવતારીય મહાપુરૂષોનો માસ ગણાય છે. મર્યાદા પુરૂષોત્તમ ભગવાન શ્રીરામચંદ્રજી, મહાવીર સ્વામી, હનુમાનજી, માં બહુચરાનો પ્રાગટય સમય આ દિવસોમાં બનાસ નદી રેત ખનન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપનાર એક ભ્રષ્ટાચારી તો ગયો. બેંકોના અનેક કૌભાંડ બહાર આવ્યા. સફેદ દુધના કાળા કારોબારનો પર્દાભાષ થાય કે જે હજારો લાખો માસુમ બાળકોને લોકોના પેટમાં જઈ રોગચાળો ફેલાવી રહ્યું તે અટકે. જાગૃત નાગરિક તરીકે સાચું ચિંતન કરશો ખાદ્ય ચીજવસ્તુઓ સાથે ચેડાં કરતાં તત્વોને જાહેરમાં ખુલ્લા પાડો તો જ કંઈક આપણે ભારત માતા કી જય બોલી સાચી રાષ્ટ્ર ભાવના વ્યકત કરી ગણાશે. બાકી તો આજે ભ્રષ્ટાચારીઓનાં ટોળાં આવી જાય. વધુ બોલાવી રહ્યા છે સાચું તેમને કહે કોણ ?

**યશપાલસીંહ ટી. વાઘેલા મો.૯૪૨૮૬૭૮૬૯૯**

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૨૦૦-૩૯૪૦૦**
રૂપુ કાચું ૩૯૨૦૦-૩૯૪૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૯૦
સોયા રીફાઈન ૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦**
સીંગતેલ ૧૫ લી.૧૬૯૦
**સીગતેલ ૫ લી. ૪૫૫**
તિરૂપતી કપા. ૧૩૮૦
૫ લીટર ૪૩૫
વનસ્પતિ ઘી ૧૧૩૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૩૦૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૦૦-૩૪૫૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૪૫૦**
ખાંડએલ. ૩૫૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેકીટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુપર૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીંબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૦૦-૮૪૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
**ભીંડા ૭૦૦-૮૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૬૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૬૦૦-૮૦૦

## સાબરકાંઠા જીલ્લાના ઇડર વડાલી ખેડબ્રહ્મા અને પ્રાંતિજ મોટાભાગે બંધ




હિંમતનગર

સાબરકાંઠા જીલ્લામાં આજે દલીત અને આદીવાસી સમાજ દ્વારા જાહેર કરાયેલા બંધના એલાનને પગલે મિશ્ર પ્રત્યાઘાત વર્તાયો હતો. સાબરકાંઠા જીલ્લાના ઇડર વડાલી ખેડબ્રહ્મા અને પ્રાંતિજ મોટાભાગે બંધની સ્થિતિમાં રહ્યા હતા જ્યારે હિંમતનગરમાં આંશિક અસર વર્તાઇ હતી. હિંમતનગર શહેરમાં દલીત સમાજ દ્વારા આંબેડકર સર્કલહ્થી રેલી નિકાળી આવેદન પત્ર જીલ્લા કલેકટરને પાઠવાયુ હતુ

સાબરકાંઠા જીલ્લામાં આજે દલીત અને આદીવાસી સમાજ દ્વારા જાહેર કરાયેલા બંધનુ એલાન ને પગલે મિશ્ર પ્રત્યાઘાત સાંપડ્યો હતો. જીલ્લના ઇડર અને વડાલી, ખેડબ્રહ્માં અને પ્રાંતિજમાં બંધની અસર મોટે ભાગે રહી હતી. જ્યારે હિંમતનગર શહેરમાં બંધની અસર આંશિક રુપે વર્તાઇ હતી. હિંતમગર શહેરના આંબેડકર સર્કલે દલીત સમાજ જીલ્લા ભરમાંથી મોટા પ્રમાણમાં એકઠો થઇને રેલી સ્વરુપે જીલ્લા કલેકટર કચેરી પહોંચ્યા હતા અને જ્યાં તેઓએ કલેકટરને આવેદન પત્ર આપ્યુ હતુ અને દલીત અને આદીવાસીઓના સામાજીક રક્ષણના કાયદાના સુધારાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. સાબરકાંઠામાં ઇડર વડાલી સ્ટેટ હાઇવે પર ટાયરો સળગાવીને વિરોધ કરી હાઇવેને કેટલાંક સમય સુધી ચક્કાજામ પણ કરી દઇને વિરોધ નોંધાવાયો હતો.

## ઉંઝા માર્કેટયાર્ડ ખુલતાં જ રવિપાકોની ચિક્કાર આવક

**જીરાની ૬૦ હજાર અને વરીયાળી ૨૭ હજાર બોરીની આવક**

ઉંઝા

માર્ચ આખરમાં વેપારીઓને વાર્ષિક હિસાબો કરવાના હોઈ એક સપ્તાહ સુધી ઉંઝા માર્કેટયાર્ડ બંધ હતું. બાદ ગતરોજ ઉંઝા બજાર ખુલતાં બહારથી રવિપાકોની ખેડૂતમાલોની ચિક્કાર આવકો થઈ હતી. સ્થાનિક બજારમાં ગુજરાત અને રાજસ્થાનમાંથી મસાલાની ચીજ જીરાની અંદાજે સાઈઠ હજાર બોરીની આવક થઈ હતી. ગુજરાત રાજસ્થાન અને મધ્યપ્રદેશમાંથી ઈસબગુલથી આવક અંદાજે ચાલીસ હજાર ગુણી જેટલી થવા પામી હતી. જીરા અને ઈસબગુલના પાકનું આ વર્ષે વધારે ઉત્પાદન થયેલ હોઈ હવે આગામી દિવસોમાં નવા માલોની આવકો વધશે તેવું વેપારીઓનું માનવું છે. આ બંને પાકોના વધુ ઉત્પાદનો થવાથી તેના ભાવો ખાસ્સાં ઘટીને તળિયાની સપાટી પર આવી રહ્યા છે ભાવોમાં નોંધપાત્ર ઘટાડો થતાં આર્થિક રીતે સક્ષમ મોટા ખેડૂતો માલો વેચવામાં થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી રહ્યા છે.દરમિયાન સિઝનલ ઘરાકી હાલ માપની છે. ભાવામાં કડાકો બોલાયો છે તેમ છતાં બજારમાં સ્ટોકિસ્ટો માલનો વધુ સ્ટોક કરવામાં સાવચેતી રાખી રહ્યા છે. આગામી દિવસોમાં નાણાંભીડ ઉભી થવાની સંભાવના છે. બીજું ભાવો નીચા હોવા છતાં પરદેશની વધુ માંગ નીકળી નથી.મસાલાની ચીજ વરિયાળીના પાકનું વાવેતર ઓછું થયું હતું. જેના કારણે ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પાકનું ઉત્પાદન ઓછું થયું છે પરંતુ સ્ટોકિસ્ટો પાસે જૂના માલનો સ્ટોક વધુ પડ્યો હોઈ ભવિષ્યમાં માલની અછત ઉભી થાય તેવું જણાતું નથી. વરિયાળીમાં સિઝનલ ઘરાકીના ટેકે સામાન્ય વધઘટે ભાવ જળવાયેલા છે. એપ્રિલમાં આવક વધશે એટલે ભાવ થોડા ઘટશે તેવી શક્યતા જોવાય છે

૨૦ કિલોના ભાવ જીરૂ : ૨૬૦૦ થી ૨૮૦૦ રૂપિયા

વરિયાળી : હલકામાલના ૧૧૦૦ થી ૧૩૦૦ મીડીયમ ૧૪૦૦ થી ૧૫૦૦ બેસ્ટ કલરમાલના ૧૫૦૦ થી ૨૦૦૦ અને આબુરોડના બેસ્ટ કલરમાલના ૨૦૦૦ થી ૩૦૦૦ રૂપિયા

ઈસબગુલ-ભાવ-૧૨૦૦ થી ૧૪૦૦ રૂપિયા

## વિવિધ બજાર ભાવ

**નેનાવા**

રાયડો : ૬૭૦ થી ૭૪૧
એરંડા : ૭૬૮ થી ૭૯૩
જીરું : ૨૫૯૨ થી ૨૮૬૫
સરસવ: ૭૬૩
સુવા :૭૫૧ થી ૯૨૦
મેથી: ૬૦૫
ઈસબગુલ ૧૨૦૦ થી ૧૪૬૦
વરિયાળી ૧૦૦૦ થી ૧૩૬૬
ઘઉ : ૩૧૬
ગવાર : ૭૫૦
રાજગરો :૭૮૫
ચીકુડી : ૧૧૦૦
આસળીયો : ૭૬૦
તારામીરા : ૮૨૫

**પીલૂડા**

રાયડો : ૭૦૫ થી ૭૪૦
એરંડા : ૭૮૫ થી ૮૦૦
જીરું : ૨૫૩૦ થી ૨૮૧૧
જાંબુ ૭૦૧ થી ૮૦૦
સુવા :૭૮૦ થી ૮૭૦
મેથી: ૬૨૧ થી ૬૨૧
ઈસબગુલ ૧૩૪૫ થી ૧૫૭૧
વરિયાળી ૧૫૦૧ થી ૧૫૦૧

**થરાદ**

રાયડો -૬૮૫-૭૩૯
એરંડા-૭૮૦-૮૦૨
જીરુ-૨૩૦૦-૨૮૫૦
મેથી-૭૦૮-૧૦૯૦
ગવાર-૭૪૦-૭૬૧
ઈસબગુલ-૧૨૨૫-૧૫૮૦
ધાણા-૭૦૦-૮૮૦
વરિયાળી-૧૨૦૦-૧૪૬૦
અજમો-૧૨૦૦-૧૮૧૧

**રાહ**

રાયડો -૭૦૦-૭૨૧
એરંડા -૭૭૫-૭૮૫
ચિકુડી-૧૦૬૦-૧૨૦૦
બાજરી -૨૪૦-૨૭૦
ઈસબગુલ-૧૨૫૦-૧૪૩૦
વરિયાળી-૧૨૫૦-૧૫૦૦

**થરા**

| | |
|---|---|
| જીરૂ | ૨૨૫૦-૩૧૫૦ |
| એરંડા | ૭૮૦-૮૧૧ |
| રાયડો | ૬૮૦-૭૧૦ |
| ઘઉં | ૨૯૭-૩૫૬ |
| બાજરી | ૨૩૧-૨૫૦ |
| સુવા | ૮૦૦-૮૮૦ |

**ભીલડી**

| | |
|---|---|
| ઘઉં | ૩૦૦-૩૯૧ |
| એરંડા | ૭૫૦-૭૮૦ |
| રાયડો | ૬૩૦-૬૯૧ |
| રાજગરો | ૭૫૦-૮૫૯ |
| બાજરી | ૨૪૦-૨૫૭ |
| સરસવ | ૭૭૧ |

**પાટણ**

| | |
|---|---|
| જીરૂ | ૨૦૦૦-૨૮૫૩ |
| વરી. | ૧૦૫૦-૧૭૦૩ |
| મેથી | ૬૪૦-૭૦૧ |
| સુવા | ૮૫૧-૯૭૦ |
| રાયડો | ૬૪૦-૭૩૦ |
| એરંડા | ૭૮૦-૮૦૨ |
| ઘઉં | ૩૦૨-૩૮૫ |
| બાજરી | ૨૦૨-૨૫૭ |
| રાજગરો | ૭૦૦-૮૧૧ |
| અડદ | ૬૫૦-૭૧૭ |
| ગવાર | ૭૧૧-૭૪૯ |
| કપાસ | ૭૫૦-૧૦૨૫ |

## રાધનપુરમાં દલિત સમાજની વિરાટ રેલી યોજાઈ




રાધનપુર

સુપ્રીમ કોર્ટે એટ્રોસિટી એક્ટ ૧૯૮૯ અંગે આપેલ ગેરબંધારણીય નિર્ણય વિરુદ્ધ સમગ્ર દેશમાં દલિત સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે,અને તા.૨ એપ્રિલના રોજ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું હતું, જેના પગલે રાધનપુર શહેરમાં દલિત સમાજની વિરાટ રેલી યોજાઈ હતી અને બજારો બંધ કરાવ્યા હતા.દલિત મહોલ્લામાં ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે એકઠા થયા બાદ વિરાટ રેલી યોજાઈ હતી,અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

રાધનપુર તાલુકાના ગામે-ગામથી દલિત સમાજના લોકો ઉમટી પડ્યા હતા.અને ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે બાબાસાહેબ અમર રહોના ગગનભેદી નારા સાથે રેલીનો શુભારંભ થયો હતો, અને મંડાઈચોક, રાજગઢી, પટણી દરવાજા થઇ પ્રાંત કચેરીએ રેલી પહોંચી હતી.પ્રાંત કચેરીના પ્રાંગણમાં ડો. બાબાસાહેબનો જયઘોષ લગાવ્યા બાદ પ્રાંત અધિકારી શિવરાજ ડી.ગિલ્વાને આવેદન પત્ર સુપરત કર્યું હતું, જેમાં જણાવ્યા મુજબ અનુસૂચિત જાતિ અને જનજાતિ વિરુદ્ધ અત્યાચાર એ રોજિંદી બાબત છે. ગરીબ, શોષિત, પીડિત,વંચિત લોકો સમગ્ર દેશમાં જઘન્ય ઘટનાઓનો ભોગ બની રહ્યા છે.આથી ભારતની તત્કાલીન સંસદ દ્વારા સિડ્યુલ કાસ્ટ અને સિડ્યુલ ટ્રાઈબ્સ એક્ટ ૧૯૮૯ પસાર કરીને અનુસૂચિત જાતિ અને અને અનુસૂચિત જનજાતિના માનવીય અધિકારો સુરક્ષિત કરવામાં આવ્યા હતા.

આમ છતાં ૨૦-૩-૨૦૧૮ ના રોજ સુપ્રીમ કોર્ટ દ્વારા આ કાયદા વિરુદ્ધ એકપક્ષીય નિર્ણય સંભળાવી કાયદાને નિર્બળ અને બિનઅસરકારક બનાવી દેવામાં આવ્યો છે.સુપ્રીમ કોર્ટ દ્વારા આ કાયદાને નામશેષ કરવાનું કૃત્ય કરવામાં આવ્યું છે જે નિંદનીય છે.આ પ્રસંગે સમાજના અગ્રણીઓ કા

નજીભાઈ ડી. પરમાર, કાંતિભાઈ ઓ. મકવાણા, વિનોદભાઈ મકવાણા, પ્રકાશભાઈ મકવાણા, સુભાષભાઈ મકવાણા, શિવાજી ગોહિલ, રમેશભાઈ બારોટ, બંકિમચંદ્ર મકવાણા સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ ખાતે સંચારી રોગના નિયંત્રણ અને નેશનલ ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામની મીટીંગ યોજાઈ

પાટણ

પાટણ જિલ્લાની સંચારી રોગોના નિયંત્રણ અને ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામની મીટીંગ યોજાઇ હતી. ઉનાળાના આગમનને કારણે પાણીની ફેલાતા ઝાડા-ઉલ્ટી, કમળો, કોલેરા, મેલેરીયા જેવા રોગોના સંચાર સામે પ્રતિકાત્મક કાર્યવાહી કરવામાં આવે અને પીવાના પાણીના સેમ્પલો લેવાની કામગીરી, પાઈપલાઈન લિકેજ કામગીરી પીવાના પાણીના ટાંકીઓમાં નિયમિત કલોરીનેશન કરવા, ઠંડા પીણા અને બરફથી બનાવનારના અન્ય ખાધ્ય પદાર્થોની શુધ્ધતા અંગે પૂર્ણ ચકાસણી કરવા, શાળા, કોલેજો સહિત બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન જેવા જાહેર સ્થળોએ પણ પીવાના પાણીથી શુધ્ધતાની પુરે પુરી ચકાસણી કરવા બેઠકમાં અનુરોધ કરવામાં આવ્યો હતો. મેલેરીયા નિયંત્રણની કામગીરી મેલેરીયાની વારંવાર અસરગ્રસ્ત થતા વિસ્તારોમાં ગંદા પાણીના નિકાલ, બાયોલોજીકલ વેસ્ટના સમુચિત વિકાસની બાબતને પણ અગ્રીમતા આપવા જણાવાયું હતું. બેઠકમાં ગત મીટીંગના પ્રોસેડીંગને વંચાણે લેવાયું હતું. ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ પ્રાથમિક અને માધ્યમિક શાળઓના પરિસર નજીક ૧૦૦ વારના વિસ્તારમાં તમાકુનું વેચાણ ન થાય, તમાકુ બનાવટની ચીજવસ્તુંઓથી વિદ્યાર્થીઓ દુર રહે તે જોવા અનુરોધ કર્યો હતો. શાળા સંકુલોની આસપાસ ગુટખાનું વેચાણ ન થાય તે માટે ચોકસાઇ રખાય, લારી-ગલ્લાઓના માલિકોને દંડ કરવા પણ જણાવ્યુ હતું. પેસીવ સ્મોકીંગ પણ ઘાતક હોઇ જાહેર સ્થળોએ સ્મોકીંગ પર ચુસ્ત નિયંત્રણ મુકવા જણાવાયું હતું. શાળાના વિદ્યાર્થીઓને સુરક્ષિત રાખવા ખાસ અનુરોધ કરાયો હતો. શાળાને તમાકુ મુકત બનાવવાની બાબતને અગ્રીમતા આપી આ બાબતે સાઇન બોર્ડ મુકવા જણાવાયું હતું. આ માટે દુકાનદારો-ગલ્લાવાળાઓ પાસેથી રૂા.૨૦૦/- સુધીનો દંડ વસુલ કરવા જણાવ્યું હતું. એસ.ટી., બસ સ્ટેશન, એસ.ટી. બસોમાં ધુમ્રપાન પર નિષેધ રાખવા પણ સુચન અપાયું હતું.

આ માટે જાગરૂકતાના વિષેષ કાર્યક્રમ કરવામાં આવ્યા છે. બેઠકમાં આર.સી. એચ.ઓ. ડૉ.અલ્પેશ સાલવી, મેલેરીયા અધિકારી સનત જોષી, એપેડેમીક મેડીકલ ઓફિસર ડૉ. આર.ટી.પટેલ સહિત વિવિધ ખાતાઓના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## પાટણમાં સુપ્રસિધ્ધ નાટક ગરીબ કન્યાની રજૂઆત



પાટણ

વિશ્વ રંગભૂમિ દિન નિમિત્તે "ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર દ્વારા પુરસ્કૃત તેમજ સંસ્કાર આર્ટ એકેડેમી મહેસાણા દ્વારા પ્રસ્તૃત સિધ્ધરાજ જયસિંહની ઐતિહાસીક નગરી પાટણ મુકામે સિનીયર સીટીઝન કાઉન્સીલ પાટણના વયસ્કોની લાગણીને માન આપી સ્વ. મણીલાલ પાગલ લિખિત અને રમેશ પાંચોટીયા અને રાકેશ નાયક દિગ્દર્શિત ગુજરાતી રંગભુમીનું મહાન સામાજીક નાટક 'ગરીબ કન્યા" પાટણ કીલાસંદ રંગભવન હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી હોલ ખાતે રજુ કરવામાં આવ્યું હતું. અને નાટકને દિપ પ્રાગટ્ય કરી પાટણના ધારાસભ્ય કીરીટ સી.પટેલ. નવનીતલાલ ડી.નાટક (ડીરેક્ટર ગુજ.રાજ્ય સંગીત નાયક અકાદમી) પા. ન.પા.પ્રમુખ અલકાબેન જે.પોલ વગેરે મહાનુભાવોએ ખુલ્લુ મુક્યુ હતુ "ગરીબ કન્યા" નાટક રંગભુમી પર એવુ રજુ કરવામાં આવ્યું હતુ કે જોનાર દર્શકો મંત્ર મુગ્ધ બની ગયા હતા. ખુબ જ સુંદર અભિનય રજુ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ખાસ કેશુભાઈ પટેલ મહેસાણા જિલ્લા પંચાયતના વિરોધ પક્ષના નેતા તથા બચુભાઈ નાયક-સમસ્ત નાયક સમાજના પ્રમુખ મહેસાણા બચુભાઈ સોનાયક સામાજીક કાર્યકર તથા પાટણના સામાજીક સંખ્યાઓના પદઅધિકારીઓ સહકારી સંસ્થાના આગેવાનો, તથા કર્મચારી મીત્રો તથા પાટણના પ્રબુધ્ધ નાગરીકો તથા સિનિયર સીટીજન કાઉન્સીલ પરિવાર ખાસ હાજર રહી "ગરીબ કન્યા" નાટકનો લાભ લીધો હતો અને માવલાના કોમીકે સૌને પેટ પકડી હસાવ્યા હતા. આ પ્રસંગે આવેલ તમામ મહેમાનોનું સ્વાગત સંસ્થાના પ્રમુખ શંકરભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતુ તથા આભાર વિધી મંત્રી રમણલાલ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

## વડાલીમાં સંવિધાન બચાવાના ભારત બંધના એલાનને સમર્થન સપૂર્ણ બંધ પાળ્યો



પ્રતિ. વડાલી

સુપ્રિમ કોર્ટ દ્વારા એટ્રોસીટી કલમને સુધારવામાં આવી છે તેના વિરોધમાં તથા એટ્રોસીટીની કલમને મજબુત બનાવા માટે ભારત બંધનુ એલાન આપવામાં આવ્યું હતુ. જેના સમર્થનમાં વડાલી તાલુકાના દલિત સમાજ દ્વારા વડાલી બંધ રાખવા માટે અપીલ કરવામાં આવી હતી, તેમજ ધંધા રોજગાર બંધ રાખવામાં આવ્યા હતા.. સવારના દશ વાગે ઉમીયા પાર્ક ખાતે આવેલ બાબા સાહેબની પ્રતિમા આગળ દલિત તેમજ એસી સમાજ લોકો એકઠા થયા હતા. અને ત્યાંથી સંવિધાન બચાવોના સુત્રો સાથે એક રેલી નીકળી હતી. માકેટયાર્ડથી લઈ હાઈવે રોડની દુકાનો બંધ રાખવામાં આવી હતી. સંવિધાન બચાવો, દેશ બચાવોના નારા સાથે કલમને મજબુત બનાવા માટે માંગ કરવામાં આવી હતી.

## શામળાજી ચેકપોસ્ટની આવકમાં ગત વર્ષની સરખામણીએ ઘટાડો નોંધાયો

(જી.એન.એસ) શામળાજી

અરવલ્લી જિલ્લાના શામળાજી ખાતે રાજ્યની પ્રથમ નંબરની આરટીઓ ચેકપોસ્ટ આવેલી છે. આ ચેકપોસ્ટ ઉપર આરટીઓ અધિકારીઓ અને મળતિયાઓની મિલીભગત દ્વારા વાહનો પસાર કરાવવામાં ભ્રષ્ટાચાર આચરાઈ રહ્યો છે. જેના કારણે સરકારને વર્ષે દહાડે લાખ્ખો રૂપિયાની ખોટ સહન કરવી પડે છે.

ચેક પોસ્ટ ઉપર થતો ભ્રષ્ટાચાર દૂર કરવા માટે સરકાર દ્વારા કરોડોના ખર્ચે અત્યાધુનિક દેશની પ્રથમ કોમ્પ્યુટરાઈઝડ ચેકપોસ્ટ બનાવાઈ છે. પરંતુ તેમ છતાં આવક વધવાને બદલે આળકમાં ઘટાડો જ થતો રહ્યો છે. ચેકપોસ્ટ આધુનિક બની તે પહેલાં ૨૦૧૬-૧૭ના ફેબ્રુઆરીમાં આવક ૪૯.૩૩ કરોડ નોંધાઈ હતી.

જયારે આધુનિક બન્યા બાદ આવકમાં વધારો થવાને બદલે ફેબ્રુઆરીમાં ૪૭.૪૨ કરોડની આવક થઈ છે. જે ૩.૮૬ ટકાનો ઘટાડો દર્શાવે છે.

આપને જણાવી દઈએ કે,હાલ આ ચેકપોસ્ટ ઉપરથી રોજના ૮ હજાર એટલેકે મહિના દરમિયાન ૨.૪૦ લાખ લોડિંગ વાહનો અવર જવર કરે છે.

## અરવલ્લીમાંથી ચપ્પલનાં બોક્સમાંથી રૂા.૪ લાખનો દારૂ ઝડપાયો

(જી.એન.એસ) શામળાજી

જિલ્લામાંથી દારૂની હેરાફેરીમાં એક નવો જ કીમિયો હવે સામે આવ્યો છે. શામળાજીનાં અણસોલ નજીકથી

ચપ્પલનાં બોક્સની આડમાં લવાતો દારૂ ઝડપાયો છે. પોલીસે ચપ્પલનાં બોક્સમાંથી રૂ.૪ લાખનો દારૂ ઝડપી પાડ્યો છે.

આ સાથે જ દારૂ લઈને આવતાં હરિયાણાનાં બે શખ્સોની અટકાયત પણ કરવામાં આવી છે અને ટ્રક દારૂ સહિત કુલ ૧૪.૮૧ લાખનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે અગાઉ કેટલાંક સમય પહેલાં Govt Of Gujarat લખેલ ગાડીમાંથી દારૂ ઝડપાયો હતો. અધધધ લગભગ ૪ લાખ ૪૪ હજારનો વિદેશી દારૂ પોલીસે ઝડપ્યો હતો. થરાદનાં ચાંગડા ગામ પાસેથી પોલીસે ગુજરાત સરકાર લખેલી ગાડીનો પીછો કર્યો હતો. જો કે બાદમાં આ મામલે ગુનો નોંધીને થરાદ પોલીસે ડ્રાઈવરની અટકાયત કરી છે અને વધુ તપાસ પણ આરંભી છે.

**પાટણમાં પ્રેમનો કરૂણ અંજામ**

## પ્રેમીએ કુદરતી હાજતે ગયેલી પ્રેમીકાને છરીના ઘા ઝીંકી પતાવી દીધી

(જી.એન.એસ) પાટણ

પાટણ તાલુકાના શેરપુરા ગામે રહેતા અને ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતા ઈસમની દિકરીને તે જ ગામમાં રહેતા યુવાન સાથે ઘણા સમયથી પ્રેમ સબંધ બંધાયા બાદ યુવતિ બપોરના સમયે કુદરતી હાજતે નજીકના ખેતરમાં ગયેલ હોઈ અને ગામમાં જ રહેતો તેનો પ્રેમી ત્યાં આવી ચડતા તેણે છરીના ઘા ઝીંકી તેની પ્રેમીકાને મોતને ઘાટ ઉતારી દીધી હતી તો બીજી તરફ કુદરતી હાજતે ગયેલ દિકરી પરત ઘરે ન આવતા તેની મા તેની શોધવા નીકળતા અને તેની માં ને જોઈ પ્રેમી યુવાન ત્યાંથી ભાગી જતા શંકામાં આવેલ યુવતિની માતાને ત્યાં જઈ તપાસ કરતા લોહીથી લથપત હાલતમાં તેની દિકરીને પડેલ જોઈ આ બાબતે પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે આવી ફરિયાદીની ફરિયાદ નોંધી પ્રેમી યુવાનને પકડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

પાટણ તાલુકાના શેરપુરા ગામે રહેતા અને નજીકમાં આવેલ અનાવાડા ગામના પટેલની જમીન ઉપર ખેત મજૂરી કરી ગુજરાન ચલાવતા દિનેશજી રૂપાજી ઠાકોરની દિકરી સોનલબેન(ઉ.વર્ષ.૧૮) ને તેના જ ગામમાં રહેતા અને પાટણ ગામે મીઠાઈની દુકાનમાં મજુરી કામ કરતા ઠાકોર જયેશજી ગાંડાજી સાથે પ્રેમ સબંધ બંધાયો હતો. છેલ્લા ઘણા સમયથી પ્રેમ સબંધમાં રહ્યા બાદ યુવતિ સોનલની સગાઈ બહુચરાજી વિસ્તારમાં કરી દેવાઈ હતી. તા.૩૦/૩/૨૦૧૮ નાં રોજ બપોરના સમયે સોનલબેન ઘરમાં ટી.વી. જોયા બાદ કુદરતી હાજતે નજીકના ખેતરમાં જતા અને ત્યાં એકાએક તેનો પ્રેમી ઠાકોર જયેશજી આવી જતા તેને છરીના ઘા ઝીંકી સોનલબેનની હત્યા કરી નાંખી હતી.

આ બાબતની જાણ પાટણ તાલુકા પોલીસ મથકે કરતા પાટણ તાલુકા પોલીસે ઘટના સ્થળે આવી યુવતિની લાશને પી.એમ. અર્થે પાટણ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી.

## આઠ પરગણા ગુર્જર વઢિયાર પ્રજાપતિ સમાજના નવા હોદ્દેદારોની વરણી




રાધનપુર

શ્રી આઠ પરગણા ગુર્જર વઢિયાર પ્રજાપતિ સમાજની સાધારણ સભા હારીજ મુકામે મળી ગઈ ,જેમાં બહોળી સંખ્યામાં સમાજના ભાઈ-બહેનો અને મોભીઓની ઉપસ્થિતિમાં આગામી ત્રણ વર્ષ માટે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી,જેમાં પ્રમુખ તરીકે પુનાભાઈ શીવાભાઈ પ્રજાપતિ (સાંકરા), મંત્રી તરીકે દશરથભાઈ દેવાભાઇ પ્રજાપતિ (બંધવડ),ઉપપ્રમુખ સુરેશભાઈ નરસંગભાઈ ઓઝા(માનપુરા) અને સહમંત્રી તરીકે શિવરામભાઈ મનજીભાઈ પ્રજાપતિ (રૂગનાથપુરા) ની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. પ્રજાપતિ સમાજના આઠ પરગણામાં રાધનપુર, વારાહી, સમી,તેરવાડા,ઉણ,ખાખલ,વાંસા, મુજપુર પરગણાનો સમાવેશ થાય છે.સમગ્ર કાર્યક્રમનો ખર્ચ વાંસા પરગણા દ્વારા કરવામાં આવ્યો હતો.જેમાં ભોજનદાતા તરીકે તેજાભાઈ રામજીભાઈ પ્રજાપતિ (એકલવાવાળા)અને મંડપ દાતા તરીકે જયંતીભાઈ ભીખાભાઈ પ્રજાપતિ (ચાબખાવાળા) તેમજ ચા-નાસ્તાના દાતા તરીકે શિવરામભાઈ પ્રજાપતિ, મહાદેવભાઈ પ્રજાપતિ અને હસમુખભાઈ પ્રજાપતિએ લ્હાવો લીધો હતો.

## વારાહી વિદ્યુત સબ સ્ટેશનમાં વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં વિદાય સમારંભ યોજાયો



વારાહી

વારાહી વિધુત સબ સ્ટેશનમાં ફરજ બજાવતા કર્મચારી એસ યુ સૈયદ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં કાંકરેજ કચેરીના કાર્યપાલક ઈજનેર વિષાદ હાજર રહ્યા હતા. કાર્યક્રમ સંચાલન વોરાજીએ કર્યું હતું.

જયારે આભાર વિધિ ગુજરાત વિદ્યુત મજદૂર સંઘના મંત્રી એમ એ મુસબજીએ કરી હતી.વારાહી GEBકચેરીમાં નિવૃત્ત કર્મીને વિદાય પ્સંગે ચિરાગ પ્જાપતિ નિતીન પ્ જાપતિ વિજય ભાઈ હાજર રહેલ ૩૦/૩/૧૮નારોજ ૬૬કેવી વારાહી સબ સ્ટેશન માં ફરજ બજાવતા એસ. યુ. સૈયદ વય મર્યોદાના કારણે રીટાયડે થતા હોઈ તેમના વિદાય સમારંભનુ આયોજન કરેલ જેમાં દુર દુરથી લાગણી માગણીને માન આપી બહોળી સંખ્યામાં હાજર રહી એક અદભુત રીતે વીદાય કરેલછે જે કાયૅક્રમ ને સફળ બનાવા ડીવી. જેટકો વખાના કાર્યપાલક ઈજનેર વીસાદ સર હાજર રહેલ

કાર્યક્રમને સફળ બનાવા વારાહી સબસ્ટેશનન સ્ટાફે સારી જહેમત ઉઠાવેલ એવી વોરા સભાનું સંચાલન કરેલ તથા આભાર વીધી ગુજરાત વિદ્યુત મજદુર સંઘ ના મંત્રી એમ. એ. મુસબજી કરેલ.

### એસ.સી. એસ.ટી. એક્ટમાં સુધારા સામે દલિત સમાજ લાલઘૂમ

# પાલનપુરમાં ભારત બંધના એલાનને મોળો પ્રતિસાદ





(સંજય જોષી)

### દલિત સમાજ બંધ કરાવવા રોડ પર ઉતર્યો : ૫ ની અટકાયત : બ.કાં. જિલ્લા કોંગ્રેસ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયું

પાલનપુર

સુપ્રિમ કોર્ટ દ્વારા એસ.સી, એસ. ટી. એક્ટમાં સુચવાયેલા સુધારાને પગલે દેશભરના દલિત સમુદાયમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. ત્યારે આજે અપાયેલા ભારતબંધના એલાનને પાલનપુરમાં નબળો પ્રતિસાદ સાંપડ્યો હતો. સરકાર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કરતા બંધ કરાવવા નીકળેલા દલિત સમાજના પાંચ જેટલા કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ પર થતા અત્યાચાર સામે ૧૯૮૯ માં બનેલા અટ્રોસિટી એક્ટના થતા દુરુપયોગ સામે સુપ્રીમ કોર્ટે સૂચવેલા સુધારાના પગલે આ કાયદો અર્થહીન બની જશે તેવી દહેશત વ્યક્ત કરતા તેનો વિરીધ વ્યક્ત કરવા દલિત સમાજ દ્વારા આજે ભારત **અનુસંધાન પાના નં.૬**

### વડગામ ધારાસભ્યના મત વિસ્તારમાં ભારત બંધનું એલાન નિષ્ફળ

હાલમાં ચાલતા એટ્રોસીટીના કાયદામાં સુપ્રિમ કોર્ટ દ્વારા ફેરફાર કરતાં ભારતના દલિત સંગઠનો અને વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા ૨ એપ્રિલના રોજ ભારત બંધનું એલાન જાહેર કરવામાં આવ્યું હતું. પણ આ ભારત બંધને લઈ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીના મત વિસ્તાર વડગામમાં કોઈ પણ જાતનો બંધ હોય તેવો માહોલ જોવા મળ્યો નહોતો. અને લોકોમાં ચર્ચા થઈ હતી કે દલિત નેતા અને વડગામ ધારાસભ્ય જીગ્નેશ મેવાણીનો મત વિસ્તાર હોવા છતાં સોમવારે વડગામમાં ભારત બંધના એલાનનો કોઈ પણ પ્રકારનો પ્રતિભાવ જોવા મળ્યો નહોતો. ત્યારે સોમવારે વડગામમાં આવેલી બધી સરકારી કચેરીઓ અને દુકાનો સંપૂર્ણપણે ચાલુ રહેવા પામી હતી.

### દલિત સમાજના સમર્થનમાં ઉતરી બનાસકાંઠા કોંગ્રેસ



દલિત સમાજના સમર્થનમાં આજે કોંગ્રેસ પણ ઉતરી હતી. બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ. જ્યાં ધારાસભ્ય મહેશભાઈ પટેલ, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશદાન ગઢવી, જિલ્લા પંચાયત પ્રમુખ પીનાબેન ઠાકોર, ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, ધારસિંહ ખાનપુરા, કાંતિભાઈ ખરાડી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં હાઇવે પર ટાયરો સળગાવી ચક્કાજામ કર્યો : એસ.ટી. વ્યવહાર ખોરવાયો





(ભરત સુંદેશા)

### દલિત સંગઠનના ૩૦ થી વધુ લોકોની અટકાયત કરી

ડીસા

ડીસામાં ગઈકાલે દલીત સંગઠન દ્વારા સુપ્રીમ કોર્ટ દ્વારા એસ.સી./એસ.ટી.એક્ટ નાં સુધારા મુદ્દે ના.કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું. બાદમાં દલીત સંગઠનએ રેલી યોજી ડીસા એરપોર્ટ ચાર રસ્તા પાસે બાબા સાહેબ આંબેડકરના બાવળાને પુષ્પહાર પહેરાવ્યા બાદ નેશનલ હાઈવે ચક્કજામ કર્યો હતો.બાદમાં દીપક હોટલ પાસે ટાયરો સળગાવી વિરોધ પ્રદર્શન કર્યો હતો. બનાવના પગલે પોલીસ સ્ટાફ ઘટના સ્થળે ખડકાઈ જઈ સળગતા ટાયરોને દુર કરી અંદાજીત૩૦ વધુ લોકોની અટકાયત કરી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા એસ.સી./એસ.ટી.એક્ટ સુધારા મુદ્દે ડીસા ખાતે સોમવારે દલીત સમાજનાં લોકો ડીસાના સાઈબાબા મંદિર પાસે એકત્ર થયા હતા. બાદમાં આ તમામ લોકો શહેરના ના.કલેક્ટર કચેરી ખાતે જઈ આવેદન પાઠવ્યું હતું. બાદમાં દલીત સંગઠને રેલી રોજી એરપોર્ટ ચાર રસ્તા પાસે પહોચ્યા હતા. જ્યાં દલીત સંગઠનનાં લોકોએ ડો.બાબા સાહેબ આંબેડકરના બાવલાને હાર પહેરાવી સુત્રોચાર કર્યા હતા.બાદમાં એરપોર્ટ ચાર રસ્તા પાસે રસ્તા રોકો અંદોલન કર્યું હતું ઉપરાંત દીપક હોટલ ચાર રસ્તા પાસેના નેશનલ હાઈવે માર્ગ પર ટાયરો સળગાવી રસ્તા રોક્યા હતા. બનાવના પગલે વાહનોની કતારો જામી હતી. જોકે તત્કાલ ડી.વાય.એસ.પી. એચ.કે.વાઘેલા, ઉ.પોલીસ પી.આઈ.જે. એન.ખાંટ સહિતનો પોલસ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ટાયરો પર પાણીનો છંટકાવ કરી ટાયરો દુર કરી માર્ગ ખુલ્લા કરાવ્યા હતા. બનાવના પગલે અફડાતફડી મચી જવા પામી હતી. જોકે પોલીસે પાંત્રીસ વધુ લોકોની અટકાયત કરી હતી તેઓને પોલસ મથકે લઇ જવામાં આવ્યા હતા.

ડીસામાં બંધના એલાનનાં પગલે ધાનેરા, થરાદ સહીતનાં રૂટો મળી કુલ ૧૫૦૦ કી.મી. જેટલા રૂટનો બસોની અવર-જવર અટકાવી દેવાઈ હતી. જોકે વ્યવસ્થાના ભાગરૂપે બસો થોડાક સમય માટે બંધ કરવામાં આવી હતી. જોકે બાદમાં પરીસ્થીતી પર કાબુ થતા તમામ બસો યથાવત કરી દેવામાં આવી હતી.

# ધાનેરામાં પરશુરામ યાત્રા પર પથ્થર મારો : એકને ઈજા



એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં આજે ભીમસેના સહિત દલિતો દ્વારા બંધનું એલાન હતું. જેમાં સવારથી સાંજ સુધી સમગ્ર ધાનેરા શહેર બંધ રહ્યું હતું જેમાં લોકો સહકાર આપી સમગ્ર ધંધા રોજગાર બંધ રાખ્યા હતા. જ્યારે સાંજે પરશુરામ યાત્રા જે ભારત ભ્રમણ કરી રહી છે. તે ધાનેરા ખાતે આવી હતી. જે યાત્રા ધાનેરાના જાહેર માર્ગો પર નીકળી હતી ત્યારે બંધના મુદ્દે કેટલાક તત્વો દ્વારા ધાર્મિક લાગણીને પણ ન સાચવી પરશુરામ યાત્રા પર પથ્થરમારો કરવામાં આવતા કેટલાક તત્વો અને બ્રાહ્મણો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું જે ને તાત્કાલિક પોલીસે દરમિયાનગીરી કરી મામલો શાંત પાડયો હતો. પરંતુ બનાવને લઈને શહેરમાં તંગદીલી સર્જાઈ હતી. જેના પગલે પોલીસ કાફલો ખડકી દેવામાં આવ્યો હતો.

# ધાનેરામાં સંપૂર્ણ બંધ પાળી ચક્કાજામ કર્યો





(એન.કે.મોદી)








### રોડ ઉપર ટાયરો સળગાવી વિરોધ દર્શાવ્યો

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં ગઈકાલે ભારત બંધના એલાનને દલિત સમાજે સંપૂર્ણ સફળ બનાવ્યો હતો. જેમાં દુકાનો હોટલો શાકભાજી વગેરે તમામ બંધ કરાવી શહેરના પ્રવેશદ્વારે રેલ્વે પુલ, થાવર જવાના રસ્તા ઉપર, થરાદ જવાનો રસ્તો બ્લોક કરી વાહનો રોકી રખાયા હતા.

ધાનેરા દલિત સમાજના અંદાજે ૨૦૦ થી ૫૦૦ કાર્યકર્તાઓ દ્વારા ચાર ટીમો બનાવવામાં આવી હતી.

જેમાં ૧ ટીમ બજારમાં અને બાકીની ટીમો ધાનેરાના પ્રવેશદ્વારોએ રસ્તા બ્લોક કરી ટાયરો સળગાવી વિરોધ નોંધાવ્યો હતો. પોલીસે આ વખતે ઘણી જ સંયમ ભરી સ્થિતિ જાળવી રાખી હતી.

જેથી કોઈ અણબનાવ થવા પામ્યો ન હતો. દલિત સમાજના કરશન ભાઈ રાયચંદભાઈ વાઘેલા, રમેશભાઈ માજીરાણા, ચેતનભાઈ સોલંકી, સુરેશભાઈ ગલચર, હિતેષભાઈ સોલંકી, ઈશ્વરભાઈ પરમાર, ભરત ભાઈ ડાભી, પ્રવિણભાઈ ગલચર વગેરે કાર્યકર્તાઓની આગેવાની હેઠળ ભારતબંધના એલાનને સફળ બનાવ્યો હતો.

# વાવ ખાતે સુપ્રિમ કોર્ટના ચુકાદાની વિરોધમાં દલિત સમાજનું વિરોધ પ્રદર્શન





વિષ્ણુ પરમાર

તાલુકા પ્રતિનિધિ વાવ

તાજેતરમાં અનુસુચિત જાતિ- અનુસુચિત જનજાતિ અત્યાચાર નિવારણ અધિનિયમ-૧૮૮૯ ના સંદર્ભમાં સુપ્રિમ કોર્ટે આપેલા ચુકાદાના વિરોધમાં દલિત અધિકાર મંચના રાષ્ટ્રીય કન્વીનર જીગ્નેશ મેવાણીએ આપેલા ભારત બંધના એલાનના સંદર્ભે ગતરોજ વાવ તાલુકાના અનુસુચિત જાતિ- અનુસુચિત જનજાતિના લોકોએ વાવ ખાતે વિરોધ દર્શાવ્યો હતો. જેથી સૌપ્રથમ મામલતદાર કચેરી ખાતે સવારે ૧૧/૦૦ થી બપોરે ૧/૩૦ સુધી ધરણાંનો કાર્યક્રમ યોજ્યા બાદ મામલતદારને આવેદનપત્ર પાઠવી બપોરે વાવ હાઈવે ઉપર વાહનો રોકાવી ટાયરો સળગાવી સુત્રોચ્ચાર પોકારી ચક્કાજામ કર્યો હતો. જે સંદર્ભે બ.કાં. જિલ્લા દલિત સંગઠનના જનરલ સેક્રેટરી શાંતિલાલ રાઠોડે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે રાષ્ટ્રના કાયદાના ઘડવૈયા એવા ડૉ.આંબેડકર સાહેબના કાયદા ઉપર તરાપમાં આવી છે. જેના વિરોધમાં અમો અમારી માંગણીઓને **અનુસંધાન પાના નં.૬**

# પિલુચા પુલ વચ્ચે અને મેગાળ ચોકડી પર દલિત સંગઠનો દ્વારા ટાયર સળગાવીને વિરોધ દર્શાવ્યો



ભાવેશ શ્રીમાળી

પ્રતિનિધિ પિલુચા

સુપ્રિમ કોર્ટ દ્વારા એસ.સી., એસ.ટી. (અત્યાચાર નિવારણ)એક્ટ ૧૯૮૯ અંતર્ગત આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવાની જોગવાઈને અર્થહીન બનાવાઈ છે. જેથી દેશભરમાં દલિત સંગઠનોએ બીજી એપ્રિલે ભારત બંધનું એલાન આપ્યું હતું. જેના અન્વયે બનાસકાંઠાના વડગામ તાલુકાના પિલુચા-નગાણા પુલ વચ્ચે તેમજ મેગાળ ચોકડી પર ટાયરો બાવરો સળગાવીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો.

વડગામ- ખેરાલુ હાઈવે નં.૫૮ પિલુચાથી પ્રસાર થાય છે. જેથી ટાયર સળગાવીને ટ્રાફિક જામ કરાયો હતો અને દલિત સંગઠનો દ્વારા ટાયર સળગાવીને બાબાસાહેબ આંબેડકરના નારા લગાવ્યા હતા. જો કે પોલીસને જાણ થતાં ઘટનાસ્થળે દોડી આવી ને તાત્કાલિક સળગતા ટાયરો રસ્તા વચ્ચેથી દુર કરીને હાઈવેને ખુલ્લો કરાયો હતો. ત્યારબાદ વાહન વ્યવહાર રાબેતા મુજબ શરૂ થયો હતો.

# થરાદમાં વેપારીઓએ સવારે બંધ રાખ્યા બાદ અડધુ બજાર ખુલુ રહ્યું



(વિષ્ણુ દવે)

### શહેરના ચારરસ્તા પર ટાયરો સળગાવી ચક્કાજામ કરતાં પોલીસે અગ્રણી કાર્યકરોની અટકાયત કરી

(પ્રતિ.) થરાદ

એસસી/એસટી એક્ટમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કરવામાં આવેલાં ફેરફાર વિરૂદ્ધ દેશભરમાં દલિત સંગઠનોએ બંધનું એલાનનો થરાદમાં સોમવારે મિશ્ર પ્રતિભાવ જોવા મળ્યો હતો.જેમાં સવારથી જ નગરના મોટાભાગના વેપારી ઓએ સ્વેચ્છાએ પોતાના ધંધારોજગાર બંધ રાખતાં દલિત સમાજે તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. જોકે તે પુર્વે કેટલાક વેપારીઓએ પોતાની દુકાનો ચાલુ કરતાં યુવકો અને આગેવાનોએ બજારમાં ટોળા સ્વરૂપે વેપારીઓને બળજબરી પુર્વક બંધ કરવાની ફરજ પાડતાં ક્ષણિક ઉશ્કેરાટનો માહોલ ઉભો થવા પામ્યો હતો. જોકે પોલીસે ટોળાને વિખેરતાં શહેરના બળીયા હનુમાન ચોકમાં બેસી જઈને દલિત સમાજે સુત્રોચ્ચાર બાદ ડૉ બાબાસાહેબના બાવલાથી રેલી સ્વરૂપે પ્રાંતકચેરીમાં તથા પોલીસમથકમાં ધસી આવી આવેદનપત્ર આપ્યું હતું. ત્યાંથી શહેરના કૉગ્રેસ કાર્યાલય અને શહેરના હાઈવે ચારરસત્તા પર ટાયરો સળગાવી ચક્કાજામ કરી ટ્રાફિકને અડચણ ઉભી કરતાં પોલીસે તેમની અટકાયત કરી હતી.થરાદમાં પોલીસે ૧૬ સ્થળે પોઈન્ટ ગોઠવી ૨૨ બોર્ડરવિંગ તથા ૩૫ પોલીસ

**અનુસંધાન પાના નં.૬**

# અમીરગઢમાં દલિત સમાજ દ્વારા વિરોધ પ્રદર્શન



(વિશાલ નાઈ)

પ્રતિ. અમીરગઢ

હાલમાં સુપ્રિમકોર્ટના ન્યાયધીશો દ્વારા અપીલ નં.૪૧૬/૨૦૧૮ ના ચુકાદાને કારણે અધિનિયમ ૧૯૮૯ ને હળવો બનાવવાના નિર્ણય સામે સમગ્ર અમીરગઢ તાલુકાના અનુ.જાતિ અને અનુ જનજાતિ દ્વારા વિશાળ રેલી કાઢી, સખત વિરોધ દર્શાવી, સર્વોચ્ચ અદાલત દ્વારા આપવામાં આવેલ નિર્ણયને વખોડીને મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. અમીરગઢ તાલુકાના આગેવાનો તથા સ્થાનિક આદિજાતિ અને અનુ.જાતિના **અનુસંધાન પાના નં.૬**

**પ્લોટ વેચવાનો છે**

**ડીસાના ઝડપથી વિકાસ પામતા વિસ્તારમાં તમામ સુવિધાઓ જેવી કે, અંડર ગ્રાઉન્ડ ગટર, વિજ કનેક્શન, પાણીની ૨૪ કલાકની સુવિધા, ડેવલોપ કોમન પ્લોટ, બાળકોના રમવા માટેના સાધનો વગેરે સુવિધાથી સજ્જ... સોસાયટીમાં પ્લોટ વેચવાનો છે.**

**॥ સંપર્ક કરો ॥**

**મો.૯૯૯૮૭૦૯૪૨૬**

### લગ્નગ્રંથીએ જોડાયા છીએ



અમો ડીસા તાલુકાના મુડેઠા નિવાસી પરમાર નરેશભાઈ કરમશીભાઈ અને વાવ તાલુકાના કુંભારખા નિવાસી વણોલ નિવાસી કવિતાબેન ગંગારામભાઈ સાથે તા.૨૪-૩-૨૦૧૮ ના રોજ ગેનાજી ગોળિયા સ્થળે હિન્દુ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક લગ્નગ્રંથીથી જોડાયા છીએ જેની સર્વે નોંધ લેવી.

લિ. નરેશભાઈ કરમશીભાઈ પરમાર
કવિતાબેન ગંગારામભાઈ વણોલ

# જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, મોજે ગામ આખોલ નાની, તા.ડીસા, જિ.બનાસકાંઠાની હદમાં આવેલ રે.સ.નં. ૧/૧ ની રહેણાંકના હેતુની બીનખેતીની જમીનમાં આવેલ પ્લોટ નં.૬ તથા ૭ ની કુલ ક્ષેત્રફળ ૮૨૮.૭૫ ચો. મીટર (૮૯૧૭.૩૫ ચો.ફૂટ) વાળી મિલ્કત શ્રીમતી મથુરાબેન ખેરાજભાઈ કીરીની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટા વાળી કોઈપણ જાતના બોજા વગરની અને સદરહું મિલ્કતનું ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને પ્લોટ નં.૭ ની ૪૧૪.૩૭૫ ચો. મીટર જમીન કાયદેસરના અવેજસર તમામ પ્રકારના હકક, હિત, અધિકાર સહીત તબદીલ કરવા માંગે છે અને અમારા અસીલશ્રી કાયદેસરના અવેજ ચુકવીને સદરહું મિલ્કતનો ધોરણસરનો પાકો રજીસ્ટર્ડ દસ્તાવેજ તેમજ મિલ્કતનો કબજો - ભોગવટો લઈ મિલ્કત ખરીદવા માંગે છે. જેથી સદરહું મિલ્કત અમારા અસીલને તબદીલ કરવા સામે સદરહું મિલ્કતમાં કોઈપણ પ્રકારના હકકની રૂએ કોઈપણ પ્રકારનો કોઈપણ વ્યકિત યા કોઈપણ સક્ષમ સત્તાધિકાર બેંક કે અન્ય મંડળીનો વાંધો કે તકરાર હોય કે કોઈપણ જાતનું હકક, હિત, હિસ્સો પોષાતો હોય તો તે અંગેની લેખીત જાણ અમોને પુરાવાઓ સહીત આ નોટીસ મળેથી દિન - ૭ માં નીચેના સરનામે કરવી જો તેમ કરવામાં નહીં આવે તો સદરહું મિલ્કતમાં કોઈ વ્યકિતનો કોઈપણ પ્રકારનો હકક, હિત, અધિકાર પોષાતો નથી અને જો પોષાતો હોય તો તે જતો (Waive)કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદરહું ઉપરોકત વર્ણન અને વિગતવાળી મિલ્કતનો કાયદેસરનો અવેજ ચુકવી ધોરણસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લઈ જમીનનો કબજો - ભોગવટો ખરીદ કરશે જેની ખાસ નોંધ લેશો.

સરનામું :
હિતેષ ડી. શાહ, એડવોકેટ
ઠે.રાજ રત્ન કોમ્પ્લેક્ષ,
મામલતદાર ઓફિસ સામે,
નવા બસ સ્ટેશન રોડ, ડીસા, તા.ડીસા
(મો.૯૮૯૮૬૧૬૦૨૩)

(હિતેષ ડી. શાહ)
એડવોકેટ, ડીસા